# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425






13 JANUARY, 2026 TUESDAY



પેજ 2  જડીયાલી ગામમાં અનાજનું બારોબારીયુ ઝડપાયું

પેજ 3  ખાતર ખેડૂતોને લાઈનોમાં ઊભા રહીને પણ મળતું નથી

પેજ 7  આંબેડકર ઓપન યુનિવર્સિટીએ વિવિધ કોર્સની ફીમાં 3000થી 15 હજાર સુધીનો વધારો કર્યો

પેજ 5 પોરબંદર એસ.ટી. ડેપોના સ્ટેન્ડ ઈન્ચાર્જે કિંમતી આઈ-ફોન મૂળ માલિકને પરત કર્યો



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 297 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### કોંગ્રેસનો કૌભાંડનો આરોપ, તપાસની માગ

# સરકારે જેમને રૂ. 10 હજાર કરોડ આપ્યા તેમાં 94 ટકા ખાતા નકલી!

## 61 લાખ ટ્રેનર્સની અધૂરી માહિતી : 7 વર્ષમાં 10 હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ



• નવી દિલ્હી

કોંગ્રેસે મોદી સરકારની પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PM-KVY)પર સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસના નેતા કન્નન ગોપીનાથને સરકાર પર આરોપ લગાવતા કહ્યું કે, 'આ લોકો (BJP) કૌભાંડ કરવામાં એટલાં કુશળ થઈ ગયા છે કે તેઓ હવે 31 ફેબ્રુઆરીએ પણ તાલીમ આપી રહ્યા છે. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા CAGનો રિપોર્ટમાં વર્ષ 2015થી 2022 સુધીના PMKVY યોજનાના પરફોર્મન્સ અંગેની જાણકારી આપવામાં આવી છે.

આ રિપોર્ટમાં PMKVY માં મોટાપાયે કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ મિશન નામનો એક પ્રોગ્રામ હતો, જેનું મોદી સરકારે નામ બદલીને પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના એટલે કે PMKVY રાખ્યું. સરકારે આ યોજના માટે 7 વર્ષમાં 10 હજાર કરોડ રૂપિયા વિતરણ કર્યું, જેમાં 94.53 ટકા લાભાર્થીઓના બેંક ખાતા નકલી હોવાનું સામે આવ્યું છે.

આશરે 61 લાખ ટ્રેનર્સ વિશે અધૂરી માહિતી પૂરી પાડવામાં આવી છે. PMKVY હેઠળ તાલીમ પૂર્ણ થઈ છે કે નહીં તે ચકાસવા માટે મૂલ્યાંકનકારો જવાબદાર છે, પરંતુ આમાંથી 97 ટકા મૂલ્યાંકનકારો વિશેની કોઈ માહિતી નથી. તાલીમ પૂર્ણ કરનારાઓ પાસેથી ઈમેઈલ અને મોબાઈલ નંબર એકત્રિત કરવામાં આવે છે. જેમાં આશરે 1 લાખ ઈમેઈલ એકત્રિત કરવામાં આવ્યા હતા, અને તે જ ઈમેઈલનો ઉપયોગ 1 કરોડ લોકો માટે કરવામાં આવ્યો હતો.કોંગ્રેસ નેતાએ કહ્યું કે, 'નીલિમાં મૂવિંગ પિક્ચર્સ નામની કંપનીએ PMKVY હેઠળ 33 હજાર લોકોને ટ્રેનિંગ આપી છે, પરંતુ આ કંપનીએ છેલ્લા 5-6 વર્ષથી બંધ છે. ટ્રેનિંગના ભાગરૂપે એક જ ફોટોગ્રાફસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેને જુદા-જુદા જગ્યાએ તેનો ઉપયોગ કરીને ટ્રેનિંગ અપાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જયપુર કલ્ચરલ સોસાયટી નામના ટ્રેનિંગ પાર્ટનરે જણાવ્યું હતું કે, તેઓએ 31 ફેબ્રુઆરીના રોજ ટ્રેનિંગનું આયોજન કર્યું હતું.'

કન્નન ગોપીનાથને વધુમાં કહ્યું કે, 'આ લોકો સ્કેમ કરવામાં એટલા હોશિયાર થઈ ગયા છે કે હવે 31 ફેબ્રુઆરીના દિવસે પણ ટ્રેનિંગ યોજી રહ્યા છે. છેલ્લા 7 વર્ષમાં 10 હજાર કરોડ રૂપિયા એવા લોકોમાં વિતરણ કર્યા છે કે, જેમના ન ફોન નંબર છે અને ન તો સાચા ઈમેઈલ એડ્રેસ. PMKVY હેઠળ ટ્રેનિંગ પાર્ટનર્સના એનરોલમેન્ટ, સર્ટિફિકેશન અને પ્લેસમેન્ટના સમયે પૈસા આપવામાં આવે છે.'

આ ઉપરાંત, જ્યારે કેરળની એક કંપનીમાં ઓડિટ કરવામાં આવ્યું ત્યારે જાણવા મળ્યું કે કોઈ પ્લેસમેન્ટ કરવામાં આવ્યું નથી. PMKVYના દરેક સ્તરે ટ્રેનિંગથી લઈને રજિસ્ટ્રેશન, સર્ટિફિકેટ અને પ્લેસમેન્ટ સુધી ભ્રષ્ટાચાર થયો છે. આ બાબતની સંપૂર્ણ તપાસ થવી જોઈએ. આ મામલે કોંગ્રેસ નેતાએ ઉચ્ચ સ્તરીય તપાસની માગ કરી છે.

## ઈતિહાસમાં પહેલીવાર સાઉથ બ્લોકને 'અલવિદા' કહેશે PMO! સેવા તીર્થમાં શિફ્ટ થશે વડાપ્રધાનનું કાર્યાલય

• નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે(14 જાન્યુઆરી, 2026) થી નવા PMO કાર્યાલય 'સેવા તીર્થ' પરિસરમાં શિફ્ટ કરશે. આમ ઈતિહાસમાં પહેલીવાર સાઉથ બ્લોકને 'અલવિદા' કહેશે PMO. કેન્દ્ર સરકારની મહત્ત્વકાંક્ષી સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ પરિયોજનાનો મહત્ત્વનો એક ભાગ છે. વહીવટીતંત્રમાં સુમેળ અને કાર્યોને વધુ યોગ્ય બનાવવાના ઉદ્દેશ્ય સાથે આ નિર્ણય લેવાયો છે.

નવી વ્યવસ્થા હેઠળ વડાપ્રધાન કાર્યાલય હવે 'સેવા તીર્થ-1' ભવનમાં સંચાલિત થશે, જે કાર્યપાલિકા પરિસર-1માં વાયુ ભવન પાસે સ્થિત છે. આ પરિસરમાં 'સેવા તીર્થ-2' અને 'સેવા તીર્થ-3' ભવન પણ છે. સપ્ટેમ્બર, 2025 પહેલા જ 'સેવા તીર્થ-2'માં કેબિનેટ સચિવાયલ શિફ્ટ થઈ ગઈ છે. જ્યારે 'સેવા તીર્થ-3' માં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયનું કાર્યાલય સ્થાપિત કરાશે.

આ શિફ્ટિંગ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે, કારણ કે સ્વતંત્રતા પછીથી વડાપ્રધાન કાર્યાલય સાઉથ બ્લોકમાં સ્થિત હતું. સાઉથ અને નોર્થ બ્લોક ખાલી કર્યા પછી, તેને 'યુગે યુગીન ભારત સંગ્રહાલય' માં રૂપાંતરિત કરવામાં આવશે. જેનાથી જનતા ભારતની વહીવટી અને ઐતિહાસિક યાત્રાને સમજી શકશે.

## SC/ST અનામતમાં ક્રિમી લેયર લાગુ કરાશે? સુપ્રીમ કોર્ટની કેન્દ્ર-રાજ્ય સરકારોને નોટિસ

**નવી દિલ્હી :** સુપ્રીમ કોર્ટે સોમવારે એક જાહેર હિતની અરજી મામલે સુનાવણી દરમિયાન કેન્દ્ર તથા તમામ રાજ્ય સરકારોને નોટિસ આપી છે. અરજીમાં SC તથા ST અનામતમાં પણ ક્રિમી લેયર સિસ્ટમ લાગુ કરવાની માંગ કરવામાં આવી છે. અશ્વિની ઉપાધ્યાય નામના વકીલે આ અરજી કરી છે. તેમનો તર્ક છે કે SC અને ST વર્ગમાં જે પરિવારની કોઈ એક વ્યક્તિને સરકારી અથવા બંધારણીય પદ મળે, તેમના બાળકોને અનામતનો લાભ મળવો જોઈએ નહીં. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જૉયમાલ્યા બાગચીની બેન્ચ આ મામલે સુનાવણી કરી રહી છે. અશ્વિની ઉપાધ્યાયનું માનવું છે કે અનામતનો ઉદ્દેશ્ય પછાત વર્ગના લોકોને લાભ પહોંચાડવાનો હતો. પરંતુ વર્તમાન વ્યવસ્થામાં અમુક જ પરિવારની પેઢીઓને તેનો લાભ મળી રહ્યો છે. અનામતનો લાભ તે પરિવારોને નથી મળી રહ્યો છે જે ખરેખર વંચિત છે. પહેલાથી લાભ ઉઠાવી રહેલા પરિવારોને જ વારંવાર અનામતનો લાભ મળે છે. સુપ્રીમ કોર્ટે આ મામલે કેન્દ્ર તથા રાજ્ય સરકારોને નોટિસ આપી આ મામલે જવાબ માંગ્યો છે.

## શિખર ધવને છૂટાછેડાના ત્રણ વર્ષ બાદ ગર્લફ્રેન્ડ સોફી સાથે કરી સગાઈ

મુંબઈ : ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ ઓપનર શિખર ધવન પોતાના અંગત જીવનમાં એક નવી શરૂઆત કરવા જોઈ રહ્યો છે. છૂટાછેડા થયાના લાંબા સમય બાદ ધવને તેની ગર્લફ્રેન્ડ સોફી શાઈન (Sophie Shine) સાથે સગાઈ કરી લીધી છે. શિખરે સોમવારે(12 જાન્યુઆરી) ઈન્સ્ટાગ્રામ પર સોફી સાથેની એક રોમેન્ટિક તસવીર શેર કરીને આ સત્તાવાર જાહેરાત કરી છે. શેર કરેલી તસવીરમાં સોફીના હાથમાં હીરાની મોટી અને સુંદર રિંગ જોવા મળી રહી છે. આ સાથે એક સુંદર ડેકોરેશન પણ જોવા મળી રહ્યું છે, જેમાં લાલ ગુલાબ અને મિણબત્તીથી સજાવેલું મોટું દિલ છે.શિખર ધવને સોફી સાથેનો તસવીર શેર કરતા કેપ્શનમાં લખ્યું કે, 'સાથે હસવાથી લઈને સાથે સપના જોવા સુધી. આપણી સગાઈ માટે પ્રેમ, આશીર્વાદ અને દરેક શુભકામનાઓ માટે આભારી છીએ. હવે અમે હંમેશા માટે એકબીજાનો સાથ પસંદ કરીએ છીએ.- શિખર અને સોફી.' આ સમાચાર સામે આવતા જ સોશિયલ મીડિયા પર તેના ફેન્સ અભિનંદન પાઠવી રહ્યા છે. તસવીરમાં શિખર અને સોફી બંને એકસાથે ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સોફી શાઈન અને શિખર ધવન છેલ્લા ઘણા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા. સોફી ઘણીવાર શિખર સાથે જોવા મળતી હતી, પરંતુ બંનેએ અત્યાર સુધી પોતાના સંબંધોને ગુપ્ત રાખ્યા હતા. સોફી વિશે વધુ વિગતો હજુ સામે આવી નથી.

## નેપાળમાં ફરી રાજાશાહીની માંગ, ચૂંટણી પહેલા રસ્તા પર ઉતર્યા લોકો

**કાઠમંડુ :** નેપાળમાં આગામી સામાન્ય ચૂંટણીઓ પહેલા રાજકીય ગરમાવો તેજ થયો છે. રવિવારે રાજધાની કાઠમંડુમાં સેંકડો રાજાશાહી સમર્થકોએ રસ્તા પર ઉતરીને દેશમાં ફરીથી રાજાશાહી સ્થાપિત કરવાની માંગ સાથે વિશાળ રેલી યોજી હતી. 18મી સદીમાં શાહ વંશનો પાયો નાખનાર પૃથ્વી નારાયણ શાહની જન્મજયંતિના અવસરે આયોજિત આ રેલીમાં પ્રદર્શનકારીઓએ 'અમે અમારા રાજાને પ્રેમ કરીએ છીએ' અને 'રાજાને પાછા લાવો' જેવા નારા લગાવ્યા હતા. નોંધનીય છે કે 'જેન-ઝી' આંદોલન અને ત્યારબાદ સપ્ટેમ્બરમાં થયેલી હિંસા પછી રચાયેલી વચગાળાની સરકારના શાસનકાળમાં મોટી સંખ્યામાં રાજશાહી સમર્થકોની રસ્તા પર ઉતર્યા હતા. રાજાશાહી સમર્થકોની દલીલ છે કે વર્ષ 2008માં રાજા જ્ઞાનેન્દ્ર વિક્રમ શાહને ગાદી પરથી હટાવ્યા બાદ અમલી બનેલી ગણતંત્ર વ્યવસ્થા દેશને સ્થિરતા આપવામાં નિષ્ફળ રહી છે. તેમજ પ્રદર્શનકારીઓના મતે વર્તમાન રાજકીય અસ્થિરતા અને અવ્યવસ્થાનો એકમાત્ર ઉકેલ રાજાની વાપસી છે, જે દેશમાં ફરીથી એકતા સ્થાપિત કરી શકે છે. માર્ચમાં યોજાનારી સંસદીય ચૂંટણીઓ પૂર્વે આ આંદોલને નેપાળમાં નવી રાજકીય ચર્ચા જગાવી છે. જોકે, ભૂતકાળમાં આવી રેલીઓ દરમિયાન હિંસા જોવા મળી હતી, પરંતુ આ વખતનું પ્રદર્શન શાંતિપૂર્ણ રહ્યું હતું. તેમ છતાં, વહીવટીતંત્રે સાવચેતીના ભાગરૂપે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત રાખ્યો હતો.

### AIIMSમાં દાખલ, એક અઠવાડિયામાં બીજી વખત થયા બેભાન

## પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની તબિયત બગડી

• નવી દિલ્હી

પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને સોમવારે નવી દિલ્હી ખાતે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન (AIIMS) માં દાખલ કરવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર તેઓ ગત અઠવાડિયે બે વખત બેહોશ થયા હતા, ત્યારબાદ ડૉક્ટર તેમની સ્થિતિ ધ્યાને રાખીને હોસ્પિટલમાં દાખલ કરીને MRI સહિત અન્ય તપાસ કરાવવા માટેની ભલામણ કરી હતી.

10 જાન્યુઆરીએ ધનખડ વોશરૂમ જતા સમયે બે વખત બેહોશ થઈ ગયા હતા. સોમવારે તેઓ નિયમિત તપાસ કરાવવા માટે એઈમ્સ પહોંચ્યા હતા, જો કે ડૉક્ટરે સ્થિતિને જોતા તત્કાલ દાખલ કરવાનો નિર્ણય લીધો હતો. આ



પહેલીવાર નથી જ્યારે ધનખડને જાહેર જીવનમાં આવી સમસ્યાનો સામનો કરવો પડ્યો હોય. ઉપરાષ્ટ્રપતિ રહેવા દરમિયાન પણ તેઓ કચ્છના રણ, ઉત્તરાખંડ, કેરળ અને દિલ્હીમાં અનેક વખત જાહેર કાર્યક્રમો દરમિયાન અસ્વસ્થ થઈને બેહોશ થઈ ચૂક્યા છે.

ઉલ્લેખનીય છે કે, જગદીપ ધનખડે ગત્ત વર્ષે 21 જુલાઈના રોજ પોતાની ખરાબ તબિયતનો હવાલો ટાંકતા ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે પોતાના રાજીનામા અંગે સ્પષ્ટતા કરી હતી કે, હવે તેમની પ્રાથમિકતા સ્વાસ્થ છે અને તેઓ ડોકટરની સલાહનું ગંભીરતાથી પાલન થઈ શકે તે માટે તત્કાલ પ્રભાવથી પોતાની જવાબદારી છોડી રહ્યા છે.

**ઓટો ડ્રાઈવરનું ઢોર માર મારીને મોત નિપજાવ્યું**

સમીર તેમનો મોટો દીકરો હતો, સ્થાનિક મીડિયાનું કહેવું છે કે આરોપીઓનો સંબંધ BNP-જમાત ગ્રુપથી હતો તો બીજી તરફ પોલીસ પણ માની રહી છે કે આ હત્યા સમજી વિચારીને કરવામાં આવી છે

## બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા




• ઢાકા

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યારના બનાવો અટકી નથી રહ્યા, ત્યારે ચટગામમાં વધુ એક હિન્દુ યુવકની કરપીણ હત્યા કરી દેવામાં આવી છે. છેલ્લા એક મહિનામાં 8થી વધુ હિન્દુઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા છે, છતાં પણ બાંગ્લાદેશમાં વચગાળાની યુનુસ સરકાર કાર્યવાહી કરવાને બદલે બસ હાથ પર હાથ ધરીને બેઠી છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ મુજબ સમીર દાસ નામના ઓટો ડ્રાઈવર યુવક પર કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. હુમલાખોરો સમીર પર રીતસરના તૂટી પડ્યા હતા, પહેલા ક્રૂરતાપૂર્વક માર મારી બાદમાં ચાકુ હુલાવી દીધું હતું. કરપીણ હત્યા કરી આરોપીઓ સમીરની સીએનજી રિક્ષા લઈને ભાગી છૂટયા હતા.મૃતક સમીરના પરિવારનું કહેવું છે કે, છેલ્લા કેટલાક દિવસથી કટ્ટરપંથી જૂથના કેટલાક લોકો તેને ધમકાવી રહ્યા હતા. તે સમીર પાસેથી પૈસા પડાવવા માંગતા હતા. સમીર દાસના મોત બાદ તેના પિતા કાર્તિક કુમાર દાસ અને રીના રાની દાસની હાલત બગડી ગઈ છે .સમીર તેમનો મોટો દીકરો હતો, સ્થાનિક મીડિયાનું કહેવું છે કે આરોપીઓનો સંબંધ BNP-જમાત ગ્રુપથી હતો તો બીજી તરફ પોલીસ પણ માની રહી છે કે આ હત્યા સમજી વિચારીને કરવામાં આવી છે, આરોપીઓએ પહેલાથી સમીર દાસની હત્યા કરવાનો પ્લાન બનાવી લીધો હતો. સમીરના પરિવારનું કહેવું છે કે સમીર રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. કોઈ સાથે ઝઘડો પણ કરતો ન હતો. પણ છેલ્લા કેટલાક દિવસથી તેના પર ધમકીભર્યા ફોન આવી રહ્યા હતા અને પૈસાની માંગણી કરવામાં આવતી હતી. આ પહેલા બાંગ્લાદેશમાં દીપું ચંદ્ર દાસ પર ઈશનિંદાનો આરોપ લગાવી તેને જીવતા ભડથું કરવામાં આવ્યો હતો, છેલ્લે કરિયાણાની દુકાન ચલાવતા મોની ચ્રકવર્તીનામના જાણીતા વેપારીની હત્યા થઈ હતી. મિથુન સરકાર નામના યુવકને નદીમાં ડૂબવા મજબૂર કરી તેને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો.

**ડીલ કરો નહીંતર...'** વેનેઝુએલામાં અમેરિકન લશ્કરી કાર્યવાહી દરમિયાન ક્યુબાના 32 સશસ્ત્ર જવાનો માર્યા ગયા છે

# હવે ટ્રમ્પે ક્યુબાને ડીલ કરવા ધમકી આપી

### વેનેઝુએલાથી મળતી સબસિડી બંધ: 'બધું જ ઝીરો'



• વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ક્યુબાને સીધી ચેતવણી આપી છે કે કાં તો તે વોશિંગ્ટન સાથે સમજૂતી કરે અથવા સંપૂર્ણ આર્થિક અલગતા (Economic Isolation) માટે તૈયાર રહે. ટ્રમ્પે દાવો કર્યો છે કે વેનેઝુએલાના તેલ પર નિર્ભર ક્યુબાની અર્થવ્યવસ્થા હવે પતનની આરે છે અને તેની પાસે કોઈ વિકલ્પ બચ્યો નથી. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ અત્યાર સુધી વેનેઝુએલા પર કાર્યવાહી કરી ચૂક્યા છે. ત્યારબાદ તેમણે ઈરાન, ગ્રીનલેન્ડ, કોલંબિયા અને હવે ક્યૂબાને ધમકી આપી છે.

ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર લખ્યું હતું કે, 'વેનેઝુએલાની સબસિડીના સહારે ક્યુબાની અર્થવ્યવસ્થા ચલાવવાનો યુગ હવે સમાપ્ત થઈ ગયો છે. હવે ક્યુબાને ન તેલ મળશે, ન પૈસા. બધું જ ઝીરો છે. હું તેમને કડક સલાહ આપું છું કે તેઓ સમય રહેતા ડીલ કરી લે.' ઉલ્લેખનીય છે કે, ક્યુબા તેની જરૂરિયાતનું 50 ટકા તેલ વેનેઝુએલા પાસેથી મેળવતું હતું. પરંતુ જાન્યુઆરીમાં માદુરોની ધરપકડ બાદ અમેરિકાએ તેલના પુરવઠા પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધું છે, જેના કારણે ક્યુબામાં અત્યારે ભારે વીજ કાપ અને ઈંધણની તંગી સર્જાઈ છે.

ટ્રમ્પની આ ધમકી બાદ ક્યુબાના પ્રમુખ મિગેલ ડિયાઝ-કેનેલે આક્રમક વલણ અપનાવતા X પર લખ્યું કે, 'ક્યુબા એક સ્વતંત્ર અને સાર્વભૌમ દેશ છે. અમને કોઈ નિર્દેશ આપી શકે નહીં. અમે સંઘર્ષ નથી ઈચ્છતા, પરંતુ દેશની રક્ષા માટે લોહીના છેલ્લા ટીપાં સુધી લડવા તૈયાર છીએ.' ક્યુબાના વિદેશ મંત્રીએ અમેરિકા પર 'ગુનાહિત વલણ' અપનાવવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે અમેરિકા વૈશ્વિક શાંતિ માટે ખતરો છે.હવાના (ક્યુબા) અને કારાકસ (વેનેઝુએલા) વચ્ચેનું દાયકાઓ જૂનું ગઠબંધન અત્યારે જોખમમાં છે. રિપોર્ટ્સ મુજબ, વેનેઝુએલામાં અમેરિકન લશ્કરી કાર્યવાહી દરમિયાન ક્યુબાના 32 સશસ્ત્ર જવાનો માર્યા ગયા છે, જેઓ ત્યાં સુરક્ષા સેવાઓ આપી રહ્યા હતા. આ ઘટનાએ બંને દેશો વચ્ચેના સંબંધોમાં વધુ કડવાશ ભરી દીધી છે.

## બજેટ એક ફેબ્રુઆરી રવિવારના દિવસે જ રજૂ થશે

• નવી દિલ્હી

દેશનું સામાન્ય બજેટ રજૂ થવાનો સમય નજીક આવી રહ્યો છે ત્યારે આ બજેટ રવિવારે રજૂ કરવામાં આવશે કે નહીં તે અંગેની અટકળોનો અંત આવ્યો છે.લોકસભા અધ્યક્ષે ઓમ બિરલાએ સામાન્ય બજેટ રવિવારે એક ફેબુરઆરીએ જ રજૂ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે.

નાણા પ્રધાન નિર્મલા સિતારમન માટે ૨૦૨૬-૨૭નું બજેટ અંગત રીતે પણ મહત્ત્વપૂર્ણ ગણાશે. આ તેમનું સતત નવમું બજેટ છે. આ બજેટ રજૂ કરતા જ નાણા પ્રધાન સિતારમન મોરારજી દેસાઈ દ્વારા સૌથી વધુ બજેટ રજૂ કરવાનાં વિક્રમની નજીક પહોંચી જશે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ૩૪ એમ્બ્યુલન્સ અને ૧૪૦ કર્મચારીઓ ખડેપગે, કેસોમાં ૨૪% વધારાનું અનુમાન

## ઉત્તરાયણ પર્વે ઇમરજન્સીને પહોંચી વળવા ભરૂચ ૧૦૮ સજ્જ



• ભરૂચ

ઉત્તરાયણ પર્વમાં સર્જાતી સંભવિત ઈમરજન્સી અને અકસ્માતોને પહોંચી વળવા માટે ભરૂચ જિલ્લા ૧૦૮ ઈમરજન્સી સેવા સંપૂર્ણપણે સજ્જ થઈ ગઈ છે. ૧૪ અને ૧૫ જાન્યુઆરી દરમિયાન જિલ્લામાં ૩૪ એમ્બ્યુલન્સ અને ૧૪૦ કર્મચારીઓનો કાફલો જનતાની સેવા માટે ખડેપગે રહેશે. પાછલા વર્ષોના ડેટાના આધારે તંત્ર દ્વારા આ વર્ષે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ દરમિયાન ઈમરજન્સી કોલ્સમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લાની વિગતો મુજબ, સામાન્ય દિવસોમાં સરેરાશ ૯૭ કેસો નોંધાતા હોય છે, પરંતુ ૧૪ જાન્યુઆરીએ ૧૦૦ થી વધુ અને ૧૫ જાન્યુઆરીએ આ આંકડો ૨૧૨ સુધી પહોંચી શકે છે, જે અંદાજે ૨૪.૭૪ ટકાનો વધારો દર્શાવે છે. રાજ્ય સ્તરે પણ ૧૪ જાન્યુઆરીએ ૩૫ ટકા જેટલા કેસ વધવાની સંભાવના છે. ખાસ કરીને પતંગની દોરીથી ગળું કપાવું, ધાબા પરથી પડી જવું, માર્ગ અકસ્માત અને શારીરિક હુમલા જેવી ઈમરજન્સી વધુ જોવા મળે છે. ૧૦૮ એમ્બ્યુલન્સના અધિકારીઓએ નાગરિકોને સાવચેતીપૂર્વક તહેવાર ઉજવવા અપીલ કરી છે અને કોઈ પણ કટોકટીના સમયે વિના સંકોચે '૧૦૮' ડાયલ કરવા જણાવ્યું છે.

## ઉત્તરાયણ પૂર્વે ભરૂચ ફૂડ વિભાગની લાલ આંખ: ૩૦ દુકાનોમાં તપાસ કરી ૧૯ શંકાસ્પદ નમૂના લેબોરેટરીમાં મોકલાયા

ભરૂચ : ઉત્તરાયણ પર્વે લોકોના સ્વાસ્થ્ય સાથે થતા ચેડાં રોકવા ભરૂચ જિલ્લા ફૂડ વિભાગે છેલ્લા ત્રણ દિવસમાં ભરૂચ અને અંકલેશ્વરના શક્તિનાથ, ઝાડેશ્વર અને નર્મદા માર્કેટ સહિતના વિસ્તારોમાં ૩૦ જેટલી દુકાનોમાં સઘન ચેકિંગ હાથ ધરી ૧૯ શંકાસ્પદ નમૂનાઓ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે જો નમૂના ફેલ જશે તો વેપારીઓ સામે ફૂડ સેફટી એક્ટ હેઠળ કડક કાર્યવાહી કરાશે.

ખાદ્ય સુરક્ષા અધિકારીઓએ ગ્રાહકોને અપીલ કરી છે કે ચીકી કે ગોળ ખરીદતી વખતે કૃત્રિમ રંગ, હાઈડ્રો પાવડરની હાજરી કે શંકાસ્પદ વાસ પ્રત્યે સાવધ રહેવું. જો કોઈ ભેળસેળ જણાય તો ગ્રાહકો ટોલ ફ્રી નંબર 1800-11-2100 અથવા 1915 પર ફરિયાદ નોંધાવી શકે છે. ખરીદી સમયે પાકું બિલ લેવું અને પેકિંગની વિગતો તપાસવી હિતાવહ છે. તંત્રની આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

**કાર્યાવાહીની માગ** કીડીને કણ અને હાથીને મણ ગરીબોના દાણાનું બારો બારી યુ કરતો આ કંટોલ સંચાલક કોણ

# લાખણી ના જડીયાલી ગામમાં અનાજ નું બારોબારીયુ કરતો કંટ્રોલ સંચાલક ને ગામ લોકોએ ઝડપી પાડ્યો

## કંટોલ સંચાલક ના ઘરેથી પિકપ ગાડી ભરીને બહાર નીકળી ને ગામ લોકોએ ઝડપી પાડી

• પ્રધાનજી ઠાકોર

લાખણી તાલુકાના જડીયાલિ ગામમાં સરકારી અનાજના બારોબાર વેચાણ કરતો કંટોલ સંચાલક ને ગામ લોકોએ ઝડપી પાડ્યો સમગ્ર પંથકમાં ભારે ચર્ચા અને રોષ જોવા મળી રહ્યો છે. જાહેર વિતરણ પ્રણાલી (PDS) હેઠળનું અનાજ ગેરકાયદેસર રીતે ખાનગી રીતે વેચાતું હોવાનું દ્રશ્ય દેખાઈ રહ્યું છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા મુજબ ગરીબ અને પાત્ર લાભાર્થીઓ માટે ફાળવવામાં આવતું અનાજ આ રીતે બારોબાર વેચાઈ રહ્યું હોય તો ગંભીર બાબતછે. ગામલોકોએ મામલતદારને પિકપ ગાડી ચાવળ ની બોરીઓ ભરેલી સોંપી. આ મુદ્દે લોકોમાં અસંતોષ ફેલાયો છે અને જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની ગામ લોકોએ માંગ કરી છે. આ સમગ્ર મામલે ગ્રામજનો દ્વારા સંબંધિત પુરવઠા વિભાગ, તાલુકા પ્રશાસન તથા ઉચ્ચ અધિકારીઓને લેખિત અને મૌખિક રીતે રજૂઆત કરવાની તૈયારી દર્શાવવામાં આવી છે. તપાસ અને યોગ્ય કાર્યવાહી કરવા ગામ લોકોએ માંગ કરી છે. હાલ પ્રશાસન તરફથી તપાસ હાથ ધરવામાં આવશે કે નહીં તે બાબતે લોકોની નજર ટકેલી છે. દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી થાય તેવી લોક માંગ છે.





### આમોદમાં નહેર બની 'જંગલ'

# પાણી વિના ખેતીનો સોથ વળ્યો, તંત્રની બેદરકારી સામે ખેડૂતોનો ઉગ્ર આંદોલનનો હુંકાર

**લડતના એંધાણ** ગંભીર પરિસ્થિતિની જવાબદારી નહેર વિભાગ અને સંબંધિત અધિકારીઓની રહેશે તેમ ખેડૂતોએ સ્પષ્ટ કર્યું

• આમોદ

આમોદ તાલુકાના અનેક ગામડાઓમાં સિંચાઈના પાણી માટે હાહાકાર મચી ગયો છે. રોજા ટંકારીયા ગામ પાસેથી પસાર થતી અને આછોદ, મછાસરા, હેતમપુરા, વલીપોર સહિતના ગામોને જોડતી મુખ્ય નહેર તંત્રની ઘોર ઉદાસીનતાના કારણે ઝાડી-ઝાંખર અને ગાદથી ભરેલા જંગલમાં ફેરવાઈ ગઈ છે. નહેરમાં જામી ગયેલી ગંદકી અને કચરાના કારણે પાણીનો પ્રવાહ ખોરવાઈ જતા છેવાડાના ખેડૂતો સુધી પાણી પહોંચતું નથી, જેના પરિણામે હજારો એકરનો ઊભો પાક સુકાઈ રહ્યો છે અને ધરતીપુત્રો વિનાશના કિનારે આવી ઊભા છે.



દેણવા ડિસ્ટ્રિક્ટની અંદાજે ૧૬ કિમી લાંબી નહેરની જાળવણી મુદ્દે નહેર વિભાગના અધિકારીઓ સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. ખેડૂતોનો આક્ષેપ છે કે નહેર સફાઈ માટે કરોડોનું બજેટ ફાળવવામાં આવે છે, છતાં વાસ્તવિકતામાં કોઈ કામગીરી થતી નથી. વિભાગ દ્વારા નહેર સફાઈ માટે પ્રતિ મીટર માત્ર ૧૬ રૂપિયાનો દર નક્કી કરાયો હોવાથી કોઈ મજૂર કામ કરવા તૈયાર નથી, જેને તંત્રની 'કાગળ પરની કામગીરી' ગણાવવામાં આવી રહી છે. વારંવારની લેખિત અને મૌખિક રજૂઆતો છતાં તંત્ર કુંભકર્ણી નિંદ્રામાં હોવાથી ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ખેડૂતોએ તંત્રને ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું છે કે જો આગામી ૪ થી ૫ દિવસમાં નહેર વાટે પાણી આપવામાં નહીં આવે, તો તાલુકાથી લઈને ગાંધીનગર સુધી ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ઊભા પાકને બચાવવા માટે હવે ખેડૂતો રસ્તા પર ઉતરી લડત આપવા મક્કમ બન્યા છે. જો સમયસર પાણી નહીં મળે તો સર્જાનારી તમામ ગંભીર પરિસ્થિતિની જવાબદારી નહેર વિભાગ અને સંબંધિત અધિકારીઓની રહેશે તેમ ખેડૂતોએ સ્પષ્ટ કર્યું છે.

# જંબુસરમાં 35 લાખના ખર્ચે નવનિર્મિત અદ્યતન જનસેવા કેન્દ્રનું લોકાર્પણ

## સરકારી કચેરીમાં રાજ્યની પ્રથમ જેવી 'ઘોડિયા ઘર'ની સુવિધા શરૂ



• જંબુસર

જંબુસર મામલતદાર કચેરી ખાતે અરજદારોની સુવિધા માટે અંદાજિત 35 લાખના ખર્ચે તૈયાર કરાયેલા અદ્યતન જનસેવા કેન્દ્રનું ધારાસભ્ય ડી.કે. સ્વામી અને પ્રાંત અધિકારી ડૉ. સુપ્રિયા ગાંગૂલીની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કેન્દ્રની વિશેષતા એ છે કે અહીં ટેકનોલોજીની સાથે માનવીય અભિગમ અપનાવી, કામ અર્થે આવતી માતાઓ માટે બાળકો માટે ખાસ 'ઘોડિયા ઘર'ની સુવિધા ઉભી કરવામાં આવી છે, જે વહીવટી તંત્રની સંવેદનશીલતા દર્શાવે છે. નવા જનસેવા કેન્દ્રમાં હવે ૭/૧૨, ૮-અ ના ઉતારા, જાતિના દાખલા, રેશનકાર્ડ અને આધાર કાર્ડ જેવી સેવાઓ એક જ છત નીચે સરળતાથી મળી રહેશે. આ ઉપરાંત, છેવાડાના માનવીને સરકારની કઈ યોજનાનો લાભ મળી શકે અને તેના માટે કયા દસ્તાવેજો જોઈએ, તેની સચોટ માહિતી માટે ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ છે. લોકાર્પણ પ્રસંગે મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણનો સંદેશ આપ્યો હતો અને વિવિધ સેવાઓની જાત-તપાસ કરી અરજદારોને ઝડપી ન્યાય મળે તેવા નિર્દેશ આપ્યા હતા. સ્ત્રી સશક્તિકરણ અને બાળ સુરક્ષાને ધ્યાને રાખી શરૂ કરાયેલું ઘોડિયા ઘર સમગ્ર પંથકમાં પ્રશંસાનું કેન્દ્ર બન્યું છે.

# પાણેથા સરપંચને ૫૭(૧)ની નોટિસ ફટકારતા વિવાદ વકર્યો; મામલો હાઈકોર્ટ પહોંચ્યો

## રેતી માફિયાઓના 'રક્ષક' બન્યા જિલ્લા વિકાસ અધિકારી?



• પાણેથા/ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના પાણેથા ગામે નર્મદા કિનારે ચાલતી રેતીની લીઝોના ગેરકાયદેસર વહન અને ઓવર લોડ વાહનો રોકવા મુદ્દે ગ્રામ પંચાયત અને જિલ્લા પ્રશાસન સામસામે આવી ગયા છે. ગ્રામ પંચાયતે ખેડૂતોના હિતમાં ગેરકાયદેસર રેતી ભરેલા વાહનો પર નિયંત્રણ માટે બેરીકેટ લગાવતા, ભરૂચ જિલ્લા વિકાસ અધિકારીએ (DDO) સરપંચને ૫૭(૧) મુજબની નોટિસ ફટકારી પદભ્રષ્ટ કરવાની તજવીજ હાથ ધરતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સરપંચે DDO પર ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, લીઝ ધારકો પાસે ગામની હદના રસ્તાઓ વાપરવાની કોઈ કાયદેસર પરવાનગી ન હોવા છતાં તંત્ર તેમને છાવરી રહ્યું છે. સુનાવણી દરમિયાન પંચાયતે ગ્રામસભાના ઠરાવો, ખેડૂતોના સોગંદનામા અને કલેક્ટરના જાહેરનામાના પુરાવા રજૂ કર્યા હોવા છતાં DDO દ્વારા તેને ધ્યાને લેવાયા નથી. ઉલટું, ગ્રામસભાના ઠરાવની અવગણના કરીને તંત્ર રેતી માફિયાઓને પ્રાધાન્ય આપી રહ્યું હોય તેમ જણાય છે. સરપંચે સ્પષ્ટ કર્યું છે કે તેમણે કોઈ સરકારી મિલકતને નુકસાન પહોંચાડ્યું નથી, છતાં માનસિક તણાવ આપવા આ નોટિસ અપાઈ છે. પંચાયતના હક્કોના રક્ષણ માટે હવે આ મામલે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી છે.

## અંકલેશ્વર GIDC પોલીસે સગીરાના અપહરણ અને પોક્સોના ગુનામાં ૨ વર્ષથી ફરાર બિહારના આરોપીને ઝડપી પાડ્યો

• અંકલેશ્વર

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે સગીરાના અપહરણ અને પોક્સો એક્ટ જેવા ગંભીર ગુનામાં છેલ્લા બે વર્ષથી પોલીસને થાપ આપી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે પોલીસે બિહારના ભાગલપુર જિલ્લાના વતની શ્યામકુમાર મંડલની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી વિગત મુજબ, આરોપી શ્યામકુમાર ઝ કાસી મંડલ (ઉ.વ. ૨૩, રહે. રજન્દીપુર, બિહાર) વિરુદ્ધ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં અપહરણ અને પોક્સો હેઠળ ગુનો નોંધાયો હતો. આ ગુનામાં આરોપી પોતાની ધરપકડ ટાળવા છેલ્લા બે વર્ષથી ફરાર હતો. પોલીસની ટીમ સતત આરોપીના લોકેશન પર નજર રાખી રહી હતી, તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે તેને કોર્ડન કરી દબોચી લીધો હતો. હાલ પોલીસ દ્વારા આરોપીનો કબજો મેળવી આ મામલે વધુ તપાસ અને કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

### મનરેગાનું નામ બદલવા મુદ્દે કાવીમાં કોંગ્રેસના રણશિંગા

# 'ભ્રષ્ટાચાર છુપાવવા ભગવાન રામનો સહારો લેતી ડબલ એન્જિન ભાજપ સરકાર'

• જંબુસર/કાવી

કેન્દ્ર સરકાર દ્વારા મનરેગા યોજનાનું નામ બદલીને 'શ્રી રામજી' કરવાના નિર્ણય સામે જંબુસર તાલુકાના કાવી ગામે કોંગ્રેસે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. કાવી યુનિયન જીન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનોએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, યોજનામાં થયેલા કરોડોના ભ્રષ્ટાચાર પર પડદો પાડવા અને જનતાનું ધ્યાન ભટકાવવા માટે જ આ નામ બદલવાનો હથકંડો અપનાવવામાં આવ્યો છે.



જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા અને માજી ધારાસભ્ય સંજય સોલંકીએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ ક્યારેય ભગવાન રામની વિરોધી નથી, પરંતુ ૨૦ વર્ષથી મજૂરોને ગામમાં જ રોજગારી આપતી કાયદેસરની યોજનાના મૂળ નામ સાથે ચેડાં કરવા એ લોકશાહી વિરોધી છે. મનરેગાના ભ્રષ્ટાચારથી બચવા સરકાર ધાર્મિક નામનો આશરો લઈ રહી હોવાનો આરોપ પણ તેમણે લગાવ્યો હતો. આ પ્રસંગે તાલુકા પ્રમુખ શરદસિંહ રાણા સહિતના કાર્યકરોએ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા અને ચીમકી આપી હતી કે જો આ નિર્ણય પાછો નહીં ખેંચાય તો આગામી દિવસોમાં જિલ્લા સ્તરે ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

# જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં નેત્રંગને હરાવી વાગરા ટીમ 'ચેમ્પિયન'

### શિક્ષકોના ખેલકુંભમાં વાગરાનો દબદબો



• ઝઘડિયા/ભરૂચ

ભરૂચ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ઝઘડિયાના ઊંટિયા ગ્રાઉન્ડ ખાતે આયોજિત બે દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં વાગરા તાલુકાની ટીમે શાનદાર પ્રદર્શન કરી ચેમ્પિયન ટ્રોફી પર કબજો જમાવ્યો છે. ૧૦ અને ૧૧ જાન્યુઆરી દરમિયાન યોજાયેલા આ રમત મહોત્સવમાં જિલ્લાના ૯ તાલુકાની ટીમોએ ખેલદિલીપૂર્વક ભાગ લીધો હતો.

ટુર્નામેન્ટની રોમાંચક ફાઈનલમાં વાગરાની ટીમે નેત્રંગને પરાજય આપી વિ જે તાનો ખિતાબ મેળવ્યો હતો. વાગરા ટીમના સોકતભાઈ 'મેન ઓફ ધ મેચ' અને ઝઘડિયા ટીમના વિપુલભાઈ 'મેન ઓફ ધ સિરીઝ' જાહેર થયા હતા. આ ટુર્નામેન્ટનું સફળ આયોજન વિપુલભાઈ પટેલ (ચેરમેન, ઝઘડિયા ટીચર ક્રેડિટ સોસાયટી) દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લા સંઘના પ્ર મુ ખ પ્રદીપસિંહ રાણા, મહામં ત્રી રાજીવ પટેલ સહિતના અગ્રણીઓ એ આર્થિક અને નૈતિક સહયોગ પૂરો પાડ્યો હતો. વિજેતા ટીમોને ટ્રોફી એનાયત કરી પ્રોત્સાહિત કરવા માં આવી હતી. અંતે તમામ શિક્ષકોએ રાષ્ટ્રગીત ગાઈને શિસ્તબદ્ધ રીતે કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

**વિરોધ** — ડભોઇ ખાતર માટે ખેડૂતોની કફોડી હાલત

# ખેડૂતોની કમર તૂટી પહેલા કમો સમી ની વરસાદ ખેડૂતોને રડતા કર્યા હવે ખાતર ખેડૂતોને લાઈનોમાં ઊભા રહીને પણ મળતું નથી

### બે ડેપો હોવા છતાં કલાકો સુધી લાંબી લાઈનોમાં ઉભા રહેવા ખેડૂતો મજબૂર

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના ૧૧૮ ગામોના ખેડૂતો ખાતર માટે રઝળપાટ કરી રહ્યા છે સર્વરની સમસ્યા અને અપૂરતા જથ્થાને કારણે રોષ ફાટી નીકળ્યો. ડભોઈ તાલુકામાં ખેતીની સીઝન જામી છે ત્યારે ખેડૂતોને પાયાની જરૂરિયાત ગણાતા ખાતર માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ડભોઈમાં બે-બે ડેપો હોવા છતાં પણ ખાતરના વિતરણમાં ગેરવહીવટ અને અછતને કારણે ખેડૂતો સવારથી સાંજ સુધી લાંબી કતારોમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. તેમ છતાં અનેક ખેડૂતોને ખાલી હાથે પરત ફરવાનો વારો આવ્યો છે. મુખ્ય સમસ્યાઓ અને ખેડૂતોની વ્યથા:બાયોમેટ્રિક સિસ્ટમનો ત્રાસ: ખાતર મેળવવા માટે ખેડૂતો પાસે આધારકાર્ડ માંગવામાં આવે છે. પરંતુ અંગૂઠાના નિશાન (Biometric) મેચ ન થવાને કારણે ઘણા વૃદ્ધ અને મહેનતુ ખેડૂતોને ખાતર આપવાનો ઈનકાર કરી દેવામાં આવે છે. ટેકનિકલ ખામીનો ભોગ ખેડૂતો બની રહ્યા છે. ટોકન પ્રથાનો અભાવ: ડેપો પર ખાતર લેવા આવતા ખેડૂતોને ટોકન આપવામાં આવતા નથી. જેના કારણે કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા બાદ જ્યારે બારી પર પહોંચે ત્યારે જથ્થો પૂરો



થઈ ગયો છે તેમ કહીને તેમને હાંકી કાઢવામાં આવે છે. અધિકારીઓનો બચાવ: જ્યારે ખેડૂતો જવાબ માંગે છે ત્યારે અધિકારીઓ ખાતરનો જથ્થો ઉપરથી જ ઓછો આવ્યો છે' તેમ કહી પોતાની જવાબદારીમાંથી છટકી રહ્યા છે. કુદરતી માર અને આર્થિક નુકસાન: અગાઉક મોસમી વરસાદને કારણે ખેડૂતોના તૈયાર પાકને ભારે નુકસાન થયું છે. હવે જે નવો પાક વાવ્યો છે તેના માટે ખાતર અનિવાર્ય છે, પરંતુ એક-બે થેલી ખાતર માટે પણ ખેડૂતોએ પલખા મારવા પડી રહ્યા છે. ખેડૂતોમાં ફેલાયેલો ભારે રોષ ડભોઈ તાલુકાના ૧૧૮ ગામોમાંથી ખેતીકામ પડતું મૂકીને આવતા ખેડૂતોનો આક્ષેપ છે કે, 'અમારે રોજ ધર્મધક્કા ખાવા પડે છે. ઘરના કામ અને ખેતી છોડીને અહીં આવીએ છીએ, પણ તંત્રની અણઆવડતના કારણે અમારો સમય અને મજૂરી બંને વેડફાય છે ખેડૂતોની માંગ છે કે ખાતરનો પુરવઠો તાત્કાલિક વધારવામાં આવે અને વિતરણ વ્યવસ્થા પારદર્શક બનાવી ટોકન પ્રથા શરૂ કરવામાં આવે જેથી ખેડૂતોને બિનજરૂરી લાઈનોમાં ઉભા ન રહેવું પડે. તંત્ર માટે પ્રશ્ન: શું ખેડૂતોને ખેતી કરવા દેવાશે કે પછી આખું વર્ષ ખાતરની લાઈનોમાં જ વિતાવવું પડશે

### તાત્કાલિક ધોરણે આ બીમાર ગાયની સારવાર કરાવે તેવી માગ કરાઈ

# ડભોઈમાં બીમાર ગાય માતાની વહારે આવનાર કોઈ નથી, તંત્ર અને પશુપાલકોની ગંભીર બેદરકારી

**આર્તનાદ ખોવાયો** — નગરપાલિકાનો વહીવટ, આ ગંભીર મુદ્દે મૌન સેવી રહ્યા છે



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શહેરમાં પવિત્ર ગણાતી ગાય માતાની હાલત આજે અત્યંત દયનીય બની છે. શહેરના મુખ્ય વિસ્તાર એવા પોલીસ સ્ટેશન અને સરકારી દવાખાના રોડ પર, રબારી વગા પાસે છેલ્લા ત્રણ દિવસથી એક ગાય માતા ગંભીર બીમારી અને ભૂખ-તરસથી પીડાઈ રહી છે. આશ્ચર્યની વાત એ છે કે આ ગાય રસ્તાની વચ્ચે જીવતદાન માટે ટળવળી રહી હોવા છતાં તંત્ર કે પશુપાલકોના પેટનું પાણી હલતું નથી. પશુપાલકોની નિર્દયતા: દૂધ બંધ થતાં રસ્તા પર તરછોડી? સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ ગાય માતા છેલ્લા ત્રણ દિવસથી એક જ જગ્યાએ પડી રહી છે. તે એટલી બીમાર અને અશક્ત છે કે જાતે ઊભી પણ થઈ શકતી નથી. રહીશો દ્વારા નજીકમાં આવેલા રબારી વગાના પશુપાલકોને વારંવાર જાણ કરવામાં આવી છે. કેટલાક લોકો આવીને જોઈ પણ ગયા, પરંતુ પોતાની જવાબદારી સ્વીકારવાને બદલે ત્યાંથી ચાલતી પકડતા જોવા મળ્યા છે. ચર્ચાઈ રહ્યું છે કે ગાયે દૂધ આપવાનું બંધ કરી દીધું હોવાથી માલિકે તેને રઝળતી મૂકી દીધી છે તંત્ર અને રાજકારણીઓ સામે જનતાનો રોષ એક તરફ ગાયના નામે રાજકારણ ખેલતા નેતાઓ અને બીજી તરફ નગરપાલિકાનો વહીવટ, બંને આ ગંભીર મુદ્દે મૌન સેવી રહ્યા છે. અકસ્માતનો ભય: આ રોડ સરકારી દવાખાના તરફ જાય છે, જ્યાં રાત્રિના સમયે દર્દીઓની અવરજવર વધુ હોય છે. અંધકારનું સામ્રાજ્ય: વિસ્તારમાં પૂરતી સ્ટ્રીટ લાઈટોના અભાવે અંધારું રહે છે. રસ્તાની વચ્ચે બેઠેલી ગાયને કારણે વાહનચાલકો કે પગપાળા જનારા લોકો ગંભીર અકસ્માતનો ભોગ બની શકે તેમ છે. જીવદયાનો અભાવ: ત્રણ દિવસથી એક અબોલ જીવ તડપી રહ્યો છે, છતાં કોઈ સંસ્થા કે સરકારી તંત્ર દ્વારા તેની સારવાર કે તેને સુરક્ષિત સ્થળે ખસેડવાની તસ્દી લેવામાં આવી નથી. સ્થાનિકોની માંગ ડભોઈના જાગૃત નાગરિકોની માંગ છે કે નગરપાલિકા વહીવટદાર અને પશુપાલન વિભાગ તાત્કાલિક ધોરણે આ બીમાર ગાયની સારવાર કરાવે અને તેને પાંજરાપોળ કે સુરક્ષિત આશ્રયસ્થાને ખસેડે. જો કોઈ અકસ્માત થશે અથવા ગાય માતાનો જીવ જશે, તો તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે તેવું રહીશો જણાવી રહ્યા છે.

# જેતપુરના ભોજાધાર વિસ્તારમાં જાહેર રોડ પર જુગાર રમતા પાંચ શખ્સો પકડાયા

### સીટી પોલીસે રોકડા રૂપિયા ૧૧.૬૫૦નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો દાખલ કર્યો હતો.



• સુરેશ ભાલીયા જેતપુર

જેતપુર શહેરના ભોજાધાર વિસ્તારમાં જાહેર રોડ પર તીનપત્તીનો જુગાર રમતા પાંચ શખ્સોને રોકડા રૂપિયા ૧૧.૬૫૦ સાથે ધરપકડ કરતી જેતપુર સીટી પોલીસ. રાજકોટ જીલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર તથા જેતપુર ડિવીઝનના નાયબ પોલીસ અધિક્ષક રોહિતસિંહ ડોડીયા દ્વારા પ્રોહીબીશન તેમજ જુગારની પ્રવૃતી સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ. જે અંગે પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી.પરમાર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન એ.એસ.આઈ. મિલનસિંહ ડોડીયા તથા પો. હેડ કોન્સ. સાગરભાઈ મકવાણા તથા પો.કોન્સ. ભગીરથસિંહ જાડેજા તથા અમીતભાઈ સિધ્ધપરા ને સંયુક્ત રાહે ખાનગી બાતમીદાર મારફતે હકીકત મળેલ કે, જેતપુર, ભોજાધાર, જયરાજ પ્રીન્ટ નામના કારખાનાની બાજુમાં આવેલ શેરીમાં જાહેર રોડ ઉપર અમુક ઈસમ પૈસા તથા ગંજીપતાના પાના વતી જુગાર રમતા હોય. જે હકીકત વાળી જગ્યાએ રેઈડ કરતા પાંચ ઈસમોને તીનપતીનો જુગાર રમતા આરોપીઓમાં (૧) સાગરભાઈ ચુનીલાલ ગોહેલ, (૨) અરમાન આસીફભાઈ અંસારી (૩) રમેશભાઈ મોહનભાઈ ઘરજીયા (૪) સંજય ઉર્ફે સન્કી હરસુખભાઈ પરેચા, (૫) સહેજાદ નબીર રસુલ અંસારી, (રહે. બધા જેતપુર, ભોજાધાર) ને રોકડા રૂપીયા ૧૧,૬૫૦ તથા ગંજી પતાના પાના નંગ-૫૨ કિ.રૂ. ૦૦.૦૦ સાથે મળી કુલ મુદામાલ કિ.રૂ. ૧૧,૬૫૦ ના સાથે પકડી પાડી જુગારધારાની કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

# અંકલેશ્વરના કાગદીવાડમાં પોલીસે દરોડો પાડી ૧૩૦ કિલો ગૌમાંસ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા

• અંકલેશ્વર

અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસે બાતમીના આધારે કાગદીવાડ વિસ્તારમાં ચાલતા ગૌ-વંશના કટીંગના અડ્ડા પર દરોડો પાડી બે શખ્સો અને એક કિશોરને ઝડપી પાડ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી ૧૩૦ કિલો શંકાસ્પદ માંસ, વાહનો અને હથિયારો મળી કુલ ૧,૧૩,૬૦૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એફ.એસ.એલ. પરીક્ષણમાં આ માંસ ગૌ-વંશનું હોવાનું સાબિત થતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, કાગદીવાડમાં દુધીયાપીર દરગાહ સામે આશિફ ઈકબાલ ઉર્ફે મિન્નુ મલેકના મકાનમાં ગૌ-વંશનું કટીંગ થતું હોવાની બાતમી મળતા પોલીસે રેડ કરી હતી. પોલીસને જોતા જ મકાન માલિક આશિફ મલેક નાસી છૂટ્યો હતો, જ્યારે ઘરમાં કટીંગ કરી રહેલા અબ્દુલ રઝાક કુરેશી, સાહીદ કુરેશી અને એક ૧૫ વર્ષીય કિશોરને પોલીસે રંગેહાથ ઝડપી લીધા



હતા. સ્થળ પરથી ૧૩૦ કિલો ગૌમાંસ, રિક્ષા, મોપેડ, ઈલેક્ટ્રિક કાંટો અને કટીંગ માટે વપરાતા છરા-કુહાડી જેવા હથિયારો કબજે કરવામાં આવ્યા છે. પોલીસે પકડાયેલા શખ્સો વિરુદ્ધ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, પ્રાણી ક્રૂરતા નિવારણ એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## સોમનાથ સ્વાભિમાન પર્વમાં દેશના લોક કલાકારોનું સ્વાભિમાન હણાયું

રાજકોટ, : સોમનાથ મહાદેવ મંદિરના 1000 વર્ષની ઉજવણીના ગરિમામય મહોત્સવમાં લોક કલાકારોને દેવાધિદેવના ચરણોમાં કલાની પ્રસ્તુતિ કરવાની તક મળતાં ખુશીનો કોઈ પાર ન હતો પરંતુ આ કાર્યક્રમમાં તેમને એવી તો હાલાકી થઈ કે જમવાનું તો ઠીક પાણીના પણ ફાફા પડયા હતા. પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રીની જાણ બહાર અધિકારીઓ અને દલાલો મોટો ખેલ પાડી ગયા હોય તેવું સમગ્ર કલા જગતે અનુભવ્યું હતું. સોમનાથ સ્વાભિમાન પર્વમાં ગુજરાતમાંથી 700થી વધુ અને અન્ય રાજ્યોમાંથી 300થી વધુ લોકકલાકારોને કલા રજૂ કરવા માટે આમંત્રણ અપાયું હતું. કલાકારો આમંત્રણને માન આપીને આવી તો પહોંચ્યા પરંતુ સોમનાથ અને વેરાવળમાં હોટેલ ફૂલ છે તેમ જણાવી તેમને અહીંથી 25થી 30 કિલોમીટર દૂર આવેલી ધર્મશાળાઓમાં એક- એક હોલમાં 40થી 50 લોકોને રખાયા. જ્યાં ન્હાવાની કે ચા પાણીની કોઈપણ વ્યવસ્થા વગર તેમને કોસ્ચ્યુમ પહેરાવી પર્ફોર્મન્સ માટે મોકલી દેવાયા. કાર્યક્રમ દરમિયાન પણ આ કલાકારો માટે પીવાનાં પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. અધિકારીઓ અને વચેટિયાઓ તો કાર્યક્રમના સ્થળ સુધી દેખાયા પણ નહીં અને હોટલોમાં આરામ ફરમાવતા રહ્યા. આવી સ્થિતિ વચ્ચે પણ લોક કલાકારોએ હસતા મોઢે પર્ફોર્મન્સ રજૂ કરી અને કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા.

### પતંગોત્સવ દ્વારા અંગદાનનો મહા-સંદેશ

# ભરૂચમાં સંકલ્પ ફાઉન્ડેશન દ્વારા 'અંગદાન જાગૃતિ' પતંગોત્સવમાં દાનવીર પરિવારોનું સન્માન

• ભરૂચ

ઉતરાયણ પર્વના ઉલ્લાસ વચ્ચે ભરૂચમાં સંકલ્પ ફાઉન્ડેશન દ્વારા માનવતાની મહેક ફેલાવતો અનોખો 'અંગદાન જાગૃતિ પતંગોત્સવ' પ્રાર્થના સ્કૂલ ખાતે યોજાયો હતો. રક્તદાન, નેત્રદાન, દેહદાન અને અંગદાન જેવી પુણ્ય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે આયોજિત આ કાર્યક્રમમાં અત્યાર સુધી દેહદાન અને અંગદાન કરી અન્યોને નવજીવન આપનાર પરિવારોનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.

સંકલ્પ ફાઉન્ડેશને જિલ્લામાં અત્યાર સુધી 1225 ચક્ષુદાન, 20 દેહદાન અને 20 અંગદાન કરાવી સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પ્રાર્થના સ્કૂલના પટાંગણમાં વિદ્યાર્થીઓએ પતંગો પર અંગદાન અને રક્તદાનના સૂત્રો લખી આકાશમાં જનજાગૃતિનો સંદેશ વહેતો કર્યો હતો. કાર્યક્રમમાં ડો. જીગ્નેશ પટેલ, ડો. આત્મી ડેલીવાલા અને યોગેશ જોશી સહિતના મહાનુભાવોએ હાજર રહી સંસ્થાના સ્થાપક સંજય તલાટી અને તેમની ટીમની કામગીરીને બિરદાવી હતી. અગ્રણીઓએ ભાર મૂક્યો હતો કે, પર્વની ઉજવણી સાથે અંગદાન જેવો સંકલ્પ લેવો એ જ સમાજનું સૌથી મોટું સામાજિક ઉત્તરદાયિત્વ છે. આ કાર્યક્રમમાં ભરૂચના વિવિધ સામાજિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.



# મનરેગા યોજના 'નું બદલીને. ભાજપા ના જી રામજી નામ સામે નર્મદા કોંગ્રેસનો વિરોધ અને ધરણા પ્રદર્શન

મનરેગાનું નામ બદલીને ભાજપે ગાંધીજીનું અપમાન કર્યું છે.-જિલ્લા પ્રમુખ, રણજીત તડવી




• દીપક જગતાપ, રાજપીપલા

નર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રણજીત તડવી ની આગેવાની માં 'મનરેગા યોજના'નું બદલી ને ભાજપાના 'જી રામજી 'નામ સામે નર્મદા કોંગ્રેસે વિરોધ કરી ધરણા પ્રદર્શન ગાંધી ચોક રાજપીપલા ખાતે કર્યું હતું આ પ્રસંગે જિલ્લા પ્રમુખ રણજીત સિંહ તડવીએ જણાવ્યું હતું કે 2005માં કોંગ્રેસના વખતમાં અમલી બનેલી 'મનરેગા'યોજના નું નામ બદલીને ભાજપ સરકારે વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન"ની ગેરંટીરૂપ 'વિબી જી રામજી 'યોજનાના રાખ્યું છે. એ નામનો નર્મદા કોંગ્રેસ સખત વિરોધ કરે છે. મનરેગા નામ બદલીને' જી રામજી' જે નામ રાખ્યું છે જે ખરેખર ગાંધીજીનું આપમાનછે. જેને નર્મદા કોંગ્રેસ સખત શબ્દોમાં વખોડી કાઢે છે.મનરેગા કોઈ સંસ્થા નથી પણ એક કાયદો છે.આ યોજના માં જયારે ફંડ આવે ત્યારે રોજગારી આપવાની હોય છે. ભાજપા ના 125 દિવસ ની રોજગારી સામે આ નામ બદલવાના વિરોધ માં એક દિવસીય પ્રતિક ઉપવાસ અને પ્રતિકાત્મક વિરોધ પ્રદર્શન કાર્યક્રમ આજે ગાંધી ચોક ખાતે રાખેલ હતો. જેમાંનર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રણજીતસિંહ તડવી (મહાકાળી), પુર્વ પ્રમુખ પ્રફુલ્લ પટેલ, ઉપ પ્રમુખ માલવ બારોટ, સહીત તાલુકા પ્રમુખ, જીલ્લાના હોદ્દેદારો તાલુકાના પ્રમુખ, દરેક ફ્ન્ટલ પ્રમુખ, કોંગ્રેસના કાર્યકરો આગેવાનો હાજર રહ્યા હતા.

**પ્રતિબંધ** જો કોઈ દારૂનું વેચાણ કરશે તો તેની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે

# લાખણી તાલુકાના જડીયાલી ગામે દારૂના વેચાણ કે પીનાર પર પ્રતિબંધ

## લાખણી તાલુકાના જડીયાલી ગામે દારૂ સામે કરી લાલ આંખ

• લાખાણી

લાખણી તાલુકાના જડીયાલી ગામે દારૂ ના વેચાણ કે પીનાર સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે લાખણી તાલુકાના જડીયાલી ગામે દારૂ સામે કરી લાલ આંખ જો કોઈ દારૂનું વેચાણ કરશે તો તેની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે સમગ્ર જડીયાલી ગામના વડીલો, યુવાનો, અને આગેવાનો ભેગાં મળીને મીટીંગ કરી હતી અને મીટીંગ માં મળીને મીટીંગ મહત્વનો નિર્ણય લેવાયો જેમાં ગામ સાત દિવસ ની અંદર દારૂ બંધ કરી દેવો અને જો દારૂ બંધ નહીં કરવામાં આવે તો કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે અને તોએ બંધ નહીં કરેતો જનતા રેડ કરવામાં આવશે ગામ માં કોઈ દારૂ વેચશે કે કોઈ દારૂ નું સેવન કરી ને ગામ માં આવશે તો તેની સામે ગામ લોકો કાયદેસર કાર્યવાહી કરાવશે. ખૂબ લાંબા સમય થી જડિયાલી ગામમાં દારૂ નું વેચાણ મોટા પાયે થઈ રહ્યું હતું અને ખૂબ નાની ઉંમરે યુવાનો નસાના રવાડે ચડી રહવા હતા આ દિવસે દિવસે ખુબજ ચિંતાનો વિષય બની રહ્યો હતો સમગ્ર જડીયાલી ગામે દારૂ મુક્ત થવાનો નિર્ણય કર્યો હતો.



સર્વ વિદ્યાલય કડી-ગાંધીનગરના 564 વિદ્યાર્થીઓને રૂ. 1.52 કરોડની સ્કોલરશીપ

# સર્વ વિદ્યલાય કડી-ગાંધીનગરના વિદ્યાર્થીઓને 1.52 કરોડની સ્કોલરશીપ એનાયત કરવામાં આવી

**પ્રોત્સાહન** અનિશ અડકે સ્કોલરશીપ અને મિહિર સ્કોલરશીપ KSV ના વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવી


• કડી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા પૂર્વ ચેરમેનશ્રી સ્વ. માણેકલાલ એમ. પટેલ (સાહેબ)ની 14મી પુણ્યતિથિ નિમિત્તે કડી-ગાંધીનગરના 564 વિદ્યાર્થીઓને 1.52 કરોડ રૂપિયાની સ્કોલરશીપ વિતરણ કાર્યક્રમ કડી મુકામે યોજાઈ ગયો. જેમાં સંસ્થાના દાતાશ્રીઓ તથા ટ્રસ્ટી મંડળના સભ્યોના હસ્તે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. વર્તમાન ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ દ્વારા પૂર્વ ચેરમેનશ્રી સ્વ. માણેકલાલ એમ. પટેલની સ્મૃતિમાં 12 જાન્યુઆરી 2013 પુણ્યતિથિ નિમત્તે દર વર્ષે 'માણેકલાલ એમ. પટેલ મેમોરીયલ સ્કોલરશીપ' તેમની સ્મૃતિમાં યોજવામાં આવે છે. સ્વ. માણેકલાલ સાહેબ સંસ્થાના મંત્ર 'કર ભલા હોગા ભલા'ના સાર્થક કરીને 'શિક્ષણ એ જ સાચી સેવા'ના સૂત્ર આપી તેને સાર્થક કર્યું છે. તેઓએ સર્વ વિદ્યાલય પરિવારને એક વટવૃક્ષ બનાવ્યું છે. પ્રેરણા સ્વરૂપે વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. સંસ્થા દ્વારા એનાયત કરવામાં આવતી સ્કોલરશીપને બે ભાગમાં વહેંચવામાં આવે છે. જેમાં મેરીટ આધારિત વિદ્યાર્થીઓને 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરીયલ સ્કોલરશીપ' એનાયત કરવામાં આવે છે. જેની સંખ્યા આ વર્ષે 414 છે. જયારે આર્થિક રીતે જરૂરત મંદ વિદ્યાર્થીઓને 'શ્રી માણેકલાલ એમ. પટેલ મીન્સ સ્કોલરશીપ' આર્થિક સહાયરૂપે (ફી માફી) સ્કોલરશીપ અને અનિશ અડકે સ્કોલરશીપ (હ્યુમનનિટિસ એન્ડ સોશિયલ સાયન્સ) અને મિહિર પટેલ સ્કોલરશીપ (સાયન્સ એન્ડ ટેકનોલોજી) સાથે કુલ મળીને 564 વિદ્યાર્થીઓને રૂપિયા 1.52 કરોડની સ્કોલરશીપ સંસ્થાના દાતાશ્રીઓના હસ્તે એનાયત કરવામાં આવી હતી. આ અવસરે દાતાશ્રી ડૉ.વિઠ્ઠલભાઈ પટેલ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે રૂચિ તથા પ્રોત્સાહિત કરવા માટે સ્કોલરશીપની પ્રથા શરૂ કરવા બદલ વિશેષ અભિનંદનને પાત્ર છે. સાથે તેઓ સમાજને દિશા નિર્દેશ કરતાં જણાવ્યું હતું કે, વ્યક્તિમાં રહેલી વિદ્વતાને સમાજે મહત્વ આપી પ્રોત્સાહિત કરવામાં જોઈએ. જે વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં પાયારૂપ બની રહેશે. વધુમાં તેઓએ કહ્યું હતું કે, મારા જીવન ઘડતરમાં પાયારૂપ આ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી તરીકે પણ ગર્વ અનુભવું છું. યુ.એસ.એ.થી પધારેલા દાતાશ્રી દિનેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વલ્લભભાઈના માર્ગદર્શન હેઠળ USAના વોશિંગ્ટંન ડીસી ખાતે 'નોન પ્રોફિટ સંસ્થા કે.એસ.વી.' સંસ્થાની ઓફિસ શરૂ કરવામાં આવી છે. જે KSVના વિદ્યાર્થીઓ માટે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ તથા કારકિર્દી ઘડતરમાં સહાયક બનશે. છેલ્લા 107 વર્ષથી સતત સર્વ વિદ્યાલય સમાજ ઘડતરમાં મહત્વની ભૂમિકા આ અદા કરે છે. આ બદલ સર્વ વિદ્યાલય પરિવાર અભિનંદનીય છે. જયારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગરના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ એમ. પટેલે જણાવ્યું હતું કે, 'શિક્ષણ એ જ સાચી સેવા'નો મંત્ર સાચા અર્થમાં સિદ્ધ કરનાર અને સમાજ સેવામાં જીવન સમર્પિત કરનાર પૂ. છગનભાના 'કર ભલા હોગા ભલા'ના મંત્રને જીવનમંત્ર બનાવી સર્વ વિદ્યાલય પરિવારને વટવૃદ્ધ બનાવનાર પૂર્વ ચેરમેનશ્રી સ્વ. શ્રી માણેકલાલ એમ. પટેલ(સાહેબ) ની ચૌદમી પુર્ણયતિથી પ્રસંગે શત શત વંદન કરીને સંસ્થાના કર્ણધારો દાસકાકા,ધનાભાઈ સહિતના મુરબ્બિઓના અમૂલ્ય વર્ષો અને મૂડી દ્વારા આ સંસ્થાને પોશી છે.

# મારે મૂર્ખ બનવું છે

• અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક કવિ સાહિત્યકાર)

આજની ભાગદોડ ભરી દુનિયામાં દરેક માણસ 'શાણો' દેખાવાની હોડમાં લાગ્યો છે. કોઈને પૂછો તો કહેશે, 'અરે સાહેબ, આપણે તો બધું સમજીએ છીએ!' પણ સાચું પૂછો તો, આ અતિશય ડહાપણ જ માણસના માનસિક તણાવનું કારણ બન્યું છે. એટલે જ આજે મને વિચાર આવ્યો કે દુનિયામાં બધાને હોશિયાર બનવું છે, પણ મારે મૂર્ખ બનવું છે. ચતુર માણસ હંમેશા ગણતરીમાં જીવે છે, જ્યારે મૂર્ખ માણસ મોજમાં જીવે છે. જે દિવસે તમે મૂર્ખ બનવાનું સ્વીકારી લો, તે દિવસે દુનિયાની અડધી ચિંતાઓ ગાયબ થઈ જાય છે. મૂર્ખ હોવાનો સૌથી મોટો ફાયદો એ છે કે તમારી પાસે કોઈ અપેક્ષા નથી રાખતું!એક નગરમાં એક બહુ જ ચતુર અને લંપટ શેઠ રહેતા હતા. શેઠ એટલા લોભી કે વાત ન પૂછો! એમણે એક વખત એક નવા નોકરને રાખ્યો. શેઠે વિચાર્યું કે આને મૂર્ખ બનાવીને ડબલ કામ કઢાવીશ.એક દિવસ શેઠે નોકરને બોલાવીને કહ્યું, 'જો ભાઈ, હું તને માસિક ૫૦૦ રૂપિયા પગાર આપીશ, પણ શરત એટલી કે તારે બે માણસનું કામ કરવાનું. એક મારું અને બીજું તારું પોતાનું!'નોકર ભોળો હતો, એણે હા પાડી દીધી. થોડા દિવસ પછી શેઠે જોયું કે નોકર અડધો દિવસ કામ કરે છે અને અડધો દિવસ સૂઈ રહે છે. શેઠે ગુસ્સે થઈને પૂછ્યું, 'કેમ અલ્યા, અડધો દિવસ કેમ સૂઈ રહે છે?'નોકર બહુ શાંતિથી બોલ્યો, 'શેઠ, તમે જ તો કીધું હતું કે બે માણસનું કામ કરવાનું. સવારથી બપોર સુધી મેં તમારું કામ પૂરું કરી દીધું, અને અત્યારે હું 'મારું પોતાનું' કામ કરું છું, અને મારું અત્યારનું કામ છે 'આરામ કરવાનું'!'શેઠ પોતાની જ ચતુરાઈમાં ફસાઈ ગયા અને જોતા રહી ગયા. ખરેખર, ક્યારેક અતિ ચતુરાઈ પણ માણસને ઉંધા રસ્તે દોરી જાય છે.ચિંતન કણિકાલોકો કહે છે કે દુનિયા બહુ આગળ નીકળી ગઈ છે, પણ મને લાગે છે કે:'ગણતરીની આ દુનિયામાં, બસ થોડું મૂર્ખ રહેવું છે,બધાને જીતવું છે અહીં, મારે હારીને પણ વહેવું છે.'જ્યારે આપણે મૂર્ખ બનીએ છીએ (અથવા દેખાઈએ છીએ), ત્યારે આપણે અન્યના અહંકારને ઠેસ નથી પહોંચાડતા. મૂર્ખ માણસ નિખાલસ હોય છે, તે હસી શકે છે અને બીજાને હસાવી શકે છે. તેને ખબર હોય છે કે છેલ્લે તો ખાલી હાથે જ જવાનું છે, તો પછી આટલી બધી લમણાઝીંક શું કામ?બોધઅતિ ચતુરાઈ કાયમ કામ નથી આવતી. જીવનમાં ક્યારેક ભોળા અને 'મૂર્ખ' બનીને રહેવામાં જ સાચી શાંતિ અને સાચો આનંદ છુપાયેલો છે. યાદ રાખજો, જે માટી નરમ હોય છે ત્યાં જ અંકુર ફૂટે છે, પથ્થર જેવા કઠણ ડહાપણમાં નહીં.



# કુંડાના તહેવારની ડભોઈ શહેર ખાતે મુસ્લિમ રજબ મહિનાની ઉજવણી

• ફકીરા ખત્રી ડભોઈ

ઈસ્લામ ધર્મના ચોથા ઈમામ હઝરત ઈમામ જાફર સાદિક રદી. અલ્લાહો અનહોણી યાદમાં સમગ્ર દેશ વિદેશ સહિત મુસ્લિમ બિરાદરો દ્વારા મનાવવામાં આવતા કુંડાના તહેવારની ડભોઈ શહેર ખાતે મુસ્લિમ રજબ મહિના 15 થી 22 માં ચાંદ સુધી શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. ઈસ્લામ ધર્મમાં ચાર ઈમામો થઈ ગયા જેમાં હજરત મોહમ્મદ સાહેબના દોહિત્ર નવાસા હજરત ઈમામ હુસેન હઝરત જૈનુલ આબેદીન અને ચૌથા હજરત ઈમામ જાફર સાદીક ર. દી.ઓ જેવો ઈસ્લામી હિસ વર્ષના રજબ મુસ્લિમ મહિના ચાંદ 15 થી 22 ની તારીખે આફાની દુનિયાને અલવિદા કરી ગયા હતા જેથી આ દિવસ તારીખે તેઓની યાદ માં મનાવવામાં આવે છે આ તહેવારને કુંડાનો તહેવાર એટલા માટે કહેવામાં આવે છે કે આ દિવસે મુસ્લિમ બિરાદારો પોતાની યથાશક્તિ પ્રમાણે પોતાના ઘરે ખીર દુધ પાક અને પુરી બનાવી તેને માટીના કુંડામાં મૂકી તેઓને યાદ કરી સગાહ સંબંધીઓ મોહલ્લાના રહીશોને પોતાના ઘરે બોલાવી



પીરસવામાં આવે છે. નાના બાળકોથી લઈ વ્યસ્ક લોકો પણ એકબીજાના ઘરે પ્રસાદીનો લાભ લેવા અવર જવર કરતા જોવા મળ્યા હતા આ તહેવાર ઉજવણીને પ્રણીલીકા લેતા ઉપર નીયાજ ઓર નમાજ નામની ફિલ્મ પણ બની ચૂકી છે જેમાં આ તહેવાર અંગે વધુ પ્રકાશ પાડવામાં આવેલો છે વહેલી સવારથી શરૂ થયેલા આ તહેવાર સાંજ સુધી આવરીત ચાલુ રહેલો ડભોઈ શહેર મુસ્લિમ વિસ્તારમાં જોવા મળ્યો હતો.

# ઓલ ઇન્ડિયા કરાટે ચેમ્પિયનશિપમાં વડોદરાના 4 ખેલાડીઓએ ગોલ્ડ મેડલ હાંસલ કર્યા

• નવી દિલ્હી

દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે તા. 1 અને 2 ડિસેમ્બર, 2025ના રોજ યોજાયેલી ચોથી ઓલ ઈન્ડિયા ઈન્ટર ઝોનલ કરાટે ચેમ્પિયનશિપ-2025માં વડોદરા સહિત ગુજરાતના યુવા કરાટે ફાઈટર્સે શાનદાર પ્રદર્શન કરીને રાજ્યનું નામ ગૌરવપૂર્વક ઉજાગર કર્યું છે.આ રાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠિત ચેમ્પિયનશિપનું આયોજન કરાટે ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન (KIO) દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભારતના નૉર્થ, સાઉથ, ઈસ્ટ, વેસ્ટ અને નૉર્થ-ઈસ્ટ ઝોનમાંથી ઝોનલ સ્તરે ગોલ્ડ અને સિલ્વર મેડલ જીતેલા શ્રેષ્ઠ ખેલાડીઓએ ભાગ લીધો હતો. દેશભરના ટોચના ફાઈટર્સ વચ્ચે થયેલી આ ચેમ્પિયનશિપ ખૂબ જ કઠિન અને રોમાંચક બની રહી હતી. વેસ્ટ ઝોનના સાત રાજ્યોમાંથી ક્વોલિફાય થયેલા ગોલ્ડ અને સિલ્વર મેડલિસ્ટ ખેલાડીઓ સાથે કરાટે ડુ ફેડરેશન ઓફ ગુજરાત (KDF) તરફથી ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં વડોદરાના ચાર ખેલાડીઓએ ગોલ્ડ મેડલ જીતીને વિશેષ સિદ્ધિ હાંસલ કરી હતી.જેમાં 10 વર્ષીય પાર્થરાજસિંહ જાડેજાએ 40 કિલો કેટેગરીમાં, 13 વર્ષીય અદ્વિકા ચંદ્રાએ 45 કિલો કેટેગરીમાં અને 13 વર્ષીય યસ્વી પટેલે 60 કિલો કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઉપરાંત સિનિયર કેટેગરીમાં કાર્તિક થયાલે પણ ગોલ્ડ મેડલ મેળવી પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું હતું. આ ચારેય વિજેતા ખેલાડીઓને કરાટે જગત તેમજ શહેર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે. આશા વ્યક્ત કરવામાં આવી છે કે આવનારા સમયમાં આ ખેલાડીઓ કોમનવેલ્થ ગેમ્સ તથા ઓલિમ્પિક્સ જેવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને રાજ્ય અને દેશનું નામ વિશ્વ મંચ પર ગૌરવપૂર્વક ઉજાગર કરશે.

એક તરફ સમાજમાં સંબંધોની મજબૂતીની વાતો થાય છે, ત્યારે આવી ઘટનાઓ સમાજ માટે લાલબત્તી સમાન

# જેતપુરમાં સાવકા પિતાની નિર્મમતા : પત્નીની હત્યા, પુત્રી પર જીવલેણ હુમલો

• સુરેશ ભાલીયા, જેતપુર

રાજકોટ જિલ્લા ના જેતપુરમાંથી કૌટુંબિક કલેશને લઈને એક હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. કહેવાય છે કે પતિ-પત્નીનો સંબંધ વિશ્વાસ અને પ્રેમ પર આધારિત હોય છે, પરંતુ જ્યારે આ સંબંધોમાં અદાવત અને શંકા પ્રવેશ કરે છે ત્યારે તેનો અંત અત્યંત ભયાનક બની જાય છે. જેતપુરમાં આવી જ એક ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી દીધો છે, જ્યાં નાની વાતમાં ઉશ્કેરાયેલા પતિએ પોતાની પત્નીની હત્યા કરી અને વચ્ચે બચાવવા આવેલી પુત્રી પર પણ જીવલેણ હુમલો કર્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, જેતપુરના ભોજાધાર વિસ્તારમાં શનિવાર સાંજના સમયે આ ઘટના બની હતી. ફરીયાદ મુજબ, મૃતક રેખાબેનના પતિ રાકેશસિંગ પટેલને પોતાની પત્ની પુત્રી રીતુસિંગ સાથે સંપર્ક રાખે તે બિલકુલ પસંદ નહોતું. આ મુદ્દે અવારનવાર પતિ-પત્ની વચ્ચે ઝઘડાઓ થતા હતા. આરોપીએ અગાઉ પણ પત્નીને ધમકી આપી હતી કે જો તે પુત્રી સાથે સંબંધ રાખશે તો તેનું પરિણામ ગંભીર આવશે. શનિવારે સવારે રેખાબેન પોતાની પુત્રીના ઘરે પૌત્રીઓને રમાડવા ગયા હતા, જેને લઈને રાકેશસિંગ ઉશ્કેરાઈ ગયો હતો. સાંજના સમયે જ્યારે રેખાબેન ઘર નજીકની દુકાને ગયા હતા, ત્યારે આરોપી ત્યાં આવી પહોંચ્યો અને ઉગ્ર બોલાચાલી શરૂ કરી. બાદમાં રેખાબેન પુત્રીના ઘરે જતા રહ્યા ત્યારે પતિ પણ પાછળ ગયો અને ત્યાં ખિસ્સામાંથી તીક્ષ્ણ કાતર કાઢી રેખાબેનના પેટ, સાથળ અને પીંડીના ભાગે ઘાતકી હુમલો કર્યો. માતાને બચાવવા વચ્ચે પડેલી પુત્રી રીતુસિંગ પર પણ આરોપીએ છાતી અને પેટના ભાગે કાતર વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં રેખાબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું, જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી રીતુસિંગને સારવાર માટે જૂનાગઢની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતા જેતપુર સિટી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. પોલીસે હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી આરોપી રાકેશસિંગ પટેલની ધરપકડ કરી છે.પોલીસ અધિકારીઓ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. એક તરફ સમાજમાં સંબંધોની મજબૂતીની વાતો થાય છે, ત્યારે આવી ઘટનાઓ સમાજ માટે લાલબત્તી સમાન છે. માત્ર સામાજિક સંબંધોના ઝઘડામાં એક હસતો-રમતો પરિવાર વિખેરાઈ ગયો છે. એક પત્નીએ પોતાનો જીવ ગુમાવ્યો છે, એક પુત્રીએ પોતાના માતા-પિતાને ગુમાવ્યા છે અને એક પતિ હવે જેલના સળિયા પાછળ પહોંચ્યો છે.

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા ખાતે

# સ્વામિ વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે "રાષ્ટ્રીય યુવા દિવસ" ની ઉજવણી કરવામાં આવી




• આહવા-ડાંગ

આજ રોજ તારીખ ૧૨ મી જાન્યુઆરી ૨૦૨૬ રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવાના NSS અને જ્ઞાનધારા સમિતિના સંયુક્ત ક્રમે સ્વામિ વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય યુવા દિવસ' ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કોલેજના IQAC કોર્ડીનેટર ડો. ડી. એમ ગાવિતે જણાવ્યું હતું કે, ' રાષ્ટ્રીય યુવા દિવસ 'ની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોની વીરતા કંઈ રીતના બહાર લાવી શકાય તેમજ ભાવિ પેઢીમાં સંસ્કારોનું સિંચન થાય તે માટેનો છે. કાર્યક્રમમાં મુખ્ય વક્તા પ્રાધ્યાપક શ્રી યુગેશ દ્વિવેદીએ જણાવ્યું હતું કે, સ્વામી વિવેકાનંદના વિચારોએ ભારતીય ચેતનાને નવી ઉર્જા પૂરી પાડી હતી. તેઓ વેદાંત ફિલસૂફીના પ્રચારક હતા, જેમણે આત્માની અમરતા, ભગવાનની એકતા અને માનવતાની દિવ્યતા પર ભાર મૂક્યો હતો. 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી થોભો નહીં' એ તેમનો અમર આહવાન છે. સ્વામિ વિવિકાનંદજીએ યુવાનોને આત્મવિશ્વાસ, બલિદાન અને સેવાનો સંદેશ આપ્યો. તેમણે પશ્ચિમી ભૌતિકવાદ સામે આધ્યાત્મિકતાની પ્રાધાન્યતા પર ભાર મૂક્યો. તેઓ ધર્મને સહિષ્ણુતા અને સાર્વત્રિક ભાઈચારોનું માધ્યમ માનતા હતા. આધ્યાત્મિક ધોરણે રાષ્ટ્રવાદને મજબૂત બનાવવાનું આહ્વાન કર્યું હતું. આત્મનિર્ભરતા, શિક્ષણ અને ચારિત્ય નિર્માણ પર કેન્દ્રિત તેમના વિચારો હજુ પણ યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત છે. વિવેકાનંદે ભારતને વિશ્વ નેતા બનાવવાનું સ્વપ્ન જોયું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ભગીનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

દાખલો બેસાડ્યો

પ્રમાણિકતા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણરૂપ

# પોરબંદર એસ.ટી. ડેપોના સ્ટેન્ડ ઈન્ચાર્જે કિંમતી આઈ-ફોન મૂળ માલિકને પરત કર્યો

## "તેરા તુજકો અર્પણ"ના સુત્રને ચરિતાર્થ કરી ૧,૨૦,૦૦૦ નો કીમતી મોબાઈલ પરત આપી કરી સરાહનીય કામગીરી

• વિરમભાઈ કે. આગઠ, પોરબંદર

આજના સમયગાળામાં જ્યાં કિંમતી વસ્તુઓ પરત મળવી દુર્લભ બની ગઈ છે, ત્યારે પોરબંદર એસ.ટી. ડેપોના સ્ટેન્ડ ઈન્ચાર્જ શ્રી એચ.એમ. રૂઘાણી દ્વારા દાખવવામાં આવેલી પ્રમાણિકતા અને માનવતાએ સમગ્ર શહેરમાં પ્રશંસાનો માહોલ સર્જ્યો છે. એસ.ટી. બસમાં રહી ગયેલો રૂ.૧,૨૦,૦૦૦/- જેટલી કિંમતનો આઈ-ફોન ૧૩ પ્રો તેમણે મૂળ માલિક એવા મેડિકલ કોલેજના વિદ્યાર્થીને સન્માનપૂર્વક પરત કરી "તેરા તુજકો અર્પણ"ના સુત્રને સાચા અર્થમાં સાકાર કર્યો છે. પોરબંદર એસ.ટી. ડેપો દ્વારા વનાણા સ્થિત મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ભાવસિંહજી હોસ્પિટલ ખાતે તાલીમ (પોસ્ટિંગ) માટે આવન-જાવન સુલભ બને તે હેતુસર કેજ્યુઅલ કોન્ટ્રાક્ટ આધારિત બસોનું રોજિંદુ સંચાલન કરવામાં આવે છે. તે મુજબ ગત રોજ એમ.બી.બી.એસ.ના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભૂતિયા કિશન હિતેશભાઈ જી. (રહે. જી.એમ.ઈ.આર. એસ. કોલેજ હોસ્ટેલ) ભાવસિંહજી હોસ્પિટલ ખાતે પોસ્ટિંગ પૂર્ણ કરી એસ.ટી. બસ મારફતે મેડિકલ કોલેજ પરત ફર્યા હતા.



મેડિકલ કોલેજ ખાતે ઉતર્યા બાદ તેમને ખ્યાલ આવ્યો કે તેમનો કિંમતી આઈ-ફોન ક્યાંક ગયો છે.તે દરમ્યાન એસ.ટી. ડેપોના વર્કશોપમાં નિયમિત તપાસ દરમિયાન એક બસમાંથી એન્ડ્રોઈડ મોબાઈલ મળી આવ્યો હતો. વર્કશોપના કર્મચારીઓએ તાત્કાલિક આ બાબતની જાણ સ્ટેન્ડ ઈન્ચાર્જ એચ.એમ. રૂઘાણીને કરી હતી. સ્ટેન્ડ ઈન્ચાર્જ રૂઘાણીએ અન્ય તમામ કામગીરી બાજુએ રાખી તાત્કાલિક કાર્યવાહી કરી અને મેડિકલ કોલેજના આસિસ્ટન્ટ ડીન ડો. મયંક જાવિયા સાથે સંપર્ક સાધી, બસમાંથી મેડિકલ કોલેજના વિદ્યાર્થીનો મોબાઈલ મળી આવ્યો હોવાની જાણ કરી હતી તથા યોગ્ય આધાર પુરાવા સાથે મૂળ માલિકને મોબાઈલ લઈ જવા સૂચના આપેલ હતી. આ બાદ ખાતરી થતાં કે મોબાઈલ એમ.બી. બી.એસ. ફાઈનલ વર્ષના વિદ્યાર્થી ભૂતિયા કિશન હિતેશ ભાઈનો જ છે, ત્યારે સ્ટેન્ડ ઈન્ચાર્જ એચ.એમ. રૂઘાણીએ વિદ્યાર્થીને પોરબંદર એસ.ટી. ડેપો ખાતે બોલાવી, તમામ ચકાસણી પૂર્ણ કરી, તેમનો રૂ.૧,૨૦,૦૦૦/- કિંમતનો આઈ-ફોન ૧૩ પ્રો સન્માનપૂર્વક પરત કર્યો હતો. સ્ટેન્ડ ઈન્ચાર્જ રૂઘાણી દ્વારા દાખવવામાં આવેલી આ પ્રમાણિકતા અને માનવતાભરી કામગીરીને લઈને મુસાફરો, વિદ્યાર્થીઓ તેમજ નાગરિકોમાં વ્યાપક પ્રશંસા જોવા મળી રહી છે. આ ઘટના એસ.ટી. તંત્રની વિશ્વસનીયતા અને કર્મચારીઓની ફરજ નિષ્ઠાનું જીવંત ઉદાહરણ બની છે. આ પ્રસંગે પોરબંદર એસ.ટી. ડેપોના ડેપો મેનેજર પી.બી. મકવાણા તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા વર્કશોપના ફરજ નિષ્ઠ કર્મચારીઓ અને સ્ટેન્ડ ઈન્ચાર્જ એચ.એમ. રૂઘાણીને અભિનંદન પાઠવી ગૌરવની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

પર્યાવરણપ્રેમીઓ તથા નાગરિકોમાં સંતોષની લાગણી જોવા મળી

# ઉત્તરાયણ પર્વને લઈ ને ચાઈનીઝ દોરીના વેચાણ સામે પોરબંદર વન વિભાગનું કડક ચેકિંગ

## પક્ષીઓ અને માનવજીવનની સુરક્ષા માટે શહેરમાં દુકાનોએ દુકાને કરુણા અભિયાન અંતર્ગત તપાસ અભિયાન શરૂ

• વિરમભાઈ કે. આગઠ

ઉત્તરાયણના પવિત્ર અને આનંદમય પર્વને ધ્યાનમાં રાખીને પોરબંદર વન વિભાગ દ્વારા માનવજીવન તેમજ પક્ષીઓની સુરક્ષા માટે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી અને અન્ય હાનિકારક સામગ્રીના વેચાણ તથા ઉપયોગ સામે કડક ચેકિંગ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. વન વિભાગની ટીમોએ શહેરના વિવિધ વિસ્તારોમાં પતંગ, દોરી તેમજ અન્ય સામગ્રી વેચતી દુકાનો સહિતના સ્થળોએ સઘન તપાસ હાથ ધરી છે. વન વિભાગના અધિકારીઓ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ચાઈનીઝ કોટેડ દોરી જેવી પ્રતિબંધિત સામગ્રીથી દર વર્ષે અનેક નિર્દોષ પક્ષીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થાય છે તેમજ માનવજીવનને પણ જોખમ ઉભું થાય છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખી કરૂણા અભિયાન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા આવી દોરીના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ ચેકિંગ અભિયાન દરમિયાન વેપારીઓને ચેતવણી આપવામાં આવી છે કે જો પ્રતિબંધિત સામગ્રી વેચાણ કરતી પકડાશે તો તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. વન વિભાગની ટીમો દ્વારા દુકાનો ઉપરાંત ગોડાઉન અને સંભવિત સંગ્રહ સ્થળોએ પણ તપાસ કરવામાં આવી રહી છે. વન વિભાગે નાગરિકોને પણ સહકાર આપવા અપીલ કરી છે. ખુશીના પર્વે કોઈ પણ પક્ષી કે વ્યક્તિને નુકસાન ન થાય તે માટે સાવચેત રહેવા તેમજ જો ક્યાંય પ્રતિબંધિત ચાઈનીઝ દોરી કે પક્ષીઓને જાનહાનિ પહોંચાડતી સામગ્રીનું વેચાણ થતું જોવા મળે તો તરત જ વન વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરાયણ દરમ્યાન દર વર્ષે ચાઈનીઝ દોરીના કારણે પક્ષીઓના મોત અને ગંભીર ઈજાના બનાવો સામે આવતા હોય છે. ત્યારે વન વિભાગ દ્વારા સમયસર ચેકિંગ અભિયાન શરૂ કરવામાં આવતાં પર્યાવરણપ્રેમીઓ તથા નાગરિકોમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે.



# સાપુતારાના ખેલાડીઓનું રાજ્ય કક્ષાની આર્ચરી સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન

## રાજ્ય કક્ષાની આર્ચરી સ્પર્ધામાં સાપુતારાના કુલ ૩ ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં કુલ ૮ મેડલ મેળવ્યાં :

• આહવા-ડાંગ

ખેલ મહાકુંભ ૨૦૨૫-૨૬ અંતર્ગત રાજ્ય કક્ષાની આર્ચરી સ્પર્ધામાં ડાંગ જિલ્લાના ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ, સાપુતારાના ખેલાડીઓએ પોતાનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ મેળવી ડાંગ જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી અંડર-૧૪ રાજ્ય કક્ષાની આર્ચરી સ્પર્ધામાં ડાંગ જિલ્લાના ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ, સાપુતારાના ખેલાડી કિરણ ભીલે ઈન્ડિયન રાઉન્ડના ૨૦ મીટરમાં ગોલ્ડ મેડલ, ૩૦ મીટરમાં ગોલ્ડ મેડલ, એવરઓલમાં ગોલ્ડ મેડલ, વ્યક્તિગતમાં સિલ્વર મેડલ, તેમજ રવિ સાપતાએ રિકર્વ રાઉન્ડમાં ઓવરઓલમાં બ્રોન્ઝ મેડલ, વ્યક્તિગતમાં ગોલ્ડ મેડલ, આ ઉપરાંત હેતલ તડવીએ કમ્પાઉન્ડ રાઉન્ડમાં ઓવરઓલ સ્પર્ધામાં ગોલ્ડ અને વ્યક્તિગત સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો છે. વિદ્યાર્થીઓના આ ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી અલ્કેશભાઈ પટેલે તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.




# પલસાણામાં SMC એ એક્સપ્રેસ-વે પરથી 45 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો, 11 શખ્સો વોન્ટેડ



• સુરતપલસાણા

ગુ જરાત સ્ટેટ મોનિટરિંગ સેલ (S MC) ની ટીમે બાતમીના આધારે પલસાણા તાલુકાના તુંગી ગામ પાસે, મું બઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવેના સર્વિસ રોડ પર પ્રોહિબિશન રેડ કરીને વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કામગીરીમાં પોલીસે કુલ 45,17,764/- નો મુદ્દામાલ કબજે કરી એક શખ્સની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર સહિત 11 શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે. SMCની ટીમે સ્થળ પરથી 3,948 નંગ વિદેશી દારૂની બોટલો (કિંમત 12.77 લાખ) તેમજ દારૂના વહન માટે ઉપયોગમાં લેવાયેલા 3 લક્ઝુરિયસ વાહનો (કિંમત 32 લાખ) અને 2 મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. પોલીસે સ્થળ પરથી વલસાડના પિન્ટુકુમાર નાનુભાઈ પટેલ નામના શખ્સને ઝડપી પાડી પલસાણા પોલીસને સોંપ્યો છે. આ ગુનામાં વલસાડના મુખ્ય આરોપી મનીષ કોઠારવાડી અને તેના ભાગીદાર મિતેશ વાઘ સહિત વાપી અને વલસાડના અન્ય બુટલેગરોને વોન્ટેડ જાહેર કરી પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. વાહનોના એન્જિન અને ચેસિસ નંબરના આધારે તેના માલિકો સુધી પહોંચવા માટે પણ ચક્રો ગતિમાન કર્યા છે.

# વડોદરા હરણી ખાતે રવિવારે મધ્ય ગુજરાત ફોટો ફેર યોજાયો




• મુકેશ ખત્રી. ચાણોદ

વડોદરા હરણી ખાતે રવિવારે મધ્ય ગુજરાત ફોટો ફેર યોજાયો હતો જેમાં વિવિધ કંપનીઓ ફોટો ઈક્વિમેન કેમેરા કંપનીઓ દ્વારા કંપનીઓ દ્વારા સર્વિસ અંગે સ્ટોર લાગેલા હતા મધ્ય ગુજરાત માંથી મોટી સંખ્યામાં ફોટોગ્રાફર એક્ઝિબિશનમાં મુલાકાત લીધી હતી જરૂરી ફોટો ઈક્વિમેન્ટ ની ખરીદી તેમજ નવી ટેકનોલોજી ની માહિતી મેળવી હતી તેમજ ફોટોગ્રાફીમાં શેડો ફોટોગ્રાફી મા લાઈટ નું મહત્વ અંગે માહિતી મેળવી હતી તેમજ ફોટો ગેલેરી નિહાળી હતી

# ખાખી પર કલંક! પોલીસ હેડ કોન્સ્ટેબલ અર્જુન ભુરીયા-કોન્સ્ટેબલ પ્રકાશ હડીયા દારૂ કાંડમાં ફસાયા

## પાયલોટિંગ કરી રાજસ્થાનથી દારૂની હેરાફેરી, ચાકલીયા વિસ્તારમાં પોલીસે જ પોલીસને પકડી



• અમદાવાદ

ચાકલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂની હેરાફેરીનો ભાંડો ફાટતાં સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે. ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની હેરાફેરીમાં ચાકલીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અર્જુનભાઈ ઘનુભાઈ ભુરીયા તથા પોલીસ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ સબુરભાઈ હડીયાની સંડોવણી સામે આવતાં ખાખીની છબી પર ગંભીર સવાલ ઊભા થયા છે.ઝાલોદ પોલીસ, દાહોદ એલ.સી.બી. ટીમ અને ચાકલીયા પોલીસની સંયુક્ત કાર્યવાહી દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે હેડ કોન્સ્ટેબલ અર્જુન ભુરીયા અને કોન્સ્ટેબલ પ્રકાશ હડીયા રાજસ્થાન તરફથી દારૂ ભરેલી પંચફોર વ્હીલર ગાડીનું પાયલોટિંગ કરી રહ્યા છે. આગળ સફેદ રંગની મારૂતિ અલ્ટો ગાડી અને પાછળ ટાટા કંપનીની ગ્રે રંગની પંચફોર વ્હીલર ગાડીમાં દારૂ ભરેલો હતો. તળાવા ચોકડી નજીક પોલીસે બંને વાહનોને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલકોએ ગાડી અટકાવવાને બદલે સ્પીડ વધારી લીમડી તરફ નાસી છૂટ્યા. પોલીસે ખાનગી વાહનોમાં પીછો કરતાં દારૂ ભરેલી પંચફોર વ્હીલર ગાડી આશરે ૫૦૦ મીટર દૂર ગટરમાં ઉતરી ગઈ, જ્યારે પાયલોટિંગ કરતી અલ્ટો ગાડી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગઈ.મોહનભાઈ તાવિયાડની ગાડીમાંથી દારૂનો મોટો જથ્થો જપ્તપંચોની હાજરીમાં તપાસ કરતાં પંચફોર વ્હીલર ગાડી નં. GJ-35-N-8922 (માલિક: મોહનભાઈ રમેશભાઈ તાવિયાડ, રહે. સંતરામપુર, મહીસાગર)માંથી વિવિધ કંપનીની ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂ તથા બિયરની૮ પેટીઓ, ૧૧૨ બોટલો, અંદાજે ૭૪ લીટરથી વધુ જથ્થો મળ્યો. જપ્ત દારૂની કિંમત રૂ. ૧૬,૧૪૫/- તથા વાહનની કિંમત અંદાજે રૂ. ૨ લાખ હોવાનું નોંધાયું છે.પાયલોટિંગ કરનાર પ્રકાશ હડીયાની અલ્ટો ગાડી ફરારપાયલોટિંગમાં ઉપયોગમાં લેવાયેલી મારૂતિ અલ્ટો ગાડી નં. GJ-20-CA-8956 (માલિક: પ્રકાશભાઈ સબુરભાઈ હડીયા, રહે. સુડીયા, તા. ઝાલોદ) ફરાર થઈ ગઈ છે. હાલ આરોપીઓની શોધખોળ ચાલી રહી છે.પ્રોહીબિશન જેવા ગંભીર ગુનામાં પોલીસ કર્મચારીઓની સીધી સંડોવણી સામે આવતાં જનતા અને પ્રશાસનમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હવે આ કેસમાં વિભાગીય કાર્યવાહી, સસ્પેન્શન તથા ઉચ્ચસ્તરીય તપાસની માંગ તેજ બની છે.

## ન્યૂઝ ઇન ફોકસ

### ચોરીની શંકાએ 7 વર્ષના બાળકને ઝાડ સાથે બાંધી નિર્દયતાપૂર્વક માર્યો

**રાયપુર :** ચોરીની શંકામાં કોઈ વ્યક્તિને માર મારવાના ઘણા મામલાઓ સામે આવતા રહે છે. ત્યારે હવે ઝારખંડથી પણ આવો જ એક માનવતાને શર્મસાર કરતો મામલો સામે આવ્યો છે. ઝારખંડના રામગઢ જિલ્લામાં ચોરીની શંકામાં એક 7 વર્ષના બાળકને ઝાડ સાથે બાંધી નિર્દયતાપૂર્વક માર માર્યો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાઈરલ થઈ રહ્યો છે. આ મામલે કાર્યવાહી કરતા પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે, સોશિયલ મીડિયા પર 20 સેકન્ડનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો હતો. આ વીડિયોમાં બાળકના હાથ-પગ બાંધેલા દેખાઈ રહ્યા હતા અને તેને નિર્દયતાપૂર્વક માર મારવામાં આવી રહ્યો હતો. આ ઘટના 9 જાન્યુઆરીના રોજ પતરાતૂ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ડીઝલ કોલોનીમાં બની હતી. આરોપીની ઓળખ બબલૂ પ્રસાદ ઉર્ફે ટીકાધારી તરીકે થઈ છે, તેની શનિવારે ધરપકડ કરવામાં આવી હતી. પતરાતૂ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ શિવલાલ ગુપ્તાએ એક ન્યૂઝ એજન્સીને જણાવ્યું છે કે, 'અમે વાઈરલ વીડિયોનું વિશ્લેષણ કર્યા બાદ મુખ્ય આરોપી બબલૂ પ્રસાદની ધરપકડ કરી લીધી છે, તેને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે.'

### લોસએન્જલ્સમાં ખામેનેઈની સમર્થકે રેલીમાં ટ્રક ઘુસાડી અનેક લોકોને કચડયા

**લોસ એન્જલ્સ:** ઈરાનમાં હાલ ખામેનેઈના વિરોધમાં અને સમર્થનમાં બે જૂથમાં તોફાન થઈ રહ્યા છે ત્યારે આ આગની જવાળા અમેરિકા સુધી પહોંચી છે. અમેરિકામાં ખામેનેઈનીના વિરોધ પ્રદર્શનમાં એક ખામેનેઈની સમર્થક ટ્રક સાથે ઘુસી જતા અનેક લોકોને હડફેટે લેતા હડકંપ મચી ગયો હતો.દરમિયાન ઘણા દેખાવકારો ઘાયલ થયા હતા. અમેરિકામાં ઈરાનના પદભ્રષ્ટ રાજકુમાર રઝા પહલવીના સમર્થનમાં રેલી નીકળી હતી ત્યારે આ ઘટના સર્જાઈ હતી. ઈરાનમાં ચાલી રહેલા સરકાર વિરોધી પ્રદર્શાનોની આગ હવે અમેરિકા સુધી પહોંચી છે, જ્યાં લોસ એન્જલસમાં ઈરાનના પદભ્રષ્ટ રાજકુમાર રઝા પહલવીના સમર્થનમાં યોજાયેલી એક રેલીમાં હિંસક ઘટના બની હતી. ઈરાનની રાજાશાહી વિરોધી સંગઠન MEKનું સ્ટીકર લગાવેલી એક ટ્રક પ્રદર્શનકારીઓની ભીડમાં ઘૂસી ગઈ હતી અને લોકોને કચડતી આગળ વધી ગઈ હતી. આ હુમલામાં ઘણા પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હતા. આ ટ્રક પર 'No Shah' એટલે કે 'શાહ નહીં ચાહિયે' એવું લખેલું હતું. આ ઘટના લોસ એન્જલસના વેસ્ટવુડ વિસ્તારમાં વિલશાયર ફેડરલ બિલ્ડિંગની બરાબર બહાર બની હતી, જ્યાં ઈરાની શાસન વિરુદ્ધ થઈ રહેલા એક પ્રદર્શન દરમિયાન એક યુ-હોલ ટ્રક ભીડમાં ઘૂસી ગઈ હતી, જેમાં બે લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ છે.અહેવાલ મુજબ, આ રેલીમાં હજારો લોકો સામેલ થયા હતા. આ ઘટનામાં સામેલ ટ્રક પર ઈરાનના ઈતિહાસ સાથે જોડાયેલો એક રાજકીય સંદેશ પણ લખેલો હતો. ટ્રકની બાજુ પર 'No Regime' (કોઈ શાસન નહીં) લખેલું હતું.આ ઉપરાંત, ટ્રક પર એવું પણ લખ્યું હતું કે "અમેરિકા 1953નું પુનરાવર્તન ન કરો, નો મુલ્લા". આ સંદેશ 1953માં અમેરિકા સમર્થિત બળવા તરફ ઈશારો કરે છે, જેમાં ઈરાનના તત્કાલીન વડાપ્રધાનને પદભ્રષ્ટ કરીને શાહને ફરીથી સત્તામાં બેસાડવામાં આવ્યા હતા.સ્થાનિક મીડિયા અનુસાર, પોલીસે બાદમાં યુ-હોલ ટ્રકમાંથી એક વ્યક્તિને બહાર કાઢીને ઘટનાસ્થળે જ તેની અટકાયત કરી હતી. જ્યારે પોલીસ તેને ત્યાંથી લઈ જઈ રહી હતી, ત્યારે ઘણા પ્રદર્શનકારીઓએ તેના પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે હસ્તક્ષેપ કરીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

• વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના, આત્મવિશ્વાસ અને સંકલ્પશક્તિ વિકસે તે હેતુથી વિવેકાનંદના વિચારોથી માર્ગદર્શન

## ઝાલોદ કેળવણી મંડળના શૈક્ષણિક પ્રાંગણમાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતીની ભાવભરી ઉજવણી

• ઝાલોદ

ઝાલોદ કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક પ્રાંગણમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ભાવભરી રીતે ઉજવાઈ હતી. આ પ્રસંગે સ્વામી વિવેકાનંદના જીવન, વિચારધારા અને આદર્શો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જેથી વિદ્યાર્થીઓ તેમના જીવનમાંથી પ્રેરણા મેળવી શકે. ઉલ્લેખનીય છે કે વર્ષ 2022માં ઝાલોદ સાર્વજનિક પુસ્તકાલય મંડળ દ્વારા કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાના પ્રાંગણમાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રતિમાનું મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દરરોજ સ્વામી વિવેકાનંદની પ્રતિમા જોઈ તેમના વિચારોથી પ્રેરિત થાય અને જીવનમાં ઉન્નતિના માર્ગે આગળ વધે. આજ રોજ યોજાયેલી જન્મજયંતિ ઉજવણી દરમિયાન સાર્વજનિક પુસ્તકાલયના પ્રમુખ ડૉ. હેમંત શાહ, ઉપપ્રમુખ ગોપાલ અગ્રવાલ, કેળવણી મંડળના પ્રમુખ હેમલ પંચાલ, સામાજિક આગેવાન અગ્નેશ પંચાલ તેમજ શૈક્ષણિક સંસ્થાના આચાર્યો અને શિક્ષકવર્ગ દ્વારા સ્વામી વિવેકાનંદની પ્રતિમાને માલ્યાર્પણ કરી પુષ્પાંજલિ અર્પિત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત આચાર્યગણ અને મહાનુભાવોએ સ્વામી વિવેકાનંદના જીવન પર માર્મિક ચિતાર આપતા



જણાવ્યું હતું કે, "ઉઠો, જાગો અને લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અટકો નહીં" જેવા વિચારો આજની યુવા પેઢી માટે માર્ગદર્શક સૂત્ર સમાન છે. સ્વામી વિવેકાનંદે શિકાગોમાં આપેલ ઐતિહાસિક ભાષણ દ્વારા ભારતની સંસ્કૃતિ અને આધ્યાત્મિક શક્તિ વિશ્વ સમક્ષ રજૂ કરી હતી.

જે વિદ્યાર્થીઓ માટે આત્મવિશ્વાસ અને રાષ્ટ્રગૌરવનું ઉત્તમ ઉદાહરણ છે. વક્તાઓએ વધુમાં જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદે શિક્ષણને માનવ નિર્માણનું સાધન ગણાવ્યું હતું. તેમનો વિશ્વાસ હતો કે શિક્ષણ માત્ર નોકરી માટે નહીં પરંતુ ચારિત્ર્ય, શિસ્ત, સેવા અને આત્મબળના વિકાસ માટે હોવું જોઈએ. આજની પેઢીએ તેમના આદર્શો અને સિદ્ધાંતોને જીવનમાં ઉતારી રાષ્ટ્ર અને સમાજના કલ્યાણ માટે કાર્ય કરવું જોઈએ.

તરૂણોને પ્રેમ બાદ સહમતિથી બંધાયેલા સંબંધો બાદ પોક્સોમાં ફસાતા અટકાવવામાં મદદ કરશે

## બાળકોના સંરક્ષણ માટે બનાવાયેલા પવિત્ર કાયદાનો ઉપયોગ અંગત દુશ્મનાવટ કાઢવા થાય છે : સુપ્રિમ કોર્ટ

• નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે બાળકોના શારીરિક શોષણથી બચાવવા માટે બનાવાયેલા ડ્ઘઈજઘ અધિનિયમના વધતા દુરૂપયોગ અંગે ગંભીર ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે, આ કાયદો બાળકોની સુરક્ષા માટે એક પવિત્ર અને સારા ઈરાદાનું પ્રતીક છે.

જો કે અનેક કિસ્સામાં તેનો હથિયાર તરીકે ઉપયોગ થાય છે. કોર્ટે કહ્યું કે, આ કાયદાને ખાસ કરીને તેવા કિસ્સામાં ખૂબ જ દુરુપયોગ થઈ રહ્યો છે જ્યાં કિશોરો (ટીનેજર્સ) વચ્ચે સંમતિથી સંબંધો બંધાયા હોય, પરંતુ પરિવારનો વિરોધ હોય. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ સમસ્યા અંગે ગંભીરતાથી વિચાર કરવા માટે જણાવ્યું છે.આવા કિસ્સામાં રાહત આપવા માટે રોમિયો-જુલિયેટ ક્લોઝ લાવવા અંગે પણ વિચાર કરવા માટે જણાવ્યું છે, જેથી વાસ્તવિક ટીનેજર્સ પાર્ટનર્સને બિનજરૂરી ગુનાઈત કાર્યવાહીથી બચાવી શકાય. ન્યાયમૂર્તિ સંજય કરોલ અને ન્યાયમૂર્તિ એન.કોટેશ્વર સિંહની પીઠે અલ્હાબાદ હાઈકોર્ટના એક ચુકાદા અંગે વ્યાપક નિર્દેશોને રદ્દ કરતા કેન્દ્ર સરકારને રોમિયો-જુલિએટ ક્લોઝ નો સમાવેશ કરવા માટેની ભલામણ કરી છે.આ ક્લોઝ તરૂણોને પ્રેમ બાદ સહમતિથી બંધાયેલા સંબંધો બાદ પોક્સોમાં ફસાતા અટકાવવામાં મદદ કરશે. કાયદાકીય કઠોરતાથી બચાવશે. જ્યાં બન્ને પક્ષો સંમતીથી સંબંધોમાં હોય અને ઉંમરનું ખુબ જ સામાન્ય અંતર હોય.સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી ઉત્તર પ્રદેશ રાજ્ય વિરુદ્ધ અનુદ્ધ મામલે આવી છે. આ કેસમાં અલ્લાહાબાદ હાઈકોર્ટે POCSO નાં એક કિસ્સામાં આરોપીના જામીન આપતા સમગ્ર રાજ્યમાં લાગુ થનારા કેટલાક નિર્દેશ આપ્યા હતા.જેમાં ઉલ્લેખ હતો કે, POCSO ના કેસની શરૂઆતમાં પીડિતાની ઉંમરનો મેડિકલ ટેસ્ટ ફરજિયાત કરાવવામાં આવે અને કોર્ટ શાળા અથવા જન્મતારીખના દાખલા અંગે શંકા જતા જ જામીન ફગાવી દેવામાં આવે.તેઓ પોક્સો કાયદાના દુરુપયોગ અટકાવવા ના ઉપાયો અંગે વિચાર કરો. કોર્ટે ભલામણ કરી કે અનેક દેશોની જેમ ભારતમાં પણ રોમિયો-જુલિએટ ક્લોઝ લાવવામાં આવી શકે છે, જેમાં સંમતિ વાળા, ઉંમરના નજીક કિશોર સંબંધોને ગુનાઈત કાર્યવાહીથી બહાર રાખવામાં આવી શકે છે.

## રાશીફળ (તા.13-01-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજે નવા અવસરો મળશે. તમારો આત્મવિશ્વાસ વધશે અને અટકેલા કામ પૂરા થશે. ક્યાંકથી શુભ સમાચાર મળી શકે છે. |
| વૃષભ (બ.વ.ઉ) | પરિવારમાં સુમેળ રહેશે. ધનલાભના યોગ છે. કોઈ નવા કાર્યની શરૂઆત માટે સમય ઉત્તમ છે. |
| મિથુન (ક.છ.ઘ) | તમારો સંવાદ કૌશલ્ય સહાયરૂપ બનશે. કાર્યક્ષેત્રમાં તમારી યોજનાઓ સફળ થશે. મિત્રો તરફથી સહકાર મળશે. |
| કર્ક (ડ.હ) | ઘર-પરિવારમાં શાંતિ રહેશે. ભાવુક નિર્ણય લેવાનું ટાળો. આરોગ્યનું ધ્યાન રાખો. |
| સિંહ (મ.ટ) | આજે તમારું વ્યક્તિત્વ આકર્ષક રહેશે. નોકરી તથા વ્યવસાયમાં પ્રગતિના સંકેત છે. કોઈ જૂના કામથી લાભ મળી શકે છે. |
| કન્યા (પ.ઠ.ણ) | કાર્યક્ષેત્રમાં સાવધાની રાખો. અનાવશ્યક ખર્ચથી બચો. કોઈ સલાહકારની મદદથી લાભ થશે. |
| તુલા (ર.ત) | માન-સન્માન વધશે. ભાગીદારીમાં કામ કરવાથી લાભ મળશે. પ્રેમ સંબંધોમાં મધુરતા રહેશે. |
| વૃશ્ચિક (ન.ય) | આજે ગુપ્ત કામોમાં સાવધાની રાખો. કોઈ નવા પ્રોજેક્ટની શરૂઆત ટાળો. પરિવાર તરફથી સહકાર મળશે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | મુસાફરીના યોગ છે. પ્રગતિના નવા અવસર મળી શકે છે. વિવાદોથી દૂર રહો. |
| મકર (ખ.જ) | આર્થિક સ્થિતિ મજબૂત બનશે. મહેનતનું ફળ મળશે. પરિવાર સાથે સારું સમય પસાર થશે. |
| કુંભ (ગ.શ.સ.ષ) | આજે તમારો મન સર્જનાત્મક કાર્યોમાં લાગશે. અચાનક ધનલાભ શક્ય છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વધશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | આજે ચિંતા ઓછી થશે. કામકાજમાં ઝડપ આવશે. પ્રેમ અને પરિવારિક જીવન સુખદ રહેશે. |

# પરશુરામ ભગવાનનું 'માતૃ-હત્યા' પાછળનું રહસ્ય, પાપ હતું કે પુણ્ય?



• દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

હિન્દુ ધર્મશાસ્ત્રોમાં અનેક એવી ઘટનાઓ છે જે સામાન્ય નજરે જોતા અયોગ્ય લાગે, પરંતુ તેની પાછળનો હેતુ અને પરિણામ બ્રહ્માંડના કલ્યાણ માટે હોય છે. ભગવાન પરશુરામ દ્વારા તેમની માતા રેણુકાનો વધ એ આવી જ એક ચોંકાવનારી પણ બોધદાયક ઘટના છે. મહારાણી રેણુકા મહર્ષિ જમદગ્નિના પત્ની હતા. એકવાર નદીએ પાણી ભરવા ગયા ત્યારે ગંધર્વ ચિત્રરથના વિહારને જોઈ તેમના મનમાં ક્ષણિક મોહ જાગ્યો. આ કોઈ શારીરિક અપરાધ નહોતો, પરંતુ સાધનાના માર્ગે રહેલા ઋષિ પત્ની માટે 'માનસિક અશુદ્ધિ' હતી. જમદગ્નિ ઋષિએ પોતાના તપોબળથી આ જાણી લીધું અને તેને મર્યાદાનો ભંગ ગણ્યો. જ્યારે જમદગ્નિએ પોતાના પુત્રોને માતાનો વધ કરવા કહ્યું, ત્યારે ચાર મોટા પુત્રો ધર્મસંકટમાં મુકાયા અને પિતાની આજ્ઞા માનવાની ના પાડી દીધી. પરિણામે, ક્રોધિત ઋષિએ તેમને જડ (ચેતના વગરના) બનાવી દીધા. છેલ્લે પરશુરામ આવ્યા. તેમણે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર પિતાની આજ્ઞાનું પાલન કર્યું.

પાપ કે પુણ્ય? લોકો પ્રશ્ન કરે છે કે શું માતાની હત્યા કરવી એ પુણ્ય હોઈ શકે? આ રહસ્ય સમજવા માટે પરશુરામની દ્રષ્ટિ સમજવી જરૂરી છે. પિતૃભક્તિની પરાકાષ્ઠા પરશુરામ જાણતા હતા કે પિતા જમદગ્નિ સિદ્ધ પુરુષ છે. જો પિતા મૃત્યુ આપી શકે છે, તો તે જીવન પણ આપી શકે છે.

શુદ્ધિકરણનો માર્ગ પરશુરામ માટે આ હત્યા 'વધ' નહોતો પણ પિતાના ક્રોધને શાંત કરી માતાને ફરીથી પવિત્ર કરવાનો એક માર્ગ હતો. પરશુરામે જ્યારે વરદાનમાં માતાનું જીવન માંગ્યું, ત્યારે માતા રેણુકા માત્ર જીવિત જ ન થયા, પણ માનસિક રીતે વધુ શુદ્ધ અને તેજસ્વી બનીને પાછા આવ્યા.

'જ્યારે હેતુ નિઃસ્વાર્થ હોય અને શ્રદ્ધા અડગ હોય, ત્યારે કઠોર કર્મ પણ કલ્યાણકારી બની જાય છે.'પરશુરામનું આ કૃત્ય પાપ નહોતું, પરંતુ આજ્ઞાપાલનનું સર્વોચ્ચ ઉદાહરણ હતું. તેમણે સાબિત કર્યું કે પિતાના વચનને પાળવા માટે વ્યક્તિએ પોતાનું સર્વસ્વ (પોતાની લાગણીઓ પણ) દાવ પર લગાડવી પડે છે. અંતે, તેમની બુદ્ધિઅનેભક્તિનેકારણેજઆખોપરિવારફરીએકથયો. ભગવાન પરશુરામ હિન્દુ ધર્મના અત્યંત પ્રભાવશાળી દેવતા અને ભગવાન વિષ્ણુના છટ્ઠા અવતાર માનવામાં આવે છે. તેઓ જ્ઞાન અને શક્તિનો અદભૂત સંગમ ગણાય છે. પિતા મહર્ષિ જમદગ્નિ (જે સપ્તર્ષિઓમાંના એક હતા).

માતા રેણુકા દેવી.તેઓ ભૃગુ વંશના હોવાથી તેમને 'ભાર્ગવ' પણ કહેવામાં આવે છે.પરશુરામનું મૂળ નામ 'રામ' હતું, પરંતુ જ્યારે તેમણે ભગવાન શિવ પાસેથી દિવ્ય કુઠાર પ્રાપ્ત કર્યું, ત્યારે તેઓ 'પરશુરામ' તરીકે ઓળખાયા.ભગવાન પરશુરામે ભગવાન શિવને પ્રસન્ન કરવા માટે હિમાલયમાં ઘોર તપસ્યા કરી હતી. તેમની ભક્તિ અને યુદ્ધકળા પ્રત્યેની નિષ્ઠા જોઈને ભોળાનાથે તેમને અનેક દિવ્ય અસ્ત્ર-શસ્ત્ર આપ્યા, જેમાં 'પરશુ' સૌથી શક્તિશાળી હતું. શિવજીએ તેમને આશીર્વાદ આપ્યા કે આ શસ્ત્ર અન્યાય સામે હંમેશા વિજયી રહેશે. પરશુરામજીનું આ શસ્ત્ર બે બાબતોનો સમન્વય છે

સંહાર અને સર્જન જે રીતે કુઠાર જંગલના નકામા ઝાડ કાપીને રસ્તો બનાવે છે, તેમ પરશુરામ ભગવાને આ શસ્ત્રથી સમાજમાં વ્યાપેલી અત્યાચારી શક્તિઓનો નાશ કરીને ધર્મનો માર્ગ મોકળો કર્યો.બ્રાહ્મણ અને ક્ષત્રિય ગુણોનો સંગમ પરશુરામ ભગવાન જન્મથી બ્રાહ્મણ હતા (જે શાંતિનું પ્રતીક છે), પરંતુ શસ્ત્ર ધારણ કરીને તેમણે ક્ષત્રિય ધર્મ (જે રક્ષણનું પ્રતીક છે) નિભાવ્યો. તેમનું પરશુ એ 'શાસ્ત્ર અને શસ્ત્ર' ના સંગમનું પ્રતીક છે. જ્યારે અહંકારી રાજા સહસ્ત્રાર્જુને પરશુરામના પિતાનો વધ કર્યો અને કામધેનુ ગાયનું અપહરણ કર્યું, ત્યારે પરશુરામ ભગવાને આ જ પરશુ ઉઠાવ્યું હતું. તેમણે પૃથ્વીને ૨૧ વાર ઘણા અત્યાચારી ક્ષત્રિયોથી મુક્ત કરી હતી. અહીં નોંધવા જેવી બાબત એ છે કે તેઓ 'ક્ષત્રિય' વિરોધી નહોતા, પણ 'અત્યાચાર' વિરોધી હતા. પરશુને ભગવાન શિવનું તેજ માનવામાં આવે છે. પરશુરામે આ જ શસ્ત્રના જ્ઞાન દ્વારા ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્જ અને કર્ણ જેવા મહારથીઓને યુદ્ધકળા શીખવી હતી. પુરાણો અનુસાર પરશુરામ ભગવાન 'ચિરંજીવી' છે, એટલે કે તેઓ આજે પણ મહેન્દ્રગિરી પર્વત પર તપસ્યામાં લીન છે અને તેમનું દિવ્ય પરશુ તેમની પાસે જ છે. ભગવાન પરશુરામનું પરશુ આપણને શીખવે છે કે જ્યારે પાપનો ઘડો ભરાઈ જાય, ત્યારે શાંતિ જાળવવી એ કાયરતા છે. અન્યાય સામે અવાજ ઉઠાવવો એ પણ એક ધર્મ જ છે.

# પવનની ગતિ રહેશે સાનુકૂળ, હવામાન વિભાગની આગાહી

## અમદાવાદમાં ઉત્તરાયણ પર પતંગબાજો માટે ખુશખબર

• અમદાવાદ

ગુજરાતના લોકપ્રિય પર્વ ઉત્તરાયણને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે પતંગ રસિકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, 14 અને 15 જાન્યુઆરીના રોજ રાજ્યમાં પવનની ગતિ પતંગ ચગાવવા માટે ખૂબ જ સાનુકૂળ રહેશે. હવામાન વિભાગ મુજબ, 14-15 જાન્યુઆરીના રોજ પવનની ઝડપ 5 થી 15 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. જેમાં 14મી જાન્યુઆરીએ પવન મુખ્યત્ત્વે ઉત્તર-પશ્ચિમ દિશાનો રહેશે. જ્યારે 15મીએ પણ ઉત્તર-પશ્ચિમ તરફથી પવન ફૂંકાશે. સૌરાષ્ટ્ર ઝોનમાં પવનની દિશા ઉત્તર-પૂર્વની રહેશે, જે પતંગબાજો માટે 'કાઈપો છે' ના નાદ સાથે તહેવાર માણવા માટે ઉત્તમ સાબિત થશે. વાતાવરણની સ્થિતિ અંગે વાત કરીએ તો, આગામી 7 દિવસ સુધી રાજ્યમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે. તાપમાનમાં પણ સતત વધ-ઘટ જોવા મળશે. આગામી 3 દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં થોડો વધારો થશે, પરંતુ ત્યારબાદના 4 દિવસમાં પારો 2 થી 3 ડિગ્રી જેટલો ગગડી શકે છે. ખાસ કરીને વહેલી સવારે અને રાત્રે ઠંડીનું જોર વધવાની શક્યતા છે. સમગ્ર રાજ્યમાં સરેરાશ લઘુતમ તાપમાન 16 ડિગ્રીની આસપાસ રહેવાની ધારણા છે, જેનાથી પતંગબાજોએ ધાબા પર ઠંડીનો સામનો કરવા માટે પણ તૈયાર રહેવું પડશે. સ્થાનિક તાપમાનના આંકડા જોઈએ તો, કચ્છના નલિયામાં લઘુતમ તાપમાન 6 ડિગ્રી અને અમરેલીમાં ૯ ડિગ્રી નોંધાયું છે, જે રાજ્યના સૌથી ઠંડા વિસ્તારો રહ્યા છે. અમદાવાદમાં આજે લઘુતમ તાપમાન 16 ડિગ્રી નોંધાયું છે. જેમાં આગામી 24 કલાકમાં 1 ડિગ્રીનો ઘટાડો થઈને પારો 15 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. આમ, ઉત્તરાયણના પર્વ પર આકાશમાં પતંગોની પેચબાજી માટે પવનનો સાથ મળશે, પરંતુ સાથે સાથે કડકડતી ઠંડીનો ચમકારો પણ અકબંધ રહેશે.

# હવે હાઈવે પર વાહન રોક્યું તો એઆઈ કેમેરા કંટ્રોલ રૂમને જાણ કરશે

• નવી દિલ્હી

નેશનલ હાઈવે પર 30 ટકા એકિસડન્ટ રસ્તા પર ઉભેલા વાહનોના કારણે થાય છે. તેને રોકવા માટે હવે એઆઇ કેમેરાની મદદ લેવામાં આવશે. હવે કોઈ વાહન હાઈવે પર 2 મીનીટથી વધુ સમય પણ ઉભું રહ્યું તો એઆઈ કેમેરા તેની સૂચના કંટ્રોલ રૂમને મોકલશે. એ વાહનોને તાત્કાલીક હટાવી દેવાશે. જે અકસ્માતોનું કારણ બને છે. હાઈ-વે પર ટ્રાફિક વ્યવસ્થામાં પણ આ ટેકનિક મહત્વની ભૂમિકા ભજવશે. પહેલા તબકકામાં આ ટેકનિક ત્રણ એક્સપ્રેસ-વે દિલ્હી-મુંબઈ, પૂર્વાચલ અને અમદાવાદ-વડોદરા પર પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરી દેવાયો છે. માર્ગ પરિવહન તેમજ હાઈવે મંત્રાલયે આ સંદર્ભમાં હાલમાં જ એક પરિપત્ર જાહેર કર્યો છે. યોજના અંતર્ગત એક્સપ્રેસ-વે પર હાઈ-ડેફિનેશન એઆઈ કેમેરા લગાવવામાં આવી રહ્યા છે. જે માત્ર વોચ જ નહીં રાખે, બલ્કે મેન્સીંગ ટેકનિકથી સંભવિત ખતરાની પણ ઓળખ કરશે. આ ટેકનિકનો મુખ્ય ઉદેશ હાઈ-વે પર ઉભા રહેલા કે ખરાબ વાહનોની ઓળખ કરી કંટ્રોલ રૂમને સૂચના આપવાનો છે, જેથી વાહનચાલકોને ચેતવણી મોકલી શકાય અને દુર્ઘટના ટાળી શકાય. વાહન બે મિનિટ પણ રસ્તા પર ઉભું રહ્યું તે એઆઈ સિસ્ટમથી તરત એલર્ટ મોકલાશે.

**વિરોધના એંધાણ** કોંગ્રેસ શાસનમાં પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણમાં પીએચડી સુધી કન્યા કેળવણી મફત હતી : કોંગ્રેસ

# આંબેડકર ઓપન યુનિવર્સિટીએ વિવિધ કોર્સની ફીમાં 3000થી 15 હજાર સુધીનો વધારો કર્યો

## સામાન્ય અને ગરીબ ઘરના વિદ્યાર્થીઓ નોકરી સાથે અભ્યાસ કરવાનું ટાળશે

• અમદાવાદ

ગુજરાતની એક માત્ર સરકારી ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ યુનિવર્સિટી એવી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા યુજી અને પીજીના વિવિધ કોર્સમાં તેમજ જુદી જુદી સર્વિસ માટેની ફીમાં જંગી વધારો કરવામાં આવ્યો છે. અગાઉ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની ફી અલગ અલગ હતી એટલે કે છોકરીઓની ફી છોકરાઓ કરતાં ઓછી હતી પરંતુ હવે બંને માટે એક સરખી ફી કરીને ફી વધારા સાથે નવી પાંચ હજાર રૂપિયા વાર્ષિક ફી કરવામાં આવી છે. જ્યારે બેચલર ઓફ એજ્યુકેશન(ઓપન એન્ડ ડિસ્ટન્સ)માં સંપૂર્ણ કોર્સની ફી 20 હજારથી વધારીને 35 હજાર અને બેચરલ ઓફ સ્પેશલ એજ્યુકેશનની ફી 30 હજારથી વધારીને 45 હજાર રૂપિયા કરવામાં આવી છે. આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં દર વર્ષે હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ યુજી-પીજી અને પીએચડી સહિતના વિવિધ અભ્યાસક્રમોમાં એક્સટર્નલમાં અભ્યાસ કરતા હોય છે ત્યારે આંબેડકર યુનિવર્સિટીની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા તમામ કોર્સમાં નવી ફી નક્કી કરવામાં આવી છે. આ મુદ્દે કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે અને ફરિયાદ ઉઠાવવામાં આવી છે




કે એક લાખથી વધુ વિદ્યાર્થીઓ પર 178 ટકા અને વિદ્યાર્થિનીઓ પર 317 ટકા જેટલો જંગી ફી વધારો કરવામાં આવ્યો છે. કોંગ્રેસ શાસનમાં પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણમાં પીએચડી સુધી કન્યા કેળવણી મફત હતી. પરંતુ ભાજપ શાસનમાં દીકરીઓ શિક્ષણથી વંચિત રહે તે રીતે જંગી ફી વધારો કરાયો છે. આ અંગે કોંગ્રેસ પ્રવક્તા મનિષ દોષીએ જણાવ્યું કે આંબેડકર યુનિ.દ્વારા 73થી વધુ અભ્યાસક્રમો સાથે 500 જેટલા સ્ટડી સેન્ટરો ચલાવવામાં આવે છે. યુનિ.ના સત્તાધીશો દ્વારા બીએમાં છોકરાઓ માટે 178 ટકા અને છોકરીઓ માટે 317 ટકા જેટલો જંગી ફી વધારો કરવામાં આવ્યો છે. બીએમાં અગાઉ છોકરાઓ માટે 1800 અને છોકરીઓ માટે 1200 વાર્ષિક ફી હતી જેમાં હવે સમાનપણે એક સરખી 5000 ફી કરવામાં આવી છે. એક બાજુ સગવડો અને સુવિધા તેમજ બ્યુટીફિકેશન માટે લાખો રૂપિયાનો આડેધડ ખર્ચ થાય છે ત્યારે બીજી બાજુ સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ માટે જંગી ફી વધારો કરવામાં આવ્યો છે. જ્યારે બીજી બાજુ આ અંગે યુનિવર્સિટીનું કહેવું છે કે 19 વર્ષથી કોઈ જ ફી વધારો કરાયો ન હતો. કારણકે વિદ્યાર્થીઓને સેલ્ફ લર્નિંગ મટીરિયલ પણ યુનિ. દ્વારા અપાય છે અને એટલું જ નહીં ઘરે પણ મોકલવામાં આવે છે જેથી કોર્સ તૈયાર કરાવવાથી માંડી પ્રિન્ટિંગ, ડિલિવરી, ટ્રાન્સપોર્ટેશન તેમજ સ્ટુડન્ટ કાઉન્સેલિંગ સુધીના અનેક ખર્ચમાં વધારો થયો છે અને જે સ્વભંડોળમાંથી કરાય છે. ઉપરાંત ઘણા કોર્સમાં કોઈ ફી વધારો કરાયો નથી. અગાઉની જ ફી રખાઈ છે. સરકારને ઓપન યુનિ.માં વિદ્યાર્થીઓ અને ખાસ કરીને છોકરીઓ વધુને વધુ ડિસ્ટન્સ લર્નિંગમાં ભણે અને ઉચ્ચ શિક્ષણમાં એનરોલમેન્ટ રેશિયો વધે તેમાં રસ ન હોવાની ફરિયાદ ઉઠી છે. સરકાર દ્વારા જો તાયફાઓ બંધ કરીને આંબેડકર યુનિ.ને વધુ ગ્રાન્ટ અપાય તો ફી ઘટાડી શકાય છે અને નજીવા ખર્ચે વિદ્યાર્થીઓને ખાસ કરીને છોકરીઓને એક્સટર્નલમાં અભ્યાસ કરાવી શકાય છે. યુનિ.ને વધુ ખર્ચ થતો હોય તો યુનિ.એ સરકાર પાસેથી વધુ ગ્રાન્ટ માંગવી જોઈએ અને સરકાર જો આપે તો ફી ઘટાડી શકાય. આંબેડકર ઓપન યુનિવર્સિટી રાજ્યની પ્રથમ સરકારી ઓપન યુનિ. છે અને જેમાં નોકરી સાથે હજારો વિદ્યાર્થીઓ દર વર્ષે યુજી-પીજીનો અભ્યાસ કરતા હોય છે. પરંતુ હવે ફી વધારો કરવામાં આવ્યો છે ત્યારે સામાન્ય અને ગરીબ ઘરના વિદ્યાર્થીઓ નોકરી સાથે અભ્યાસ કરવાનું ટાળશે. જેથી વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી શકે છે.

## સિલિકોસિસ ગ્રસ્ત વ્યક્તિને 03 લાખ સુધીની સહાય

# અમદાવાદમાં સિલિકોસિસ ગ્રસ્ત શ્રમિકોને સહાય અને મફત મેડિકલ સારવાર અપાઈ

**નિદાન અને સારવાર** સિલિકોસિસ ગ્રસ્ત વ્યક્તિને 03 લાખ સુધીની સહાય, મૃત્યુ ઉપર પરિવારને 4 લાખની સહાય

• અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટમાં પીપલ્સ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ સેન્ટર ટ્રસ્ટ અને 19 અરજદારો દ્વારા અરજી કરવામાં આવી છે. જેમાં સિલિકોસિસથી મૃત્યુ પામેલા પુરુષોની વિધવા મહિલાઓનો પણ સમાવેશ થાય છે. અરજદાર સંસ્થા અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે કામ કરે છે. જેને સુપ્રીમના હુકમ મુજબ સિલિકોસિસ બીમારીથી મૃત્યુ પામેલા લોકોના પરિજનોને વળતર ચૂકવવા અને સારવાર માટે પોલીસી બનાવવા માંગ કરી છે. આ અરજી ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ ડી.એન.રેની બેન્ચ સમક્ષ ચાલી રહી છે. જેમાં આજે સરકારી વકીલે જણાવ્યું હતું કે, સિલિકોસિસ ગ્રસ્ત વ્યક્તિને 3 લાખ રૂપિયા સુધીની સહાય કરવામા આવશે. તેમની તપાસ અને સારવારની ખર્ચો આપવામાં આવશે. દવાઓ માટે મહિને 1500 રૂપિયા સુધીની સહાય કરવામાં આવશે. દરેક સરકારી હોસ્પિટલમાં મફત સારવાર આપવામાં આવશે. કોર્ટે સૂચન કર્યું હતું કે, સિલિકોસિસ બીમારીથી ઓળખવા કોઈ ઓળખકાર્ડ કે એવું પ્રાવધાન કરો અને તેઓ સુધી આ સહાયની માહિતી પહોંચાડો. સરકારી વકીલે કહ્યું હતું કે, અસરગ્રસ્ત શ્રમિકે મદદ મેળવવા માટે લેબર કમિશનર અને ડાયરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ સેફટી સમક્ષ અરજી કરવી પડશે. તેના મેડિકલ ડોક્યુમેન્ટ વેરીફાઈ થશે. અરજદારે જણાવ્યું હતું કે, આવા શ્રમિકોના પુનઃવસન માટે તેમને માસિક પેન્શન આપવાની પણ જરૂર છે. કોર્ટે તેમાં સુર પુરાવ્યો હતો કે સિલિકોસીસ ગ્રસ્ત શ્રમિકો કાયમી અશક્ત થતા તેઓ કામ કરી શકે નહીં, તો તેમને આર્થિક સહાયની જરૂર પડે. સરકારી વકીલે કહ્યું હતું કે, અહીં ગુજરાતમાં સૌથી વધુ અસરગ્રસ્ત શ્રમિકો છે. જેથી કોર્ટે કહ્યું હતું કે, ગુજરાત એક ઔધોગિક રાજ્ય છે, જેથી અહીં બહારથી શ્રમિકો આવતા હોય છે. સરકારી વકીલે જણાવ્યું હતું કે, ઉપરોક્ત બાબતો સિવાય અંતિમ ક્રિયા, બાળકોના ભણતર વગેરે માટે પણ અલગ અલગ સ્કીમમાં તેઓ એપ્લાય કરી શકે છે. કોર્ટે 8 જાન્યુઆરી, લેબર અને સ્કીલ વિકાસ વિભાગના સેક્રેટરીની



એફિડેવિટ રેકર્ડ ઉપર લીધી હતી. જેમાં સરકારે 7 જાન્યુઆરી, 2026 એ કરેલ ઠરાવ અંગે જણાવવામાં આવ્યું છે. જે મુજબ સિલિકોસીસ બીમારીથી પીડિત શ્રમિકોને 3 લાખ સુધી પીડિતને વળતર આપવામાં આવશે. તેઓનું નિદાન અને સારવાર ફ્રી કરવામાં આવશે. દરેક સરકારી હોસ્પિટલ, મેડિકલ કોલેજ અને ક્લિનિકમાં સારવાર થશે. આ મુદ્દે વધુ સુનાવણી 16 ફેબ્રુઆરીએ યોજાશે.

# મહીસાગર જિલ્લામાં નિયમોનું ઉલ્લંઘન કરનારા 53 CSC આઈડી બ્લોક કરવામાં આવી

## પારદર્શિતા લાવવા જિલ્લા ડિસ્ટ્રિક્ટ મેનેજર દ્વારા કડક કાર્યવાહી




• કાનજી ધામોત મહીસાગર

મહીસાગર જિલ્લામાં ડિજિટલ સેવાઓ આપતા કોમન સર્વિસ સેન્ટરોમાં કાર્યપદ્ધતિ વધુ પારદર્શક બને અને નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી મહત્વની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લા - ડિસ્ટ્રિક્ટ મેનેજર સાગર સોનીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે જિલ્લામાં સરકારી અને અર્ધ-સરકારી સેવાઓ આપતા સેન્ટરો પર નિયમોનું પાલન થાય તે અનિવાર્ય છે. તાજેતરમાં કરવામાં આવેલી તપાસ અને મળેલી ફરિયાદોના આધારે મહીસાગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કાર્યરત એવા 53 સી.એસ.સી સેન્ટરોના લોગિન આઈડી તાત્કાલિક અસરથી બ્લોક કરી દેવામાં આવ્યા છે. આ કેન્દ્રોપર ખાસ કરીને સી.એસ.સી દ્વારા નક્કી કરવામાં કોમન બ્રાન્ડિંગ અને ભાવ પત્રક એટલે કે રેટ લિસ્ટ પ્રદર્શિત કરવામાં આવ્યા ન હતા અને કેટલાક સંચાલકો પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ (પી. સી.સી) વિના જ કામગીરી કરી રહ્યા હોવાનું ધ્યાન પર આવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ મેનેજર સાગર સોનીએ વધુમાં સ્પષ્ટતા કરી હતી કે આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ્ય ડિજિટલ સેવાઓનો લાભ સાચા દરે મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે. હવેથી દરેક વીલેજ લેવલ એન્ટરપ્રેન્યોર એટલે કે વી.એલ.ઈ સંચાલકે પોતાના કેન્દ્ર પર ફરજિયાતપણે ઓથોરાઈઝડ બોર્ડ લગાવવું પડશે અને ગ્રાહકો જોઈ શકે તે રીતે તમામ સેવાઓના ભાવ દર્શાવવા પડશે. આ ઉપરાંત દરેક સંચાલક પાસે માન્ય પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ હોવું પણ જરૂરી છે. જો કોઈ સંચાલક નિયમોનું ઉલ્લંઘન કરશે અથવા તો નાગરિકો પાસેથી નિયત દર કરતા વધુ ચાર્જ વસૂલશે તો તેમના આઈડી કાયમી ધોરણે રદ કરવાની અને કાયદેસરના પગલાં લેવાની સૂચના પણ આપવામાં આવી છે. આ કામગીરીથી સમગ્ર જિલ્લાના સી.એસ.સી સંચાલકોમાં શિસ્તનો માહોલ જોવા મળી રહ્યો છે

# રાણપુરમાં તાલુકા પંચાયત ખાતે સમાજ શિક્ષણ શિબિર યોજાઈ

## અનુસૂચિતજાતિ ના લોકોને સરકાર દ્વારા મળતા લાભો અંગે માહીતી આપવામાં આવી

• વિપુલ લુહાર,રાણપુર

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં તાલુકા ખાતે નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગર તેમજ નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી બોટાદ દ્વારા રાણપુરમાં તાલુકા પંચાયત ખાતે તાલુકા કક્ષાની સમાજ શિક્ષણ શિબિર યોજાઈ જેમાં અનુસૂચિતજાતિ ના લોકોને સરકાર દ્વારા મળતા લાભો જેવા કે ડો.બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના,મામેરું સહાય અને વિદ્યાથીઓના શિક્ષણ ને લગતી યોજના ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર ની ચાલે છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી.આ શિબિરમાં બોટાદ જિલ્લા ભાજપ ના ઉપ.પ્રમુખ વિનુભાઈ સોલંકી,સામાજિક ન્યાય સમિતિના ચેરમેન હીરાભાઈ ખાણીયા,સમાજ કલ્યાણ વિભાગના નાયબ નિયામક અજીતસિંહ બારડ,નાયબ તાલુકા વિકાસ અધિકારી સી.સી.દવે,અનુસુચિત



સમાજના આગેવાન પ્રકાશભાઈ મકવાણા,ઉપ. સરપંચ દિનેશભાઈ મકવાણા,નવલભાઈ મકવાણા,કીશનભાઈ મકવાણા તેમજ બોટાદ જિલ્લા પંચાયત સમાજ કલ્યાણ વિભાગ ના નિરીક્ષક સહીત મોટી સંખ્યામાં અનુસુચિત જાતિ સમાજના લોકો હાજર રહ્યા હતા..

# મોદીએ આપેલી 200 ગાયની ભેટનો ઉલ્લેખ કરતા રવાન્ડાના હાઇકમિશ્નર

• અમદાવાદ

પાર્ટનર કન્ટ્રી રવાન્ડાનાં હાઈ કમિશ્નર સુશ્રી જેક્લીન મુકાનગીરાએ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના આયોજન બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, રવાન્ડા અને ભારત વચ્ચે સુમેળભર્યા દ્વિપક્ષીય સંબંધો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ષ 2018માં રવાન્ડાની મુલાકાત દરમિયાન ત્યાંના જરૂરિયાતમંદ પરિવારોને આપેલી 200 ગીર ગાયોની ભેટનો ઉલ્લેખ કરી તેમણે વડાપ્રધાનનો આભાર વ્યક્ત કર્યો હતો.

રવાન્ડાના રાષ્ટ્રપ્રમુખે ભારતની પાંચ વાર મુલાકાત લીધી હોવાનું કહી જણાવ્યું હતું કે, તેઓ વર્ષ 2017માં વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં સહભાગી થયા હતા. આ બંને નેતાઓના કારણે બંને દેશો વચ્ચેના સંબંધો વ્યૂહાત્મક દ્રષ્ટિએ પણ ઘણા અગત્યના હોવાનું તેમણે ઉમેર્યું હતું. રવાન્ડા એક ઝડપથી વિકાસ પામતો, ભ્રષ્ટાચાર પ્રત્યે ઝીરો ટોલરન્સની નીતિ ધરાવતો દેશ હોવાનું જણાવી તેમણે કહ્યું કે, રવાન્ડાની અર્થવ્યવસ્થા વર્ષ 2025ના ત્રિમાસિક ગાળામાં 11.8 ટકાના દરે વિકાસ પામી હતી.વહીવટી પારદર્શિતામાં અને વર્ષ 2024ના વર્લ્ડ બેન્કના રિપોર્ટમાં રવાન્ડા ઈઝ ઓફ ડુઈંગ કેટેગરીમાં સમગ્ર આફ્રિકામાં રવાન્ડા પ્રથમ ક્રમે હોવાનો ઉલ્લેખ તેમણે કર્યો હતો. આ સાથે કહ્યું હતું કે, ભારત રવાન્ડામાં દ્વિતીય ક્રમનો વિદેશી રોકાણકાર અને વ્યાપારી ભાગીદાર છે અને બંને દેશો વચ્ચેના સંબંધો સતત વિકાસ પામી રહ્યા છે.

## ધંધુકા ST ડેપોમાં રોડ સેફ્ટી સપ્તાહ ઉજવાયું

# ડ્રાઈવરોને માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવા માર્ગદર્શન અપાયું

• અમદાવાદ

અમદાવાદ જીલ્લાના ધંધુકા એસટી ડેપોમાં રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમનું આયોજન થયું, જેમાં એસટી અને ટ્રાફિક વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન એસટી બસ ડ્રાઈવરોને માર્ગ અકસ્માતો ઘટાડવા માટે માર્ગદર્શન અપાયું. તેમને ટ્રાફિકના મૂળભૂત નિયમો, વધુ ઝડપથી વાહન ચલાવવાના જોખમો, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવા અને સીટ બેલ્ટ-હેલ્મેટના મહત્વ વિશે વિગતવાર સમજાવવામાં આવ્યું. લાંબા રૂટ પર જતા ડ્રાઈવરો માટે થાક વ્યવસ્થાપન, સમયાંતરે આરામ




લેવાની ફરજિયાતતા અને વરસાદી કે ધુમ્મસવાળા વાતાવરણમાં સાવચેતી રાખવા જેવા મુદ્દાઓ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. ધંધુકાના ઈનચાર્જ ડેપો મેનેજર એમ. જે. મલેકે જણાવ્યું કે માર્ગ સુરક્ષા ફક્ત નિયમો પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે દરેક નાગરિકની જવાબદારી છે. તેમણે ડ્રાઈવરોને માર્ગ સલામતીને પ્રાથમિકતા આપવા અને મુસાફરોની સુરક્ષા માટે સતર્ક રહેવા અપીલ કરી. ડેપો મેનેજરે વધુમાં માહિતી આપતા જણાવ્યું કે, હાલમાં દરેક ડ્રાઈવરને ફરજ પર ચડતા પહેલા એટીઆઈ દ્વારા બ્રીથ એનાલાઈઝર મશીનથી દારૂના સેવન અંગે ચકાસણી કરવામાં આવે છે. આ ચકાસણી બાદ જ તેમને ફરજ સોંપવામાં આવે છે.

# અમદાવાદમાં મહેર સમાજના આરોગ્ય સપનાને સાકાર કરતું શ્રી કાનાભાઈ એભાભાઈ મોઢવાડિયા આરોગ્ય ભવન લોકાર્પિત

## સેવા જ્યારે સંસ્કાર બને ત્યારે સમાજ ઈતિહાસ રચે : મહેર સમાજની માનવતા, એકતા અને દીર્ઘદ્રષ્ટિ કવર સ્ટોરીનું બન્યું સ્મારક



• વિરમભાઈ કે.આગઠ

સમાજ જ્યારે એક વિચાર, એક ભાવના અને એક દિશામાં આગળ વધે ત્યારે ઈતિહાસ સર્જાય છે. એવી જ એક ઐતિહાસિક અને હૃદયસ્પર્શી ક્ષણ અમદાવાદ શહેરે ગઈકાલે અનુભવી, જ્યાં મહેર સેવા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત અંદાજે ૧૦ કરોડ ના ખર્ચે તૈયાર થયેલા શ્રી કાનાભાઈ એભાભાઈ મોઢવાડિયા આરોગ્ય ભવનના લોકાર્પણ સાથે મહેર સમાજે આરોગ્ય સેવાના ક્ષેત્રે એક દીર્ઘકાળીન સેવા યાત્રાનો શુભારંભ કર્યો. સમારંભની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે ઉપસ્થિત મહેમાનોના પુષ્પગુચ્છથી સ્વાગત કરીને કરવામાં આવી હતી. એડિશનલ કલેક્ટર જીતુભાઈ વદર દ્વારા કરાયેલું શબ્દસ્વાગત સૌના હૃદયને સ્પર્શી ગયું. મુંબઈ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ સહિત દેશ-વિદેશમાંથી પધારેલા મહેમાનોની હાજરીએ સમારંભને એક પરિવારિક મહોત્સવનું સ્વરૂપ આપ્યું. સરદાર પટેલ નેશનલ મેમોરિયલ, શાહિબાગ ખાતે યોજાયેલા આ સમારંભમાં સમાજની એકતા, પરંપરા અને પરોપકાર જીવંત બની ઉઠ્યા. ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અર્જુભાઈ મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ આ આરોગ્ય ભવનને “માત્ર ઈમારત નહીં, પરંતુ સંવેદનશીલ સમાજની જીવંત સેવા પ્રતિમા” ગણાવી. દેશ-વિદેશમાંથી પધારેલા મહેર સમાજના આગેવાનો, ઉદ્યોગપતિઓ અને સેવાભાવી દાતાઓની હાજરીએ કાર્યક્રમને વૈશ્વિક ગૌરવ આપ્યું. રાણાવાવ નિર્માણધામના સ્વામી પરમાત્માનંદજી ,યુકેથી ઈન્ટરનેશનલ મહેર સુપ્રીમ કાઉન્સિલના પ્રમુખ વિમલજીભાઈ ઓડેદરા, લેસ્ટર મહેર સમાજના પ્રમુખ સંજયભાઈ કારાવદરા, માલદેવ રાણા ઓડેદરા સ્મારક ટ્રસ્ટ ના પ્રમુખ અને શિક્ષણ ક્ષેત્રના અગ્રણી ડૉ .વીરમભાઈ ગોઢાણીયા, દુબઈથી ઈન્ટરનેશનલ ઉદ્યોગપતિ ગજરાજભાઈ રાણાવાય, મુંબઈથી યુવા ઉદ્યોગપતિ ધર્મેશભાઈ ગોઢાણીયા અમદાવાદ થી શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ ના જોઈન્ટ એમ. ડી નિલેશભાઈ ઓડેદરા, રાજકોટ ના જાણીતા બિઝમેશમેન નાગેશભાઈ ઓડેદરા, રાજકોટ મહેર સમાજના પ્રમુખ પરબતભાઈ ઓડેદરા, ગાંધીનગર થી ડેપ્યુટી કલેક્ટર ભૂમિબેન કેશવાલા, ડેપ્યુટી ડાયરેક્ટર નેશનલ ઈન્ફોર્મેટિક સેન્ટર, ગાંધીનગર ના અતુલભાઈ ખુંટી સહિત અનેક મહાનુભાવોએ સમાજ સેવાના આ મહાયજ્ઞને વધાવ્યો.

માતબર દાન આપી આધુનિક આરોગ્ય ભવનનું સ્વપ્ન સાકાર કર્યું.મહેર સેવા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ અજયભાઈ મોઢવાડિયાએ રૂ. ૧ કરોડ ૧૧ લાખ ૧૧ હજારનું માતબર દાન આપી સમાજ સેવામાં અદભુત ઉદાહરણ સ્થાપિત કર્યું. તેમણે માત્ર દાન આપ્યું એટલું જ નહીં પરંતુ આરોગ્ય ભવનની રચનાથી લઈને નિર્માણ સુધીની દરેક જવાબદારી જાતે સંભાળી, સેવાભાવના સાથે સુવિધાસજ્જ અને આધુનિક આરોગ્ય ભવનનું સ્વપ્ન સાકાર કર્યું. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે “આ ભવન સમાજની પીડાને પોતાના ઘરની પીડા સમજીને ઊભું થયું છે.” ટ્રસ્ટના ઉપપ્રમુખ રામદેભાઈ મોઢવાડિયાએ દેશ-વિદેશમાં ફરતાં ફાળો એકત્ર કરી સમાજને એક સૂત્રમાં બાંધ્યો. તેમણે સ્વપ્નથી સાકાર સુધીની સફર વર્ણવી, જેમાં દરેક દાતાનો ફાળો સમાજની એક ઈંટ સમાન હોવાનું જણાવ્યું. કાનાભાઈ મોઢવાડિયા” પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. ગાંગાભાઈ સરમા સંપાદકીય માર્ગદર્શક અને લેખક ભાર્ગવ ચાવડિયા દ્વારા લખાયેલ આ પુસ્તક અજયભાઈ મોઢવાડિયાના પિતાશ્રીના સેવાભર્યા જીવનનું પ્રેરક દસ્તાવેજ બનેલ છે. આરોગ્ય ભવનની આધુનિક સુવિધાઓની ઉપલબ્ધી આરોગ્ય ભવન સીવીલ હોસ્પિટલથી માત્ર પાંચ મિનિટના અંતરે આવેલું છે.

૨૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં નિર્મિત આ ભવનમાં ત્રણ માળ, ૨૧ રૂમો, બે જનરલ ડોરમેટ્રી રૂમ, બે રસોડાં, ૨૧,૦૦૦ લીટર ક્ષમતાની અન્ડરગ્રાઉન્ડ પાણી ટાંકી, હિટપંપ, વાઈ-ફાઈ, ઈન્ટરકોમ, ટીવી, એસી સુવિધા, અદ્યતન ફાયર સિસ્ટમ તેમજ ટેરેસ પર ૨૦૦ લોકો માટે શેડ અને સોલાર સિસ્ટમ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. આ લોકાર્પણ સમારંભે સાબિત કર્યું કે મહેર સમાજ સેવા દ્વારા સંસ્કારને અને સંસ્કાર દ્વારા સમાજને મજબૂત બનાવે છે.

### ગાંધીનગરના નાગરિકો સ્માર્ટ સિટી બનેલા ગાંધીનગરને ખાડા નગરી તરીકે ઓળખાવી રહ્યા છે

# ગાંધીનગરમાં 251 કરોડનું આંધણ છતાં નવી ગટર લાઈનનું કામ ત્રણ વર્ષે પણ પૂરું નહીં

**કડક પગલા જરૂરી** — મુંબઈની આ એજન્સી ગાંધીનગર જ નહી પરંતુ અમદાવાદમાં પણ મોટા કામ કરી રહી છે

• ગાંધીનગર

રાજ્યના પાટનગર ગાંધીનગર શહેરમાં વર્ષો જૂની ગટર લાઈન બદલવા માટે કોર્પોરેશનના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ સરકારના માર્ગ અને મકાન વિભાગને કામગીરી સોંપવામાં આવી હતી અને ટેન્ડર પ્રક્રિયાને અંતે ૨૫૧ કરોડ રૂપિયાનું ટેન્ડર મુંબઈની ખિલારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડને આપવામાં આવ્યું હતું. જોકે બે વર્ષના સમયગાળામાં સંપૂર્ણ કામગીરી પૂરી કરવા તાકીદ કરવામાં આવી હતી પરંતુ ત્રણ વર્ષે પણ આ કામ પૂરું થયું નથી. એટલું જ નહીં ગુણવત્તા વગરના કામને કારણે ગાંધીનગરના રહીશો સ્માર્ટ સિટીના બદલે ખાડા નગરીમાં રહેતા હોય તેવો અનુભવ કરી રહ્યા છે. એજન્સીની ગંભીર બેદરકારી છતાં સરકાર હજી સુધી આ એજન્સી સામે કોઈ જ કડક પગલાં ભરી શકી નથી. ગાંધીનગર શહેરની રચના કરવામાં આવી ત્યારે ૫૦ વર્ષ અગાઉ ગટર લાઈન નેટવર્ક ઊભું કરવામાં આવ્યું હતું પરંતુ સેક્ટરોમાં ગટરો ઉભરાવવાની વ્યાપક ફરિયાદોના પગલે મહાનગરપાલિકાના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ સમગ્ર ગટર લાઈનના નેટવર્કને જ બદલી નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તેના પગલે ગુજરાત સરકારના માર્ગ મકાન વિભાગ હસ્તક આવતા પાટનગર યોજના વિભાગને આ ગટર લાઈન બદલવા માટેની કામગીરી કરવા નિયત કરવામાં આવી હતી ટેન્ડર પ્રક્રિયાને અંતે મુંબઈની ખિલારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડને આ કામ વર્ષ ૨૦૨૨માં આપવામાં આવ્યું હતું. જોકે ૨૦૨૪ના ડિસેમ્બર સુધીમાં સમગ્ર ગાંધીનગરમાં કામગીરી પૂર્ણ કરી દેવા માટે પણ તાકીદ કરવામાં આવી હતી પરંતુ નબળી ગુણવત્તાનું કામ કરનાર અને ફક્ત મજૂરોના હવાલે સમગ્ર પ્રોજેક્ટને મૂકી દેનાર એજન્સીને ત્રણ ત્રણ વખત મુદત વધારી આપવામાં આવી હતી. વર્ષ 2024 ને બદલે હવે 2026 પણ શરૂ થઈ ગયું છે તેમ છતાં એજન્સી દ્વારા ગાંધીનગરમાં કામગીરી પૂરી કરવામાં આવી નથી. એટલું જ નહીં સેક્ટરોમાં ખોદકામ બાદ યોગ્ય પુરાણ નહીં કરવામાં આવતું હોવાની પણ ફરિયાદ વ્યાપક બની છે. મહાનગરપાલિકા દ્વારા આ સંદર્ભે સરકારને પણ અનેકવાર રજૂઆત કરવામાં આવી



છે પરંતુ સરકાર દ્વારા હજી સુધી આ એજન્સી સામે કોઈ જ પગલાં ભરવામાં આવ્યા નથી. મુંબઈની આ એજન્સી ગાંધીનગર જ નહીં પરંતુ અમદાવાદમાં પણ મોટા કામ કરી રહી છે તેમછતાં સુપર વિઝનના અભાવે નબળી ગુણવત્તાનું કામ કરવા છતાં તેનો કાન આંબળવાની હિંમત કોઈ દાખવતું નથી. હાલ તો છેલ્લા ત્રણ વર્ષથી ગાંધીનગરના નાગરિકો સ્માર્ટ સિટી બનેલા ગાંધીનગરને ખાડા નગરી તરીકે ઓળખાવી રહ્યા છે.

# ગાંધીનગરમાં આવતીકાલ 13મી જાન્યુઆરીએ રાજ્યની પ્રથમ હાઈ-ટેક લેબનો શિલાન્યાસ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ માણસામાં સ્પોર્ટ્સ સંકુલનું લોકાર્પણ કરશે

• ગાંધીનગર

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલ 13મી જાન્યુઆરીના રોજ પોતાના સંસદીય મતવિસ્તાર ગાંધીનગરમાં કરોડોના વિકાસ કાર્યોની ભેટ આપશે. આ પ્રવાસ દરમિયાન તેઓ માણસા ખાતે અદ્યતન સ્પોર્ટ્સ સંકુલનું લોકાર્પણ કરશે, તેમજ ગાંધીનગર સેક્ટર-28 ખાતે ગુજરાતની સર્વપ્રથમ હાઈ-ટેક બાયો-સેફ્ટી લેવલ-4 લેબનો શિલાન્યાસ કરશે. ગાંધીનગરના સેક્ટર-28માં એનિમલ વેક્સિન ઈન્સ્ટિટ્યૂટ પાસે તૈયાર થનારી આ BSL-4 લેબ દેશની બીજી અને ગુજરાતની પ્રથમ લેબ હશે. આ લેબમાં અત્યંત ચેપી વાયરસ અને પશુઓમાં ફેલાતા ગંભીર રોગો પર સંશોધન કરી શકાશે. આ સુવિધા 'બાયો-કન્ટેઈનમેન્ટ ફેસીલીટી'થી સજ્જ હશે. જે ગુજરાતને પશુ આરોગ્ય અને રસીકરણના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવશે. ઉપરાંત 13મી જાન્યુઆરીએ સવારે 10 કલાકે માણસાની આર્ટસ કોલેજ સંકુલમાં અમિત શાહ નવનિર્મિત અદ્યતન રમતગમત સંકુલ જનતાને સમર્પિત કરશે. આ સંકુલ સ્થાનિક ખેલાડીઓને આધુનિક સુવિધાઓ પૂરી પાડશે, જેથી ગ્રામીણ સ્તરેથી પ્રતિભાઓ બહાર આવશે. આ ઉપરાંત માણસા તાલુકાના અન્ય વિવિધ વિકાસ પ્રકલ્પોનું પણ લોકાર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમોને લઈને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગૃહમંત્રીના આગમનને પગલે ગાંધીનગર અને માણસામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવશે

# પસંદગીના શેરોમાં ધુમ લેવાલી : સેન્સેક્સ 300 પોઈન્ટ ઉંચકાયો

**રાજકોટ :** મુંબઈ શેરબજારમાં ગત સપ્તાહની કારમી મંદી બાદ આજે નવા સપ્તાહના પ્રારંભે રીકવરી આવી હોય તેમ પસંદગીના ધોરણે ધુમ લેવાલી નીકળતા મોટા ભાગના શેરોમાં ઉછાળો હતો અને સેન્સેક્સ 300 પોઈન્ટ ઉંચકાયો હતો.શેરબજારમાં આજે શરૂઆત સાવચેતીના ટોને થઈ હતી. બપોર સુધી બેતરફી વધઘટ આવતી રહી હતી. ટેરીફ વોર વચ્ચે ભારત-અમેરિકાની વાટાઘાટો નવેસરથી શરૂ થવાના સંકેત ઉપરાંત અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચાલુ વર્ષે ભારત આવે તેવી શકયતા જેવા અહેવાલોથી માનસ પોઝીટીવ બન્યું હતું. મોટાભાગના શેરો તેજી તરફી થયા હતા. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે માર્કેટને સૌથી મોટુ ટેન્શન ટેરીફ વોરનું જ છે તેનું કોઈ હકારાત્મક નિવારણ આવવાના સંજોગોમાં બજાર તેજીના માર્ગે દોડી શકે છે. આવનારા દિવસો માર્કેટ માટે મહત્વના બનશે. શેરબજારમાં આજે બીએસઈ,પાવર ફાયનાન્સ, મન્નાપુરમ ફાયનાન્સ, આઈસીઆઈસીઆઈ બેન્ક, રિલાયન્સ, યસ બેન્ક, સુદિપ ફાર્મા જેવા શેરોમાં ઉછાળો હતો. જયારે લોરસ લેબ, કયુમીન્સ, પ્રેસ્ટીજ એસ્ટેટ, અંબર એન્ટરપ્રાઈઝ, એચડીએફસી બેંક, વોડાફોન, સુઝલોન, તેજસ નેટવર્ક જેવા શેરોમાં ઘટાડો હતો.

# ખેડૂત પરિવાર ખેતરે સૂવા જતાં ઘરમાંથી 3 લાખથી વધુની મતા સાફ કરી પલાયન

## દહેગામના મોટી મોરાલીમાં તસ્કરોનો આતંક

• ગાંધીનગર

ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકાના મોટી મોરાલી ગામમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવીને પોલીસને પડકાર ફેંક્યો છે. ખેડૂત પરિવાર જ્યારે ખેતરમાં રખોપું કરવા ગયો, ત્યારે રાત્રિના અંધકારનો લાભ લઈ તસ્કરોએ ઘરના તાળા તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત કુલ રૂ. 3.21 લાખની ચોરીને અંજામ આપ્યો હોવાની ફરિયાદ દહેગામ પોલીસ મથકના ચોપડે નોંધાઈ છે. દહેગામ તાલુકાના મોટી મોરાલી ગામના રાજાવતવાસમાં રહેતા ખેડૂત જયદિપસિંહ મોબતસિંહ રાજાવતના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે.

ઘટનાની વિગત મુજબ જયદિપસિંહ ગત સાંજે સાત વાગ્યે ઘરે દીવાબત્તી કરી ઘરને લોક મારી ખેતરે રાત્રિ રોકાણ માટે ગયા હતા. આ સમય દરમિયાન અજાણ્યા તસ્કરોએ ઘરની લોખંડની જાળીનો દરવાજો ખોલી મુખ્ય દરવાજાનો નકૂચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરના બે અલગ-અલગ રૂમમાં રાખેલી તિજોરીઓને ફંફોળી હતી, જેમાંથી 20 હજાર રોકડા તેમજ સોનાનો દોરો, સોનાની વીંટી, સોનાનું લોકીટ અને ચાંદીના રમજા સહિત કુલ રૂ. 3.21 લાખના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે પોલીસે જણાવ્યું કે, જયદિપસિંહની પત્ની હાલ સુવાવડ માટે પિયર ગયા છે.

જયદિપસિંહ રાજાવત તેમના પિતા અને દાદા સાથે ખેતરે ઘઉંના પાકનું રખોપું કરવા ગયા હતા. દરમિયાન તસ્કરોએ અંદાજે 26 ગ્રામ સોનાના ઘરેણાં અને 30 હજારની કિંમતના ચાંદીના દાગીના ચોરીને અંજામ આપ્યો હતો. આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મારી પાસે હજારો સુસાઇડ બોમ્બર, આંકડા જાણીને વિશ્વ હચમચી જશે :મસૂદ અઝહર

• નવી દિલ્હી

ભારતમાં અનેક આતંકી હુમલા માટે જવાબદાર પ્રતિબંધિત સંગઠન જૈશ-એ-મોહમ્મદે ફરી એક વખત ભારત પર હુમલાનું કાવતરુ ઘડયું હોવાના અહેવાલો સામે આવ્યા છે. એક ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે જેમાં જૈશનો વડો મસૂદ અઝહર કહી રહ્યો છે કે મારી પાસે હજારો સુસાઈડ બોમ્બર તૈયાર છે. ભારતે પાકિસ્તાનમાં ઓપરેશન સિંદૂર હાથ ધરીને જૈશના અનેક સ્થળોનો નાશ કર્યો છે એવા સમયે મસૂદ અઝહર આ સુસાઈડ બોમ્બરના દાવા કરી રહ્યો છે. વાયરલ ઓડિયો ક્લિપમાં મસૂદ અઝહર કહી રહ્યો છે કે તેની પાસે એક, બે કે હજાર નહીં પરંતુ તેનાથી પણ વધુ ફિદાયીન કે આત્મઘાતી હુમલાખોરો છે. અમારી પાસે કેટલા આત્મઘાતી હુમલાખોરો છે તેનો સાચો આંકડો જાહેર કરીશ તો પુરી દુનિયામાં હાહાકાર મચી જશે. મસૂદ વધુમાં કહે છે કે આ હુમલાખોરોને કોઈ વ્યક્તિગત લાભ, રૂપિયા કે ઈનામ અથવા વીઝા નથી જોઈતા તેઓને માત્ર શહાદત જોઈએ છે. આ હુમલાખોરો આત્મઘાતી હુમલા કરવા માટે ઉત્સાહિત છે. જૈશ-એ-મોહમ્મદના આતંકી મસૂદ અઝહરની ઓડિયો ક્લિપ વાયરલ થઈ જ રહી છે ત્યારે હવે અન્ય એક આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબાનો બીજા નંબરનો ટોચનો કમાન્ડર અને જમ્મુ કાશ્મીરના પહલગામ હુમલાનો માસ્ટરમાઈન્ડ સૈફુલ્લાહ કસૂરીનો એક વીડિયો સામે આવ્યો છે.

### ઘરઘંટીની કંપનીમાં 5 વ્યક્તિ કામ કરતા હતાં, 3 દોડીને બહાર નીકળી જતા બચી ગયા

# મેમ્કોમાં અંબિકા એસ્ટેટની આગમાં બે મજૂર ઊંઘમાં જ ભડથું

• અમદાવાદ

અમદાવાદના નરોડા રોડ પર મેમ્કો બ્રિજ નીચે આવેલા અંબિકા એસ્ટેટમાં ઘરઘંટી બનાવતી કંપનીમાં 11 જાન્યુઆરીની સાંજે શોર્ટસર્કિટથી આગ લાગી હતી. કંપનીમાં લાકડાના સામાનની સાથે પ્લાયવૂડ હોવાથી ગણતરીની મિનીટોમાં જ આગ-ધુમાડા ત્રણ માળની બિલ્ડિંગમાં પ્રસરી ગઈ હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ કે પહેલા માળે રાતપાળી કરીને સુતેલા બે મજૂરો ઊંઘમાં જ ભડથું થઈ ગયા હતા. બંનેને હોસ્પિટલ પહોંચાડાય તે પહેલા જ તેઓનું મોત થયું હતું. ઘટનાની જાણ થતા ફાયરની 10 ગાડીઓ સ્થળે પહોંચી હતી. ફાયરની 10 ટીમોએ 4 કલાકે આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગી ત્યારે 5 વ્યક્તિઓ કામ કરતા હતા તેમાંથી ત્રણ લોકો દોડીને બહાર નિકળી ગયા હતા. જ્યારે બે વ્યક્તિ અંદર ફસાઈ ગયા હતા. ધૂમાડો વધુ હોવાના લીધે ફાયર બ્રિગેડની ટીમે માસ્કનો ઉપયોગ કરી ફસાયેલા બંને મજૂરોને બેહોશ હાલતમાં બહાર કાઢી સારવાર માટે મોકલ્યા હતા. કંપનીના માલિક બ્રિજેશ મહેતાએ જણાવ્યું કે, છેલ્લા



પાંચ વર્ષથી તેઓ આ એકમ ભાડે રાખીને ચલાવી રહ્યા છે. બે દિવસ પહેલા દિલ્હીના સહારનપુર ખાતે હું મારા એસ્ટેટના કામથી ગયો હતો, જેને લઈને બે લોકો શનિવારે અમદાવાદ આવ્યા હતા. આ બંને લોકો બપોરના સમયે એસ્ટેટમાં આરામ કરી રહ્યા હતા, તે વખતે મને આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો.

જે બે લોકો અંદર સૂતા હતા તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આગ હાલમાં સંપૂર્ણપણે નિયંત્રણમાં આવી ગઈ છે, પરંતુ ઘટનાના કારણોની તપાસ ચાલુ છે. આ ઘટના બાદ અમદાવાદ મહાનગરપાલિકાએ અંબિકા એસ્ટેટના અમુક એકમોને સીલ કરવાનો નિર્ણય લીધો છે અને દસ્તાવેજો તથા સુરક્ષા ધોરણોની વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. આ મામલે અમદાવાદ ફાયર વિભાગના ડીએફઓ એસ.બી જાડેજાએ જણાવ્યું કે, આ કંપનીમાં ધુમાડા માટેનું વેન્ટિલેશન હોત તો કદાચ સુતેલા લોકોને બહાર નિકળવાનો મોકો હતો, જો છેલ્લી ઘડીએ પણ તેઓ પહેલા માળેથી કુદીને પણ જીવ બચાવી શકતા હતા. પરંતુ બિલ્ડિંગમાં વેન્ટિલેશન જ નથી, ફાયર એક્સ્ટીંગ્યુશર નથી. શહેરના તમામ રેસિડેન્ટ અને કોમર્શિયલ બિલ્ડિંગોમાં વેન્ટીલેશન ઓડિટ કરાવવું જોઈએ. કારણ કે આગ કરતા ધુમાડો વધારે જીવલેણ હોય છે. પ્લાઈવૂડમાં પણ આગ કરતા તેનો ધુમાડા જોખમી છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

તારા સુતારિયાએ વીર સાથે બ્રેકઅપની અફવાઓ પર કોઈ પ્રતિક્રિયા આપી ન હતી

# અભિનેત્રી તારા સુતરિયાએ ટોક્સિકનું પોસ્ટર શેર કર્યું



તારા સુતારિયા અને વીર પહારિયા વચ્ચે બ્રેકઅપની અફવાઓ ફેલાઈ રહી છે. આ બધું એપી ધિલ્લોનના મુંબઈ કોન્સર્ટ દરમિયાન વાયરલ થયેલા એક વીડિયોમાંથી ઉદ્ભવ્યું હતું, જેના કારણે સોશિયલ મીડિયા પર વ્યાપક વિવાદ અને હલચલ મચી ગઈ હતી. કોન્સર્ટ દરમિયાન, તારા ગાયક-રેપર એપી ધિલ્લોન સાથે સ્ટેજ પર દેખાઈ હતી, ત્યારબાદ એક વીડિયો ક્લિપ વાયરલ થઈ હતી જેમાં તેણી તેને ગળે લગાવતી અને ગાલ પર ચુંબન કરતી જોવા મળી હતી. કોન્સર્ટમાં હાજર રહેલા તારાના બોયફ્રેન્ડ વીર પહારિયાએ આ ઘટના પર પ્રતિક્રિયા આપી હતી, જેના કારણે અફવાઓ ફેલાઈ હતી કે આ દંપતી અલગ થઈ ગયું છે. વીર પહાડિયા સાથે બ્રેકઅપની અફવાઓ વચ્ચે, તારા સુતારિયાએ હવે સોશિયલ મીડિયા પર પોતાની પહેલી પોસ્ટ શેર કરી છે.પોતાની પોસ્ટમાં, તારા સુતારિયાએ વીર સાથે બ્રેકઅપની અફવાઓ પર કોઈ પ્રતિક્રિયા આપી ન હતી, પરંતુ તેના બદલે ઈન્સ્ટાગ્રામ પર તેની આગામી યશ-અભિનીત ફિલ્મ, ટોક્સિકનું પોસ્ટર શેર કર્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે ''ટોક્સિક'' ના ટીઝરને માત્ર ૨૪ કલાકમાં બધા પ્લેટફોર્મ પર ૨૦૦ મિલિયન વ્યૂઝને વટાવી ગયા છે. પોસ્ટરમાં, યશ એક આકર્ષક લાલ પૃષ્ઠભૂમિ સામે રાઈફલ પકડીને જોવા મળે છે.નોંધનીય છે કે તારા અને વીરના બ્રેકઅપની અફવાઓ બે દિવસથી ઝડપથી ફેલાઈ રહી છે, પરંતુ અભિનેત્રીએ આ અફવાઓ પર કોઈ ટિપ્પણી કરી નથી. વીરે પણ આ બાબતે મૌન રાખ્યું છે. દરમિયાન, ચાહકોએ એ પણ જોયું કે વીરે ''ટોક્સિક'' ના ટીઝર પર કોઈ પ્રતિક્રિયા આપી નથી કે તેને તેના ઈન્સ્ટાગ્રામ પર શેર કરી નથી. આ બધા વચ્ચે, તારા અને વીર બંનેએ કથિત બ્રેકઅપ પર સંપૂર્ણ મૌન જાળવી રાખ્યું છે.બોલિવૂડના લોકપ્રિય નવા કપલનું બ્રેકઅપ થયું હોવાના અહેવાલ છે. આ સમાચાર ચાહકો માટે મોટા આઘાત સમાન છે, ખાસ કરીને કારણ કે તારા અને વીરે થોડા મહિના પહેલા જ સોશિયલ મીડિયા પર પ્રેમથી ભરેલી પોસ્ટ શેર કરીને તેમના સંબંધો જાહેર કર્યા હતા. અહેવાલ મુજબ, કપલની નજીકના સૂત્રોએ બ્રેકઅપની પુષ્ટિ કરી છે, જોકે તારા કે વીરે કોઈ નિવેદન આપ્યું નથી કે તેનો ઈનકાર કર્યો નથી. બ્રેકઅપનું ચોક્કસ કારણ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી.


અબ્દુલ મર્ચન્ટને હૃદયરોગનો હુમલો આવ્યો હતો

# ગાયક ગુલશન કુમારના હત્યારા અબ્દુલ મર્ચન્ટનું જેલમાં મોત



ગુલશન કુમાર હત્યા કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૬૦ વર્ષીય અબ્દુલ રૌફ મર્ચન્ટનું જેલમાં મૃત્યુ થયું છે. અહેવાલ છે કે અબ્દુલ લાંબા સમયથી બીમાર હતા. તાજેતરમાં તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું.અહેવાલો અનુસાર, રૌફને ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ હળવો હૃદયરોગનો હુમલો આવ્યો હતો, ત્યારબાદ તેમને શહેરની સરકારી વેલી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ, ૪ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, તેમના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો થયા પછી, તેમને જેલમાં પાછા મોકલવામાં આવ્યા હતા. જોકે, ગુરુવારે સવારે, તેમને બીજો ગંભીર હૃદયરોગનો હુમલો આવ્યો અને તેમનું મૃત્યુ થયું. આકસ્મિક મૃત્યુનો કેસ નોંધવામાં આવ્યો છે.૧૨ ઓગસ્ટ, ૧૯૯૭ ના રોજ, દક્ષિણ અંધેરીમાં જીતેશ્વર મહાદેવ મંદિરની બહાર ગુલશન કુમારને ધોળા દિવસે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ત્રણ હુમલાખોરોએ ગુલશન પર ૧૬ ગોળીઓ ચલાવી હતી, જે અંગરક્ષક વિના પૂજા માટે પહોંચ્યા હતા. રૌફ ત્રણ હુમલાખોરોમાંનો એક હતો. આ ઘટનામાં તેમના ડ્રાઈવરને પણ ગોળી વાગી હતી. ગુલશનનું હોસ્પિટલ જતા રસ્તામાં મૃત્યુ થયું હતું.ગુલશન કુમારની હત્યાને ફક્ત વ્યવસાયિક વિવાદ જ નહીં, પરંતુ અંડરવર્લ્ડ દ્વારા આતંક અને નિયંત્રણ સ્થાપિત કરવાનું કાવતરું માનવામાં આવતું હતું. ૧૯૯૦ ના દાયકામાં, મુંબઈના અંડરવર્લ્ડનો ફિલ્મ અને સંગીત ઉદ્યોગ પર ઊંડો પ્રભાવ હતો. અહેવાલો અનુસાર, ટી-સિરીઝના માલિક પાસેથી ખંડણી માંગવામાં આવી હતી, જેનો ઈનકાર કરવામાં આવ્યો હતો. આ કેસમાં, રૌફને ૨૦૦૨ માં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી અને ૨૦૦૩ માં હર્સુલ જેલમાં મોકલવામાં આવ્યો હતો.રૌફને બાદમાં ૨૦૦૯ માં પેરોલ પર મુક્ત કરવામાં આવ્યો હતો, પરંતુ તે છૂટ્યા પછી ફરાર થઈ ગયો હતો. લગભગ આઠ વર્ષ પોલીસ કસ્ટડીમાંથી બહાર રહ્યા બાદ, ૨૦૧૬-૧૭ ની વચ્ચે તેની ફરીથી ધરપકડ કરવામાં આવી હતી અને હર્સુલ જેલમાં પાછો મોકલવામાં આવ્યો હતો.


# ધનશ્રી સાથેના છૂટાછેડા અને ડેટિંગની અફવાઓ પર યુઝવેન્દ્ર ચહલે તોડ્યું મૌન



ટીમ ઈન્ડિયાનો સ્ટાર સ્પિનર યુઝવેન્દ્ર ચહલ છેલ્લા કેટલાક સમયથી મેદાન પરના પ્રદર્શન કરતા પોતાની પર્સનલ લાઈફને લઈને વધુ સમાચારોમાં રહ્યો છે. ખાસ કરીને અભિનેત્રી ધનશ્રી વર્મા સાથેના તેના છૂટાછેડાએ સોશિયલ મીડિયા પર અનેક અટકળો લગાવવામાં આવી રહી છે. લગ્નના ચાર વર્ષ બાદ આ જોડીએ અલગ થવાનો નિર્ણય લીધો હતો, જેના કારણે ચાહકોમાં આશ્ચર્ય ફેલાયું હતું. તાજેતરમાં ચહલે એક ઈન્ટરવ્યુ દરમિયાન પોતાના અંગત જીવન અને ટ્રોલિંગ અંગે મોકળા મને વાત કરી છે.ચહલે એક ઈન્ટરવ્યૂમાં સ્પષ્ટ કર્યું હતું કે તે હવે ધનશ્રી સાથેના છૂટાછેડાના મામલે અટવાયેલો રહેવા માંગતો નથી. તેણે જણાવ્યું કે, ''મારી જિંદગીનો એ એક ચેપ્ટર હતું જે હવે પૂરુ થઈ ગયું છે અને હું તેમાંથી બહાર નીકળી ગયો છું. મારે એ બાબતે કોઈ પ્રતિક્રિયા આપીને જૂની વાતોમાં અટવાઈ રહેવું નથી.'' ચહલે વધુમાં ઉમેર્યું કે તે અને ધનશ્રી બંને પોતપોતાની જિંદગીમાં ખુશ રહે તે જ સૌથી મહત્વનું છે.છૂટાછેડા બાદ ચહલનું નામ આરજે અને એક્ટ્રેસ મહવશ સાથે પણ જોડાયું હતું, ખાસ કરીને લંડનનો એક વીડિયો વાયરલ થયા બાદ લોકોએ તેમના રિલેશનશિપની વાતો શરૂ કરી હતી. જોકે, ચહલે આ અફવાઓ પર પૂર્ણવિરામ મુકતા કહ્યું કે તે અત્યારે 'હેપ્પી સિંગલ' છે અને મહવશ માત્ર તેની મિત્ર છે. સોશિયલ મીડિયા પર થતી ટ્રોલિંગ અને બોડી શેમિંગ અંગે તેણે કહ્યું કે શરૂઆતમાં આ વાતો તેને અસર કરતી હતી.

આ ફિલ્મમાં કાર્તિક આર્યન મુખ્ય રોલમાં છે

# રવિ કિશન નાગજિલ્લામાં વિલનના રોલમાં જોવા મળશે




રવિ કિશને કાર્તિક આર્યનની નાગજિલ્લા ફિલ્મમાં એન્ટ્રી લઈ લીધી છે. એક રિપોર્ટના અનુસાર, અભિનેતા આ ફિલ્મમાં વિલનના રોલમાં જોવા મળશે. અભિનેતા આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરવા ઉત્સાહિત છે. રિપોર્ટના અનુસાર, ફિલ્મમાં કાર્તિક આર્યન મુખ્ય રોલમાં હોવાથી તેની સામેનો વિલન પણ દમદાર હોવો જોઈએ તેમ નિર્માતાનું માનવું હતું. એટલું જ નહીં રવિ કિશન આ રોલ માટે પરફેક્ટ લાગ્ય ેહતો. રવિ કિશન એક સારો અભિનેતા છે તેમજ તેનું પાત્ર એકદમ રસપ્રદ છે. કાર્તિક આર્યન આ ફિલ્મમાં ઈચ્છાધારી નાગની ભૂમિકા ભજવી રહ્યો છે. આ ફિલ્મનું પ્રથમ પોસ્ટર એપ્રિલ મહિનામાં રિલીઝ કર્યું હતું.

લોકપ્રિય સીરિયલ 'ક્યૂંકી સાસ ભી કભી બહુ થી'ની બીજી સીઝનને દર્શકો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી રહી છે

# 'ક્યૂંકી સાસ ભી કભી બહુ થી' એ રેકોર્ડ બનાવ્યો, ૨,૦૦૦ એપિસોડ પૂરા કર્યા; એકતા કપૂરે ખુશી વહેંચી



લોકપ્રિય સીરિયલ 'ક્યૂંકી સાસ ભી કભી બહુ થી'ની બીજી સીઝનને દર્શકો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. દરમિયાન, તેણે એક નવો રેકોર્ડ બનાવ્યો છે. મૂળ રૂપે ૨૦૦૦ માં શરૂ થયેલા આ શોએ બે હજાર એપિસોડ પૂર્ણ કર્યા છે. આખી ટીમે ઉજવણી કરી. શોના નિર્માતા, એકતા કપૂરે પણ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને પોતાની ખુશી વ્યક્ત કરી.


એકતા કપૂરે તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વિડિઓ શેર કર્યો. તેણીએ શોની શરૂઆતથી તેની બીજી સીઝન સુધીની સફરના ક્ષણો દર્શાવ્યા. તેણીએ કેપ્શન આપ્યું, ''૨૦૦૦ એપિસોડ પૂર્ણ કરવામાં અમને ૨૫ વર્ષ લાગ્યા! ફક્ત આ સીમાચિહ્નની ઉજવણી કરવા માટે, અમે ૨૫ વર્ષ જૂના શોને પાછો લાવવાનું નક્કી કર્યું. તમારા બધાનો, ખાસ કરીને મા, અમર ઉપાધ્યાય, સ્મૃતિ ઈરાની, રાજુભાઈ, તનુ, અનંતિકા, સિદ્ધાર્થ, વરુણ, પ્રભજોત, શ્વેતા, ધીરજ અને બાલાજીનો આભાર. ઉપરાંત, 'ક્યુંકી...' ની આખી ટીમનો આભાર.'' જાહેરાત

એકતા કપૂરે આગળ લખ્યું, ''હું સ્ટાર પરિવારના દરેકનો આભાર માનવા માંગુ છું. ઉદય સર, કેવિન સર, સુમન્ટો, દીપક, અજય અને આખી સ્ટાર ટીમ. આ શો માટે આ એક ટૂંકી સફર રહી છે... અમે તે રીતે ઈચ્છતા હતા, પરંતુ... અમે આ ૨૦૦૦ એપિસોડને આગળ લંબાવ્યો છે. થોડા વધુ એપિસોડ માટે. પ્રેમ બદલ આભાર. હું હંમેશા તમારા બધાનો આભારી રહીશ. જય માતા દી. જય શ્રી કૃષ્ણ, જય બાલાજી.''

વિરાણી પરિવારનો વ્યવસાય ખોટમાં છે અને શાંતિ નિકેતન સંકટમાં છે. એ જોવું રસપ્રદ રહેશે કે શું તુલસી તેના પરિવારને મુશ્કેલીમાંથી બચાવશે? શું તુલસી અને મિહિર ફરી એક થશે? આ પ્રશ્નોના જવાબો આગામી એપિસોડમાં સ્પષ્ટ થશે. આ સિરિયલની આખી ટીમે શોના ૨૦૦૦ એપિસોડ પૂર્ણ થયાની ઉજવણી સાથે કરી હતી. અભિનેતા અમર ઉપાધ્યાય (મિહિર વિરાણી) એ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આની ઝલક શેર કરી હતી. 'ક્યુંકી...' ની બીજી સીઝનની વાર્તા વિશે વાત કરીએ તો, નોયનાને કારણે તુલસી અને મિહિર દૂર થઈ ગયા હતા. જોકે, તુલસી ફરી એકવાર મિહિરની સામે આવી ગઈ છે. વિરાણી પરિવારનો વ્યવસાય ખોટમાં છે અને શાંતિ નિકેતન સંકટમાં છે. એ જોવું રસપ્રદ રહેશે કે શું તુલસી તેના પરિવારને મુશ્કેલીમાંથી બચાવશે? શું તુલસી અને મિહિર ફરી એક થશે? આ પ્રશ્નોના જવાબો આગામી એપિસોડમાં સ્પષ્ટ થશે.

બોલીવુડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં ગઈ હતી

# મહાકાલની ભક્તિમાં ડૂબેલી શિલ્પા શેટ્ટી તેની બહેન સાથે ઉજ્જૈનમાં દર્શન કરવા પહોંચી



બોલીવુડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી, તેની બહેન શમિતા શેટ્ટી સાથે, ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં ગઈ હતી, જ્યાં તેઓએ મહાકાલેશ્વર જ્યોતિર્લિંગની પવિત્ર આરતીમાં ભાગ લીધો હતો. બંને બહેનો શનિવારે મોડી સાંજે પહોંચી હતી અને પરંપરા મુજબ, પ્રાર્થના કરી અને આશીર્વાદ મેળવ્યા હતા. આરતી સમારોહ દરમિયાન તેઓએ ભગવાન મહાકાલના દર્શન પણ કર્યા હતા. શિલ્પા અને શમિતા ભક્તિમાં ડૂબી ગયા હતા કારણ કે તેઓએ ઊંડા શ્રદ્ધાથી આરતી જોઈ હતી. તેઓએ આ પ્રસંગ માટે પરંપરાગત પોશાક પહેર્યો હતો. પોતાના અનુભવ વિશે બોલતા, ''ધડકન'' સ્ટાર શિલ્પા શેટ્ટીએ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને મુલાકાતને ખાસ ગણાવી, કહ્યું કે તે ટૂંક સમયમાં પાછા ફરવાની આશા રાખે છે. તેણીએ કહ્યું, ''લોકો અહીં પોતાની મેળે આવતા નથી, પરંતુ મહાકાલ પોતે અમને બોલાવે છે. એવું લાગે છે કે અમને આખરે અમારું આમંત્રણ મળ્યું છે. તે એક અનોખો અનુભવ હતો, અને તે પહેલી વાર હતું જ્યારે મેં શયન આરતીમાં ભાગ લીધો હતો. તે ખૂબ જ સારી રીતે આયોજન કરવામાં આવ્યું હતું. હું ફરીથી આવવા માંગુ છું.''ભગવાન શિવની સમર્પિત ભક્ત શમિતા શેટ્ટીએ સમાન લાગણીઓ વ્યક્ત કરતા કહ્યું કે આ મુલાકાતથી તેમને શાંતિ અને આધ્યાત્મિક સંતોષની લાગણી થઈ. તેણીએ કહ્યું, ''આ મારો અહીં પહેલો સમય છે, અને જેમ શિલ્પાએ કહ્યું, મને આખરે મારું આમંત્રણ મળ્યું. અને હું અત્યારે ખૂબ જ શાંતિ અનુભવું છું. તે અમારા બંને માટે અને હાજર દરેક માટે સુંદર રીતે ગોઠવવામાં આવ્યું હતું.'' ઉજ્જૈનમાં શિપ્રા નદીના કિનારે આવેલું મહાકાલેશ્વર મંદિર, ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગોમાંના એક તરીકે ખૂબ જ ધાર્મિક મહત્વ ધરાવે છે.

# પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે ૨૦૨૬ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સમાં શો ચોરી લીધો , બધાની નજર દેસી ગર્લ પર હતી



પ્રિયંકા ચોપરા, જે તેના પતિ નિક જોનાસ સાથે ૨૦૨૬ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સના રેડ કાર્પેટ પર સ્ટાઈલિશ રીતે દેખાઈ હતી, તેણે ચાહકોને તેની આગામી ફિલ્મ ''ધ બ્લફ'' ની ઝલક પણ આપી. એસોસિએટેડ પ્રેસ સાથેના પોતાના તાજેતરના પ્રોજેક્ટ વિશેના ઈન્ટરવ્યુમાં, દેસી ગર્લે માત્ર તેની આગામી ફિલ્મની રિલીઝ તારીખની પુષ્ટિ કરી નહીં, પરંતુ ફિલ્મની વાર્તા અને અન્ય વિગતો પણ જાહેર કરી. જોકે, ૨૦૨૬ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સમાં રેડ કાર્પેટ પર ચાલતી વખતે બધાની નજર પ્રિયંકા ચોપરા અને તેના પતિ નિક જોનાસ પર હતી.

પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે ફોટોગ્રાફરો માટે એકસાથે પોઝ આપતા હોલીવુડ-શૈલીના ગ્લેમરનો આનંદ માણ્યો અને રેડ કાર્પેટ પર ચાલતી વખતે એકબીજા પર પ્રેમ વરસાવ્યો. આ કપલના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા. પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે તેમના રેડ કાર્પેટ લુકસથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા. અભિનેત્રીએ અમૂલ્ય ડાયમંડ નેકપીસ સાથે નેવી ટાયર્ડ ડાયોર ગાઉન પહેર્યો હતો, જ્યારે નિક જોનાસે ક્લાસિક બ્લેક સૂટ પહેર્યો હતો. પ્રિયંકા પ્રેઝન્ટર તરીકે ઈવેન્ટમાં હાજરી આપી હતી. જેમણે જુલિયા રોબર્ટ્સ, જ્યોર્જ ક્લુની, માઈલી સાયરસ, ઓર્લાન્ડો બ્લૂમ, પામેલા એન્ડરસન, મેકોલે કલ્કિન, મેલિસા મેકકાર્થી, સ્નૂપ ડોગ અને ક્વીન લતીફા સાથે કામ કર્યું છે.પ્રસ્તુતકર્તાઓની લાંબી યાદીમાં અમાન્ડા સેફ્રાઈડ, એના ડી આર્માસ, આયો એડેબીરી, ક્રિસ પાઈન, કોલમેન ડોમિંગો, , વિલ આર્નેટ અને ઝો ક્રેવિટ્ઝનો પણ સમાવેશ થાય છે.

બોલિવૂડના સુપરસ્ટાર ગાયક પણ તેમની ઉદારતા માટે જાણીતા છે

# મીકા સિંહ આ કડકડતી ઠંડીમાં રખડતા કૂતરાઓ માટે તારણહાર બનીને ઉભરી આવ્યો



બોલિવૂડના સુપરસ્ટાર ગાયક પણ તેમની ઉદારતા માટે જાણીતા છે. તાજેતરમાં, મીકા સિંહે આ કડકડતી ઠંડીમાં રખડતા કૂતરાઓ માટે મોટું હૃદય દર્શાવ્યું છે, તેમની ૧૦ એકર જમીન દાન કરવાનું વચન આપ્યું છે. મિકાએ તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ વિશે એક પોસ્ટ શેર કરી છે. જેમાં તેમણે લખ્યું, ''રખડતા કૂતરાઓના કલ્યાણને નુકસાન પહોંચાડતી કોઈપણ કાર્યવાહીથી દૂર રહો'' અને રખડતા કૂતરાઓ સામે સંભવિત ન્યાયિક કાર્યવાહી અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે લખ્યું, ''મીકા સિંહ નમ્રતાપૂર્વક ભારતની માનનીય સુપ્રીમ કોર્ટને વિનંતી કરે છે કે તેઓ કૂતરાઓના કલ્યાણને પ્રતિકૂળ અસર કરતી કોઈપણ કાર્યવાહીથી દૂર રહેવાનો વિચાર કરે.'' પ્રાણી અધિકારોના હંમેશા કટ્ટર સમર્થક રહેલા મીકાએ આ ઉમદા કાર્ય પ્રત્યે પોતાની હૃદયપૂર્વકની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. તેમણે કૂતરાઓની સંભાળ, આશ્રય અને કલ્યાણ માટે સમર્પિત સુવિધા સ્થાપિત કરવા માટે પોતાની જમીન દાન કરવાની ઓફર કરી. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું, ''હું નમ્રતાપૂર્વક સબમિટ કરું છું .

સો.મીડિયા પર પોસ્ટ શેર કરી, જાન્યુઆરીથી પદ સંભાળવાનો ઉલ્લેખ

# ટ્રમ્પનો વધુ એક ધડાકો:પોતાને કાર્યકારી રાષ્ટ્રપતિ જાહેર કર્યા

## વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસને કસ્ટડીમાં લઈને ન્યૂયોર્ક લાવવામાં આવ્યા હતા

• વોશિંગ્ટન ડીસી

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાને વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ગણાવ્યા છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટ કરી છે. તેમાં ટ્રમ્પની તસવીર સાથે 'એક્ટિંગ પ્રેસિડેન્ટ ઓફ વેનેઝુએલા' લખેલું છે. પોસ્ટમાં જાન્યુઆરી 2026થી પદ સંભાળવાનો ઉલ્લેખ છે.આ ઉપરાંત, ટ્રમ્પે પોતાને અમેરિકાના 45માં અને 47માં રાષ્ટ્રપતિ તરીકે પણ દર્શાવ્યા છે. આ પોસ્ટને લઈને વ્હાઈટ હાઉસ કે અમેરિકી પ્રશાસન તરફથી કોઈ ઔપચારિક નિવેદન સામે આવ્યું નથી.આ પહેલા આ મહિને અમેરિકાએ વેનેઝુએલા વિરુદ્ધ મોટા પાયે કાર્યવાહી કરી હતી.આ કાર્યવાહીમાં વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસને કસ્ટડીમાં લઈને ન્યૂયોર્ક લાવવામાં આવ્યા હતા.ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે વેનેઝુએલાનું પ્રશાસન અમેરિકા જ ચલાવશે. આ ત્યાં સુધી ચાલશે, જ્યાં સુધી ત્યાં સુરક્ષિત સત્તા પરિવર્તન ન થઈ જાય. ટ્રમ્પનું કહેવું છે કે તેઓ આ જોખમ નથી ઈચ્છતા કે કોઈ એવી વ્યક્તિ સત્તામાં આવે જે વેનેઝુએલાના લોકોના હિતોનું ધ્યાન ન રાખે. અમેરિકાના એક પૂર્વ ગુપ્ત અધિકારીએ જણાવ્યું કે આ પ્રકારના લક્ષણો ડાયરેક્ટેડ એનર્જી હથિયારો સાથે મેળ ખાય છે. તેમના મતે, આવા હથિયારો માઈક્રોવેવ અથવા લેઝર જેવી ઊર્જાનો ઉપયોગ કરે છે અને તેનાથી દુખાવો, રક્તસ્ત્રાવ અને શરીરને ટૂંકા ગાળાનો લકવો થઈ શકે છે.ગાર્ડે એમ પણ કહ્યું કે આ કાર્યવાહી પછી સમગ્ર લેટિન અમેરિકામાં ડરનો માહોલ છે, ખાસ કરીને ત્યારે જ્યારે તાજેતરમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે હવે મેક્સિકો પણ લિસ્ટમાં છે. ગાર્ડે તેને અમેરિકા સામે લડવાનું વિચારનારાઓ માટે ચેતવણી ગણાવી અને કહ્યું કે આ ઘટનાની અસર માત્ર વેનેઝુએલા પૂરતી મર્યાદિત રહેશે નહીં. માદુરો સત્તા પરથી હટ્યા પછી વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ



અને રોડ્રિગ્ઝને ગયા અઠવાડિયે દેશના વચગાળાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લેવડાવવામાં આવ્યા હતા. ટ્રમ્પના મતે, વચગાળાની સરકાર અમેરિકાને 3 થી 5 કરોડ બેરલ ઉચ્ચ ગુણવત્તાવાળું, પ્રતિબંધિત તેલ સોંપશે, જેને બજાર ભાવે વેચવામાં આવશે.ટ્રમ્પે કહ્યું કે તેલના વેચાણમાંથી મળતી રકમ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે તેમના નિયંત્રણમાં રહેશે, જેથી તેનો ઉપયોગ વેનેઝુએલા અને અમેરિકાના લોકોના હિતમાં કરી શકાય. તેમણે ઉર્જા સચિવ ક્રિસ રાઈટને આ યોજનાને તાત્કાલિકલાગુ કરવાના નિર્દેશ આપવાની વાત પણ કહી છે.ટ્રમ્પે એક્સોન મોબીલ, કોનોકોફિલિપ્સ, શેવરોન જેવી મોટી અમેરિકન કંપનીઓના અધિકારીઓ સાથે બેઠક કરી. તેમણે કહ્યું કે અમેરિકા નક્કી કરશે કે કઈ કંપનીઓ વેનેઝુએલામાં જશે અને રોકાણ કરશે.શેવરોનના વાઈસ ચેરમેન માર્ક નેલ્સને જણાવ્યું કે તેમની કંપની વેનેઝુએલામાં રોકાણ કરવા પ્રતિબદ્ધ છે અને તે હજુ પણ ત્યાં કામ કરી રહી છે. ઘણી નાની કંપનીઓ અને રોકાણકારો પણ બેઠકમાં સામેલ થયા, જેમણે ટ્રમ્પની નીતિઓની પ્રશંસા કરી અને રોકાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી.વ્હાઈટ હાઉસ તરફથી આ વાત પર કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી કે પ્રેસ સેક્રેટરી દ્વારા શેર કરાયેલી આ પોસ્ટને સરકારી પુષ્ટિ માનવામાં આવે કે નહીં. જ્યારે, વેનેઝુએલાના ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે 3 જાન્યુઆરીએ થયેલી આ કાર્યવાહીમાં લગભગ 100 સુરક્ષાકર્મીઓના મોત થયા હતા, જોકે, તે સ્પષ્ટ નથી કે તેમાંથી કેટલા મોત આ ગુપ્ત હથિયારથી થયા હતા.અમેરિકાના એક પૂર્વ ગુપ્ત અધિકારીએ જણાવ્યું કે આ પ્રકારના લક્ષણો ડાયરેક્ટેડ એનર્જી હથિયારો સાથે મેળ ખાય છે. તેમના મતે, આવા હથિયારો માઈક્રોવેવ અથવા લેઝર જેવી ઊર્જાનો ઉપયોગ કરે છે અને તેનાથી દુખાવો, રક્તસ્ત્રાવ અને શરીરને ટૂંકા ગાળાનો લકવો થઈ શકે છે.ગાર્ડે એમ પણ કહ્યું કે આ કાર્યવાહી પછી સમગ્ર લેટિન અમેરિકામાં ડરનો માહોલ છે, ખાસ કરીને ત્યારે જ્યારે તાજેતરમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે હવે મેક્સિકો પણ લિસ્ટમાં છે. ગાર્ડે તેને અમેરિકા સામે લડવાનું વિચારનારાઓ માટે ચેતવણી ગણાવી અને કહ્યું કે આ ઘટનાની અસર માત્ર વેનેઝુએલા પૂરતી મર્યાદિત રહેશે નહીં.

ગ્રીનલેન્ડની આસપાસ રશિયા અને ચીનના યુદ્ધ જહાજોની હાજરી છે

# ગ્રીનલેન્ડ ભાડાપટ્ટે નથી જોઈતું, માલિક બનીશું ટ્રમ્પની વધુ એક ધમકીથી યુરોપમાં ચિંતા વધી

• વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે, કે અમેરિકા ગમે તે ભોગે ગ્રીનલેન્ડ લઈને જ રહેશે.ટ્રમ્પનો દાવો છે કે જો અમેરિકા ગ્રીનલેન્ડ પર કબજો નહીં કરે તો ચીન અથવા રશિયા કબજો કરી લેશે.

એર ફોર્સ વન વિમાનમાં પત્રકારો સાથે વાતચીતમાં ટ્રમ્પે કહ્યું છે, હું નથી ઈચ્છતો કે રશિયા અથવા ચીન ગ્રીનલેન્ડ લઈ લે. હું વાતચીતના માધ્યમથી ડીલ કરવાનું પસંદ કરીશ. ડીલ કરવી જ સરળ રહેશે, પણ છેવટે ગમે તે ભોગે ગ્રીનલેન્ડ લઈને જ રહીશું. પત્રકારોએ જ્યારે ટ્રમ્પને પૂછ્યું કે શું તેઓ ગ્રીનલેન્ડ લેવા માટે સૈન્ય કાર્યવાહી કરવા આદેશ આપશે? તો તેમણે કહ્યું, કે અમેરિકાનું ધ્યાન માત્ર ગ્રીનલેન્ડ પર અધિકાર સ્થાપિત કરવા પર છે. અમને ગ્રીનલેન્ડ લીઝ પર અથવા




થોડા સમય માટે નથી જોઈતું. પણ અમે ગ્રીનલેન્ડના એકમાત્ર માલિક બનવા માંગીએ છીએ. ટ્રમ્પે વધુમાં કહ્યું, કે ગ્રીનલેન્ડની સુરક્ષા વ્યવસ્થા ખૂબ નબળી છે.ત્યાં નામ પૂરતી સુરક્ષા થઈ રહી છે. ગ્રીનલેન્ડની આસપાસ રશિયા અને ચીનના યુદ્ધ જહાજોની હાજરી છે. ત્યાં અમેરિકાની સેનાની માત્ર હાજરીથી કામ નહીં થાય.અમને ગ્રીનલેન્ડની માલિકી જોઈએ છે. નોંધનીય છે કે ગ્રીનલેન્ડ ડેન્માર્કનું એક સ્વાયત્ત ક્ષેત્ર છે. આર્કટિકમાં શિપિંગ રૂટ અને મિલીટરી કોરિડોરના કારણે ગ્રીનલેન્ડનું ખૂબ મહત્ત્વ રહ્યું છે.

# હાઈવે પર વાહન રોક્યું તો એઆઈ કેમેરા કંટ્રોલ રૂમને જાણ કરશે

• નવી દિલ્હી

નેશનલ હાઈવે પર 30 ટકા એકિસડન્ટ રસ્તા પર ઉભેલા વાહનોના કારણે થાય છે. તેને રોકવા માટે હવે એઆઈ કેમેરાની મદદ લેવામાં આવશે. હવે કોઈ વાહન હાઈવે પર 2 મીનીટથી વધુ સમય પણ ઉભું રહ્યું તો એઆઈ કેમેરા તેની સૂચના કંટ્રોલ રૂમને મોકલશે. એ વાહનોને તાત્કાલીક હટાવી દેવાશે. જે અકસ્માતોનું કારણ બને છે.

હાઈ-વે પર ટ્રાફિક વ્યવસ્થામાં પણ આ ટેકનિક મહત્વની ભૂમિકા ભજવશે. પહેલા તબકકામાં આ ટેકનિક ત્રણ એક્સપ્રેસ-વે દિલ્હી-મુંબઈ, પૂર્વાંચલ અને અમદાવાદ-વડોદરા પર પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરી દેવાયો છે.માર્ગ પરિવહન તેમજ હાઈવે મંત્રાલયે આ સંદર્ભમાં હાલમાં જ એક પરિપત્ર જાહેર કર્યો છે. યોજના અંતર્ગત એક્સપ્રેસ-વે પર હાઈ-ડેફિનેશન એઆઈ કેમેરા લગાવવામાં આવી રહ્યા છે. જે માત્ર વોચ જ નહીં રાખે, બલ્કે મેન્સીંગ ટેકનિકથી સંભવિત ખતરાની પણ ઓળખ કરશે.આ ટેકનિકનો મુખ્ય ઉદેશ હાઈ-વે પર ઉભા રહેલા કે ખરાબ વાહનોની ઓળખ કરી કંટ્રોલ રૂમને સૂચના આપવાનો છે, જેથી વાહનચાલકોને ચેતવણી મોકલી શકાય અને દુર્ઘટના ટાળી શકાય. વાહન બે મિનિટ પણ રસ્તા પર ઉભું રહ્યું તે એઆઈ સિસ્ટમથી તરત એલર્ટ મોકલાશે.

'હિંમત હોય તો મારા પગ કાપી બતાવો'

# 'હું મુંબઈ આવું છું, હિંમત હોય તો...', રાજ ઠાકરેની ધમકી બાદ અન્નામલાઈની MNSને ચેલેન્જ

• મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં અત્યારે 'રસમલાઈ' અને 'પગ કાપી નાખવા' જેવી ટિપ્પણીઓએ ભારે ખળભળાટ મચાવ્યો છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(MNS) પ્રમુખ રાજ ઠાકરે અને ભાજપના નેતા કે. અન્નામલાઈ વચ્ચે ચાલી રહેલા આ શાબ્દિક યુદ્ધે હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે.ચેન્નાઈમાં મીડિયા સાથે વાત કરતા કે. અન્નામલાઈએ રાજ ઠાકરે અને તેમના સમર્થકોને સીધી ચેતવણી આપી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'હું મુંબઈ જરૂર આવીશ. જો તમારામાં હિંમત હોય તો મારા પગ કાપીને બતાવો. હું ગર્વથી કહું છું કે હું એક ખેડૂતનો દીકરો છું અને આવી પોકળ ધમકીઓથી હું જરાય ડરતો નથી. મને ધમકાવનારા આદિત્ય ઠાકરે કે રાજ ઠાકરે આખરે છે કોણ?'આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે રાજ ઠાકરેએ અન્નામલાઈ માટે 'રસમલાઈ' શબ્દનો ઉપયોગ કરીને કટાક્ષ કર્યો હતો. તેમજ મનસે કાર્યકર્તાઓ એટલા રોષે ભરાયા હતા કે તેમણે અન્નામલાઈ મુંબઈ આવશે તો તેમના પગ કાપી નાખવાની ધમકી આપી હતી. અન્નામલાઈએ આ અંગે વળતો પ્રહાર કરતા કહ્યું કે, 'મનસે માત્ર મને ગાળો આપવા માટે સભાઓ ભરી રહ્યું છે, જે સાબિત કરે છે કે મારું રાજકીય મહત્ત્વ વધી રહ્યું છે.'તેમજ અન્નામલાઈએ કહ્યું કે, 'જો હું ડરતો




હોત તો પોતાના ગામમાં જ હોત. મુંબઈ એક ગ્લોબલ સિટી છે અને મારા નિવેદનોનો ખોટો અર્થ કાઢવામાં આવી રહ્યો છે.'કે. અન્નામલાઈએ રાજ ઠાકરે અને તેમના સમર્થકોની વાતોને સાવ અજ્ઞાનતાથી ભરેલી ગણાવી છે. તેમણે તર્ક આપ્યો કે, 'જો હું કામરાજને ભારતના મહાન નેતા કહું, તેમની તમિલ ઓળખ ભૂંસાઈ જતી નથી, તેવી જ રીતે મુંબઈના વખાણ કરવા એ કોઈ સંસ્કૃતિની વિરુદ્ધ નથી. એવામાં હવે આગામી BMC(મુંબઈ મહાનગરપાલિકા) ચૂંટણીઓને જોતા આ વિવાદ મહારાષ્ટ્રના રાજકારણમાં મોટો વળાંક લાવી શકે છે.

કોલકાતા ડિબેટિંગ સર્કલ' દ્વારા આયોજિત એક ચર્ચામાં ભાગ લીધો હતો

# 'હિન્દુ ધર્મ મહાન છે પણ એને હિન્દુત્વથી જ ખતરો..' મણિશંકર અય્યરનું વધુ એક ચર્ચાસ્પદ નિવેદન

• નવી દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે રવિવારે 'કોલકાતા ડિબેટિંગ સર્કલ' દ્વારા આયોજિત એક ચર્ચામાં ભાગ લીધો હતો. 'હિન્દુત્વથી હિન્દુ ધર્મને સુરક્ષાની જરૂર છે' વિષય પર બોલતાં અય્યરે હિન્દુત્વને એક રાજકીય વિચારધારા ગણાવી તેની આકરી ટીકા કરી હતી.

મણિશંકર અય્યરે કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, 'હિન્દુત્વ એ વાસ્તવમાં હિન્દુ ધર્મ નથી પણ એક 'પેરુનોઈયા'(ડરની માનસિકતા) છે. જ્યાં 80% હિન્દુઓને 14% મુસ્લિમો સામે ડરવા માટે મજબૂર કરવામાં આવે છે. જેમાં એક ભાજપ નેતા એક અંધ, ભૂખી આદિવાસી છોકરીને થપ્પડ મારે છે, કારણ કે તે ચર્ચમાં ક્રિસમસ લંચમાં હાજરી આપે છે. તેમજ શોપિંગ મોલ્સમાં જઈને ક્રિસમસની સજાવટ તોડવી એ બધુ હિન્દુત્વના નામે થઈ રહ્યું છે.'મણિશંકર અય્યરે હિન્દુ ધર્મ અને હિન્દુત્વ વચ્ચેનો પાયાનો તફાવત સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, 'હિન્દુ ધર્મ એ હજારો વર્ષ જૂનો, મહાન અને ગહન આધ્યાત્મિક વારસો ધરાવતો ધર્મ છે, જ્યારે હિન્દુત્વ એ માત્ર 1923માં અસ્તિત્વમાં આવેલી એક અર્વાચીન રાજકીય વિચારધારા છે.' તેમણે ભારપૂર્વક કહ્યું કે, 'હિન્દુ ધર્મએ સદીઓથી અનેક પડકારો અને મુશ્કેલીઓનો સફળતાપૂર્વક સામનો કર્યો છે.

અને તે હંમેશા સુરક્ષિત રહ્યો છે, તેથી તેને બચાવવા માટે હિન્દુત્વ જેવી કોઈ અલગ સુરક્ષા કે રક્ષણની ક્યારેય જરૂર નહોતી. મહાત્મા ગાંધી અને સ્વામી વિવેકાનંદ જેવા મહાનુભાવો દ્વારા પ્રસ્તુત ઉદાર અને સર્વસમાવેશી હિન્દુ ધર્મને સાવરકરના હિન્દુત્વવાદી વિચારો દ્વારા ક્યારેય પ્રોત્સાહન આપી શકાય નહીં અથવા તેની સાથે જોડી શકાય નહીં.'

વીર સાવરકરનો ઉલ્લેખ કરતાં અય્યરે દાવો કર્યો કે, 'સાવરકરે બૌદ્ધ ધર્મને હિન્દુઓ માટે ખતરો ગણાવ્યો હતો કારણ કે તેમાં અહિંસા પર ભાર મૂકવામાં આવ્યો હતો. હિન્દુ ધર્મ હજારો વર્ષ જૂનો છે જે સાવરકરના હિન્દુત્વ વગર પણ સમૃદ્ધ અને મજબૂત છે. ગાંધીજી અને સ્વામી વિવેકાનંદનો હિન્દુ ધર્મ અહિંસા પર આધારિત છે.

# હિમાચલના સોલનમાં ભીષણ આગ, બાળકી જીવતી સળગી

• હિમાચલ પ્રદેશ

હિમાચલ પ્રદેશના સોલન જિલ્લાના અર્કી બજારમાં રવિવારે મધ્યરાત્રિએ ભીષણ આગ ફાટી નીકળી. આ દુર્ઘટનામાં આઠ વર્ષની એક બાળકી જીવતી સળગીને મૃત્યુ પામી, જ્યારે 8 લોકો હજુ પણ ગુમ હોવાનું કહેવાય છે. ગુમ થયેલા લોકોમાં 2 મહિલાઓ, 2 પુરુષો અને 4 બાળકોનો સમાવેશ થાય છે, જેના કારણે વિસ્તારમાં ભય અને ચિંતાનો માહોલ છવાયો છે. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર આગની શરૂઆત બજાર વિસ્તારમાં આવેલા એક રહેણાંક બે માળના મકાનમાંથી થઈ. તેના નીચેના માળે દુકાનો અને ઉપરના માળે નેપાળ અને બિહારના મજૂરો રહેતા હતા. થોડી જ વારમાં આગે આસપાસની દુકાનો અને અન્ય ઈમારતોને પોતાની ઝપેટમાં લઈ લીધી. આ દરમિયાન એક પછી એક ઘણા એલપીજી સિલિન્ડર ફાટ્યા, જેના કારણે આગ વધુ ભડકી ઉઠી. આનાથી પરિસ્થિતિ વધુ ભયાવહ બની ગઈ. સિલિન્ડરોના ધડાકાના અવાજથી સમગ્ર બજાર વિસ્તારમાં ભય ફેલાઈ ગયો. સ્થાનિક લોકો પ્રશાસન પાસેથી અસરગ્રસ્ત પરિવારો માટે તાત્કાલિક રાહત, વળતર અને સુરક્ષિત પુનર્વસનની માંગ કરી રહ્યા છે. પ્રશાસને ખાતરી આપી છે કે ઘટનાની તપાસ કરવામાં આવશે અને પીડિતોને શક્ય તમામ મદદ પૂરી પાડવામાં આવશે. સમાચારને સતત અપડેટ કરવામાં આવી રહ્યા છે.

માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો. જોકે, ત્યાં સુધીમાં ઘણી દુકાનો સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગઈ હતી અને લાખો રૂપિયાનો સામાન નષ્ટ થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક ધારાસભ્ય સંજય અવસ્થી પણ ઘટનાસ્થળે પહોંચ્યા. તેમણે જણાવ્યું કે આગ રાત્રે લગભગ અઢી વાગ્યે ભભૂકી ઉઠી હતી. હાલ આગ લાગવાના કારણો જાણી શકાયા નથી. ધારાસભ્યએ કહ્યું કે જે લોકો ગુમ હોવાનું કહેવાય છે, તેમની શોધખોળ માટે રાહત અને બચાવ કાર્ય સતત ચાલુ છે. કાટમાળ હટાવવાનું કામ પણ કરવામાં આવી રહ્યું છે, જેથી ગુમ થયેલા લોકોને વહેલી તકે શોધી શકાય.

ગુજરાતમાં PM મોદી અને મર્જની બેઠક:

# ભારત અને જર્મની વચ્ચે શિક્ષણથી લઈને સેમિકંડક્ટર સુધી 4 મહત્ત્વપૂર્ણ MoU


• મુંબઈ

ભારત અને જર્મની વચ્ચે આજે 12 જાન્યુઆરીના રોજ સંરક્ષણ અને ટેકનોલોજી ક્ષેત્રે મહત્વના કરાર થયા, PM મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્જે ક્રિટિકલ મિનરલ્સ, સેમીકંડક્ટર અને શિક્ષણ સહિત મોટા 4 MoUs (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) પણ કર્યા, PM મોદીએ બંને દેશો વચ્ચે થયેલા કરારોને ભરોસાનું પ્રતીક જણાવી સંરક્ષણ વ્યાપાર અને રોડમેપ તૈયાર કરવાની વાત કરી.

12 જાન્યુઆરી ભારત માટે કૂટનૈતિક અને ભવિષ્યની રણનીતિને લઈને ખૂબ જ ખાસ દિવસ રહ્યો, એક તરફ સમગ્ર દેશ સ્વામી વિવેકાનંદની જયંતી મનાવી રહ્યો છે, તો બીજી તરફ ગુજરાતથી ભારત અને જર્મનીના સંબંધોનો નવો પાયો નાખવામાં આવ્યો છે. જર્મન ચાન્સેલરની ભારત યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે એવા કરારો થયા જેની સીધી અસર સુરક્ષા, શિક્ષણ, ટેકનિકલ વિકાસને થશે, PM મોદી અને જર્મન ચાન્સેલર વચ્ચે માત્ર વાતચીત જ નહીં પણ ભવિષ્યને ધ્યાનમાં રાખીને સંરક્ષણથી લઈને સેમીકંડકટર સુધી આવનારા પડકારોને ઝીલવાનો રોડમેપ પણ તૈયાર કરવામાં આવ્યો. આ હાઈ પ્રોફાઈલ મુલાકાત પર દુનિયાની નજર હતી, જેમી 4 મુખ્ય MoUs (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) થયા, જેના પર બંને દેશોએ મંજૂરીની મહોર લગાવી, સૌથી અગત્યનો કરાર ક્રિટિકલ મિનરલ્સ, સેમીકંડકટરને લઈને થયો, આજના ડિજિટલ યુગમાં મોબાઈલથી લઈને મિસાઈલ સુધી દરેક જગ્યાએ સેમીકંડકટરની જરૂર પડી રહી છે, તેવામાં જર્મનીનો સાથ મળશે તો ભારતની ટેકનિકલ ક્ષમતાઓને નવી ગતિ મળશે. આ ઉપરાંત સંરક્ષણ કરાર પર એક સંયુક્ત ઘોષણાપત્ર પણ જાહેર કરવામાં આવ્યું, PM મોદીએ સાફ શબ્દોમાં કહ્યું કે રક્ષા અને સુરક્ષામાં બંને દેશોનો સહકાર પરસ્પર ભરોસાનું પ્રતીક છે, બંને દેશ હવે સંરક્ષણ વેપારને આગળ વધારવા રોડમેપ તૈયાર કરશે.

તરૂણોને પ્રેમ બાદ સહમતિથી બંધાયેલા સંબંધો બાદ પોક્સોમાં ફસાતા અટકાવવામાં મદદ કરશે

# બાળકોના સંરક્ષણ માટે બનાવાયેલા પવિત્ર કાયદાનો ઉપયોગ અંગત દુશ્મનાવટ કાઢવા થાય છે :સુપ્રિમ




• નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે બાળકોના શારીરિક શોષણથી બચાવવા માટે બનાવાયેલા ડ઼ઘઈજઘ અધિનિયમના વધતા દુરૂપયોગ અંગે ગંભીર ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે, આ કાયદો બાળકોની સુરક્ષા માટે એક પવિત્ર અને સારા ઈરાદાનું પ્રતીક છે.

જો કે અનેક કિસ્સામાં તેનો હથિયાર તરીકે ઉપયોગ થાય છે. કોર્ટે કહ્યું કે, આ કાયદાને ખાસ કરીને તેવા કિસ્સામાં ખૂબ જ દુરુપયોગ થઈ રહ્યો છે જ્યાં કિશોરો (ટીનેજર્સ) વચ્ચે સંમતિથી સંબંધો બંધાયા હોય, પરંતુ પરિવારનો વિરોધ હોય. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ સમસ્યા અંગે ગંભીરતાથી વિચાર કરવા માટે જણાવ્યું છે.આવા કિસ્સામાં રાહત આપવા માટે રોમિયો-જુલિયેટ ક્લોઝ લાવવા અંગે પણ વિચાર કરવા માટે જણાવ્યું છે, જેથી વાસ્તવિક ટીનેજર્સ પાર્ટનર્સને બિનજરૂરી ગુનાઈત કાર્યવાહીથી બચાવી શકાય. ન્યાયમૂર્તિ સંજય કરોલ અને ન્યાયમૂર્તિ એન.કોટેશ્વર સિંહની પીઠે અલ્હાબાદ હાઈકોર્ટના એક ચુકાદા અંગે વ્યાપક નિર્દેશોને રદ કરતા કેન્દ્ર સરકારને રોમિયો-જુલિએટ ક્લોઝ નો સમાવેશ કરવા માટેની ભલામણ કરી છે.આ ક્લોઝ તરૂણોને પ્રેમ બાદ સહમતિથી બંધાયેલા સંબંધો બાદ પોક્સોમાં ફસાતા અટકાવવામાં મદદ કરશે. કાયદાકીય કઠોરતાથી બચાવશે. જ્યાં બન્ને પક્ષો સંમતીથી સંબંધોમાં હોય અને ઉંમરનું ખુબ જ સામાન્ય અંતર હોય.સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી ઉત્તર પ્રદેશ રાજ્ય વિરુદ્ધ અનુદ્ધ મામલે આવી છે. આ કેસમાં અલ્લાહાબાદ હાઈકોર્ટે POCSO નાં એક કિસ્સામાં આરોપીના જામીન આપતા સમગ્ર રાજ્યમાં લાગુ થનારા કેટલાક નિર્દેશ આપ્યા હતા.જેમાં ઉલ્લેખ હતો કે, POCSO ના કેસની શરૂઆતમાં પીડિતાની ઉંમરનો મેડિકલ ટેસ્ટ ફરજિયાત કરાવવામાં આવે અને કોર્ટ શાળા અથવા જન્મતારીખના દાખલા અંગે શંકા જતા જ જામીન ફગાવી દેવામાં આવે.તેઓ પોક્સો કાયદાના દુરુપયોગ અટકાવવા ના ઉપાયો અંગે વિચાર કરો. કોર્ટે ભલામણ કરી કે અનેક દેશોની જેમ ભારતમાં પણ રોમિયો-જુલિએટ ક્લોઝ લાવવામાં આવી શકે છે, જેમાં સંમતિ વાળા, ઉંમરના નજીક કિશોર સંબંધોને ગુનાઈત કાર્યવાહીથી બહાર રાખવામાં આવી શકે છે.